કુમાર


સંસ્થાપક • રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક **તંત્રી બચુભાઈ રાવત** વર્ષ બત્રીસમું અંક ચોથો એપ્રિલ ૧૯૫

અંક ૩૭૬



દાંડિયા રાસ: કલમના આડાઅવળા ઝડપી છરકાથી આલેખાએલો આ કાચો ખસરો, જેમાં પૂરી આકૃતિ પણ ઉપસતી નથી, તેને અહીં પૃષ્ઠ ઉપર અગ્રસ્થાન કેમ આપ્યું હશે એમ ઘણાને થશે. એની સમજ આ અંકમાં અન્યત્ર વિગતવાર આપી છે. સ્કેચ : **પ્રદ્યુમ્ન તન્ના**



ગાડીમાં સંકટ સમયે ખેંચવાની સાંકળથી તો સૌ પરિચિત હશે. એ સાંકળ, કે એવી જ રીતે ગાર્ડના ડબામાં તથા એંજિનમાં પણ કરેલી એ સાદી યાંત્રિક રચનાનો એક હાથો માત્ર ખેંચતાં જ ચાલતી ગાડી પણ કેમ ઊભી રહી જાય છે એ આ આકૃતિઓમાં બતાવ્યું છે. એંજિન તેમજ ગાડીના દરેક ડબામાં, નીચે એક નળાકાર ગોળ પેટી હોય છે. આ પ્રત્યેક પેટી સાથે 'ટ્રેઈન-પાઈપ' જોડેલો હોય છે, જેને એંજિનમાં રહેતા 'ઇજેક્ટર' સાથે સંબંધ હોય છે. 'સ્ટીમ ડોમ'માંથી એક નળી દ્વારા આ ઇજેક્ટરમાં દબાણ સાથે વરાળ આવે છે. આ વરાળની આવજા ઉપર, ઇજેક્ટરની એરડિસ્ક સાથે જોડેલા કૅમ દ્વારા સંચાલિત એક વાલ્વનો કાબૂ રહે છે. અંદર આવતી આ વરાળ ઇજેક્ટરના 'એક્ઝૉસ્ટ પાઈપ'માંથી બહાર નીકળી જાય છે. આની સાથોસાથ ટ્રેઇન-પાઈપમાંની હવા પણ બહાર શોષાઈ આવે છે. અને આથી ટ્રેઈન-પાઇપ તથા તેની સાથે જોડાએલી નળાકાર પેટીઓમાં પણ શૂન્યાવકાશ થાય છે. નળાકાર પેટીમાં શૂન્યાવકાશ થતાં, એ પેટીમાં હવાના દબાણે અદ્ધર રહેતો પિસ્ટન નીચો ઊતરી આવે છે અને એથી એની સાથેના દાંડા તથા ઉચ્ચાલનની ગોઠવણને લીધે ગાડીનાં પૈડાંને લાગેલી બ્રેક છૂટે છે. ગાડી ઊભી રાખવા જ્યારે ઇજેક્ટરનું હૅંડલ ખેંચી એરડિસ્કનાં કાંણાં દ્વારા (અથવા ગાર્ડના ડબામાંનો વાલ્વ ખોલીને કે સંકટ વેળા આપણે સાંકળ ખેંચીને સેફ્ટીવાલ્વ ખોલી તે દ્વારા) ટ્રેઈન-પાઈપમાં હવા દાખલ કરીએ છીએ ત્યારે તે હવા નળાકાર પેટીમાં પ્રવેશતાં તેમાંનો પિસ્ટન અધ્ધર ધકેલાઈ ને વરે બ્રેકનો દાંડો ખેંચાઈ બધાં પૈડાં પર બ્રેકના દટ્ટા દબાતાં ગાડી ઊભી રહે છે.

કુમાર

એપ્રિલ ૧૯૫૫

અંક ૩૭૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

વાચકો લખે છે

કુમારમાં પક્ષીઓ માટેની લેખમાળામાં 'ફ્લેમિંગો' સંબંધી એક માહિતીપ્રચુર લેખ આવી ગયો છે.

ફ્લેમિંગો અંગ્રેજી નામ છે. આ રણ-બગલાને કચ્છમાં હંજ તરીકે ઓળખે છે. હંજ--હંસનું અપભ્રંશ પણ હોય. આ ફ્લેમિંગો કચ્છના મોટા રણમાં ચોમાસાના પાણી સુકાતાં ભેજવાળી જમીનમાં માળા બાંધે છે.

વિશ્વમાં મોટામાં મોટી ફ્લેમિંગોની વસાહત કચ્છના રણમાં છે. અને હાલ સ્વીટ્ઝરલૅન્ડમાં ભરાએલ આંતરરાષ્ટ્રીય પક્ષીચાહક સંમેલનમાં કચ્છના રણની વસાહતે દરેક રાષ્ટ્રોના પ્રતિનિધિઓનું લક્ષ્ય ખેંચ્યું હતું. આ હકીકત જેટલી ગર્વ લેવા જેવી છે તેટલી જ કમનસીબીની પણ છે; કેમકે હમણાં કંડલા-ડીસા રેલવેના કન્સ્ટ્રકશનના નાના રણમાં મોટો સળંગ બંધ બંધાતાં, મોટા રણમાં દર વર્ષે આવતું પાણીનું વહેણ સદાને માટે બંધ થઈ ગયું, તે સાથે જ આ દુનિયાભરની ફ્લેમિંગો વસાહત બંધ થઈ જવાની ભીતિ પણ સેવાઇ રહી છે!

(ભુજ) —હરિપ્રસાદ કે. જેઠી

થોડા દિવસ પહેલાં દાક્તરીના બીજા વર્ષમાં ભણતાં અને અભ્યાસમાં તેજસ્વી એવાં એક બહેનને મેં ચાલુ માસનું 'કુમાર' વાંચી જવા આગ્રહ કર્યો. સહજ રીતે, મેં તેમના મૅટ્રિક સુધીના અભ્યાસ દરમ્યાન આ માસિક તેમના જોવામાં આવેલું કે કેમ તે વિષે પૂછ્યું. તેમણે શહેરની એક મોટી શાળામાં અભ્યાસ કર્યો છે છતાં 'કુમાર'નું નામ પણ સાંભળ્યું નથી એમ તેમણે જણાવ્યું ત્યારે મને સખેદ આશ્ચર્ય થયું.

શિક્ષક તરીકે મેં વિચાર્યું કે આમાં દોષ કોનો? આ માસિક તો બધી જ માધ્યમિક શાળામાં આવે છે એ વાતમાં શંકા લાવવાની જરૂરનથી.તો દોષ અમારો શિક્ષકોનો ગણાય.

આવી ઘટનાના ઉપાય તરીકે અને વિદ્યાર્થીઓમાં વાચનની ભૂખ અને શોખ લાગે તે માટે શાળાના પ્રાતઃ સંમેલનમાં પ્રસંગોપાત્ત 'કુમાર'ની વાનગી આપતા રહેવાનોહું ખયાલ રાખું છું. આમ કરવાથી બધા જ વિદ્યાર્થીઓ 'કુમાર' કે અન્ય માસિકોના નિયમિત વાચક બને એવો દાવો તો ન જ થાય. તેમ છતાં ઉપર ટાંકેલા દાખલામાં રજૂ થયેલું અજ્ઞાન તો કોઈ ન જ બતાવે. વાંચનાલય કે પુસ્તકાલય પાછળ ખરચેલાં નાણાંનું વધુ ને વધુ વળતર મળે તે માટે શાળામાં કોઇ ને કોઇ યોજના, સંચાલકો કરતા રહે તે સૌ કોઇ સ્વીકારશે.

(સચીન) —બટુક નાયક

૩૭૪મા અંકમાં ભાઈ હેમેન્દ્ર દલાલ જણાવે છે કે કુલ ૯૮ તત્ત્વો હજુ સુધી શોધાયાં છે; પણ હું જાણું છું ત્યાં સુધી અત્યાર અગાઉ કુલ ૧૦૦ તત્ત્વો શોધાયાં છે, ને તે પરથી છેલ્લા તત્ત્વનું નામ પણ 'સેન્ચ્યુરીઅમ' અપાયું છે.

(આણંદ) —જયંતીલાલ પટેલ

આપણે જાણીએ છીએ કે મનુષ્ય પ્રાણીમાં હૃદય ડાબા પડખે આવેલું છે; પરન્તુ મુજપુરના એક ભાઈનું હૃદય જમણા પડખે આવેલું છે અને હાલ તેમની ઉમર ૪૦-૪૫ વર્ષની થઇ છે.

(ઉમતા) —અમીરખાં ચૌહાણ

કુમાર માર્ચ '૫૫ના છેલ્લા પાને 'આખલાની આગળ ચાલતાં...'ના અનુસંધાનમાં બનારસ અને બલિયા યુ. પી.ના મારા વસવાટ દરમ્યાન, હિંદી ઉક્તિ અવારનવાર સાંભળવા મળતી: 'અમલદારકે સામને ઔર ઘોડેકે પીછે સે બચના ચાહિએ.'

આમ તો, દેશભેદે કહેવતો ફરતી હશે એમ પણ લાગે છે: ગુજરાત સૌરાષ્ટ્રમાં, પહેલાં, મીઠાનો વેપાર નિકૃષ્ટ ગણાતો હશે, જ્યારે યુ. પી.માં આ પ્રકારે સાંભળ્યું: 'ગુડ લાગે હરામજાદા, નિમક લાગે શાહજાદા.' ગોળની પેદાશ ત્યાં વધારે એટલે નાણાં ભેગા નહીં થતાં હોય, જ્યારે મીઠાંનાં વેપારમાં મૂડી રોકાય અને મૂડી મૂડી ખેંચી લાવે એટલે શાહજાદા થવાતું હશે એમ માનવું રહ્યું.

(ગોધરા-કચ્છ) —અમૃતલાલ ગણાત્રા

માર્ચ માસની ફોટોહરીફાઈમાં નોંધપાત્ર નીવડેલું શ્રી ભગવતીબેન પટેલનું 'પંડાં' ચિત્ર એપ્રિલ '૫૦ના 'કુમાર'માં પણ ફોટોહરીફાઇના અનુલક્ષમાં જ 'વરાળયંત્ર' શીર્ષક હેઠળ પ્રકાશિત થયું હતું અને નોંધપાત્ર નીવડ્યું હતું, તે પ્રત્યે હું આપનું ધ્યાન દોરું છું. જોકે આ વખતે પણ તેમનું ચિત્ર કોઈ ઇનામને પાત્ર ઠર્યું નથી છતાં ય 'કુમાર'ની જ ફોટોહરીફાઈમાં એકના એક ચિત્ર પર ફરીફરીને ઈનામ મેળવવાની વૃત્તિ ઘણી નિંદનીય કહેવાય. વળી, મુખ્યત્વે ફોટોકલાને ઉત્તેજન આપવા માટે યોજાતી આવી હરીફાઇઓમાં એક પ્રકારની ખેલદિલીની અપેક્ષા પણ હમેશાં રખાય છે.

(મુંબઈ) —અશ્વિન મહેતા

[આવી ફરિયાદના બીજા અનેક પત્રો અમને મળ્યાછે.અમારીસરતચૂકમાટે દિલગીર છીએ. એ મોકલનારને તો અમે શું કરીએ?]

માર્ચના 'કુમાર'ના અંકમાં છેલ્લા પાનાઉપર છપાએલું છે કે 'પૃથ્વીના ઉત્તર-દક્ષિણ ધ્રુવના બે છેડાઓમાંથી અદૃશ્ય વિદ્યુતપ્રવાહ વહ્યા જ કરે છે.' તે ખોટું છે. માત્ર પૃથ્વીના દક્ષિણ ધ્રુવના છેડામાંથી ઉત્તર ધ્રુવના છેડાતરફ ચૂંબકબળ રેખાઓ વહે છે.

(સૂરત) —મધુસૂદન ના. વ્યાસ

માર્ચના કુમારમાં શ્રી અકબરભાઈ નાગોરીના 'માટીનું રેફ્રીજરેટર' ઉપરના લેખ બદલ અભિનંદન.

ભારતમાં બિનકેળવાએલ લોકોનું પ્રમાણ વધારે છે, તેથી તેને વાપરતાં પહેલાં કેટલાક નિયમો જાણી લેવા જરૂરી છે; નહિ તો આવું રેફ્રીજરેટર વાપરવામાં ફાયદા કરતાં ગેરફાયદાઓ થવાનો વધારે સંભવ છે. પ્રથમ તો તેમાં રાખવામાં આવતું પાણી દરરોજ બદલાવું જોઇએ; નહિ તો કેટલાંક જંતુઓ ઉત્પન્ન થવાને કારણે ખોરાક દૂષિત થવાનો સંભવ છે. બીજું ઉપર રાખવામાં આવતું ઝીણું કપડું પણ દરરોજ બરાબર સાફ થવું જરૂરી છે અને રેફ્રીજરેટરને પણ થોડેક થોડેક દિવસે યોગ્ય રીતે સ્વચ્છ કરવું જોઇએ.

(ચાંગા) —હ. છ. ભાવસાર



(પોરબંદર) —દેવજીભાઈ



આ અંકમાંના 'ગુજરાતની ગુપ્તકાલીન શિલ્પસમૃદ્ધિ'વાળા લેખમાં નિર્દેશેલું ચિત્ર ૨૧. વિશ્વરૂપ વિષ્ણુ અથવા મહાવિષ્ણુ: શામળાજીમાંથી મળેલું ગુપ્તયુગનું એક વિશિષ્ટ શિલ્પ જેની શૈલી સમસ્ત પશ્ચિમ હિંદમાં વ્યાપ્ત હતી અને જેની અસર દક્ષિણમાં છેક એલિફન્ટાની ત્રિમૂર્તિ ઉપર પડેલી સ્પષ્ટ લાગે છે. (ડૉ. મંજુલાલ મજમુદારનાં સૌજન્યથી)



પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવજી ('ગુજરાતની ગુપ્તકાલીન શિલ્પસમૃદ્ધિ'વાળા લેખમાં નિર્દેશેલું ચિત્ર નં. ૩૦)વડોદરા પાસે અકોટામાંથી મળેલી પાંચમી સદીની આ અદ્વિતીય ધાતુપ્રતિમા સારા યે ભારતવર્ષમાંથી મળેલી શ્વેતાંબર (સવસ્ત્રી) તીર્થંકર-પ્રતિમાઓમાં જૂનામાં જૂની છે. ૩૨.૫ ઇંચ ઊંચી આ અદ્દ્ભુત સુંદર પ્રતિમાના મુખનાં ચિત્રો 'કુમાર' માં અગાઉ બેત્રણ વખત (એક વખત તો આર્ટપ્લેટ તરીકે) પ્રકટ થઇ ગયાં છે. આંતરમગ્ન, સત્ત્વશાળી ને ઓજસ્વી મુદ્રાવાળી આ મૂર્તિ ગુજરાતનું એક મોઘું પ્રતિમારત્ન છે.
(ફોટો: ઉમાકાન્ત શાહ)



પુષ્પવતી=પ્રથમ વયમાં આવતી કન્યાને સ્નાન બાદ દેવમંદિરે દર્શન, પૂજન આદિ કરાવીને ધામધુમથી ગૃહપ્રવેશ કરાવવાના મલબારના રિવાજનું આલેખન
કલાકાર : શ્રી કે. કે. હેબર (સ્વ. હરિશ્ચન્દ્ર ભટ્ટના સંગ્રહમાંથી)

વામન

· સવૈયા ·

અહંકારનો કોલાહલ જ્યાં નહીં, નહીં જ્યાં શાસન,
હિરણ્યને બાજઠ મખમલનું જહીં ન ઊંચું આસન:
મન જેનું છે વિનમ્ર, બલિની સલામર્ડી જે વામન,
ત્રણે લોક એને પગલે છે પદાક્રાંત ને પાવન.

રાજેન્દ્ર શાહ

બગડેલો દિવસ

· પૃથ્વી ·

સવાર પડતાં ન દાતણ મળ્યું, ચિડાયો જરા,
છતાં તરત વાપર્યા ન કટુ શબ્દના કાંકરા.
કહો, કમનસીબ કેવું! નહિ ચા ય સારી મળી,
બીમાર વહુ પીરસી ગઇ દુણાયલી ખીચડી.
છતાં ય થઇ વીતરાગ, ઘરબ્હાર હું નીસર્યો,
મળી ન બસ–ટ્રામ, ટૅક્સી કરી વ્યર્થ ખર્ચો કર્યો!
ઘરે ક્ષુભિત સાંજના નહિ જમ્યો સુખે સ્વાદથી,
જમ્યા જ કરતો હતો દિવસની દુખી યાદથી.
ગયો દિવસ કેરકેર કંઇ વ્યર્થ કંકાસતો,
વીતી ગઇ વિચારમાં જ મધરાત નિઃશ્વાસમાં:
અનિદ્ર અકળાઈને તરફડ્યો, ન'તી શુદ્ધિ ચે–
તહીં જ ગમગીન આ હૃદયને કહ્યું બુદ્ધિએ:
સ્મરે, ફરીફરી સ્મરે ગત વ્યથા તણી વાત કાં?
ખરાબ દિન તો ગયો, પણ બગાડવી રાત કાં?

વેણીભાઇ પુરોહિત

નહિ રાત વીતી!

· મિશ્ર ·

રખે પ્રવેશે મુજ ઓરડામાં
કોઈ–વિચારી
મેં બંધ કીધાં અતિ કાળજીથી
સૌ દ્વાર–બારી.
ને કાળ વીત્યો બહુ, પામી હું તો
સલામતી પૂર્ણ.–ન જાણ્યું માત્ર
કે વિશ્વ આખું ત્યજી અંધકાર
સહસ્ર તેજે ઝળકંત દિવ્ય!
અંધારમાં કેવળ હું જ અંધ?
...મુજ દ્વાર બંધ!

ગીતા પરીખ

પાત્રતા

નિકટ જે હોય તે મંઝિલ નથી, કિન્તુ ઉતારો છે,
સરળતા–મંદિરે દેવી સફળતાની નથી હોતી.
કરે છે સિદ્ધિના સાગર કસોટી પાત્રતા કેરી,
કિનારે છીપલાં રાખે, અને ઊંડાણમાં મોતી.

ગની

નાલેશીની બારીઓ

મૉસ્કોમાં જો કોઈ સૌથી વિચિત્ર દેખાવ લાગતો હોય – અને તે માત્ર પરદેશી આગંતુકોને જ નહિ, પણ ખુદ મૉસ્કોવાસીઓને પણ વિચિત્ર લાગતો હોય તો તે ત્યાંની 'નાલેશીની બારીઓ'નો. મૉસ્કોના મોટા મોટા રસ્તાઓ પૅટ્રોવ્કા, ત્વેરસ્કાયા, ને મ્યાસ્નીત્સ્કાયા જેવા રાજમાર્ગો પર લોકોનાં ટોળેટોળાં, કેટલીક દુકાનોની જંગી કાચ-બારીઓ (શૉપ વિન્ડોઝ) આગળ ઊભાં ઊભાં અંદર કુતૂહલથી જોતાં હોય છે. એમના એટલા આકર્ષણનું કારણ શું હશે? તમને થશે કે સુંદર ને કલાત્મક વસ્તુઓની ત્યાં દિલચસ્પ ગોઠવણી કરી હશે.

પણ એમાં તો એક મોટા સફેદ પડદા પર, જાડા ઉઠાવદાર કાળા અક્ષરો વડે લખ્યું હોય છે 'શરમ!' અને અંદર મૂક્યા હોય છે વાંકાં તળિયાં ચોડેલા જોડા, ગંદી રંગાએલી વસ્તુઓ, કરડાએલા હાથાવાળી છત્રીઓ, કરચલી પડેલી સિલાઈવાળાં કપડાં, સાંધા ન મળ્યા હોય એવી બનાવટની નાની મોટી વસ્તુઓ – આમ, કારખાનાંઓમાં જે જે કાંઈ ખરાબ, ખામીવાળો માલ બન્યો હોય તે મૂકેલો હોય છે, અને સાથે લખેલાં હોય છે તે બનાવનાર ગુનેગાર કારખાનાંઓનાં તથા કામગારોનાં નામ!

દેશના નામને બટ્ટો લગાડે એવો ખામીભર્યો માલ ઉત્પન્ન કરનારાઓનો આપણે ત્યાં પણ તોટો નથી. ઉપલા કિસ્સામાં તો બિનઆવડત કે બેદરકારી જ જવાબદાર હશે; પણ આપણે ત્યાં તો બંગભંગની સ્વદેશીની ચળવળનો ગેરલાભ ઉઠાવવા ભારોભાર કાંજી નાખીને અક્કેલી દીવેલા મચ્છરદાની જેવા કાપડથી માંડીને પાંત્રીસ ઇંચના વારના હિસાબે તાકા બાંધનારા જેવા તો સમાજના પહેલા નંબરના ગુનેગારો પડ્યા છે. એટલે માત્ર બિનઆવડતથી ખરાબ માલ કાઢનાર નઠોર કામગારોની જ નહિ, પરંતુ ઉપર્યુક્ત ગુના કરનારા રીઢા સમાજશત્રુઓની સાન ઠેકાણે લાવવા માટે આવી 'નાલેશીની બારીઓ' જેવો કોઈ રસ્તો આપણે પણ લેવો જોઈએ.

નમ્ર સેવક અને નીડર સુધારક નવા કૉંગ્રેસ-પ્રમુખ

ભારતને એક ખૂણે આવેલા નાનકડા પ્રાન્ત સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઈના અખિલ ભારત કૉંગ્રેસ-પ્રમુખપદે નિમણૂક થતાં ઘણાને વિસ્મય થયું. દેશના ઘણા લોકો ને આગેવાનો સુદ્ધાંએ પણ જેની કારકિર્દી તો શું, પરંતુ નામ ય ન સાંભળ્યું હોય તે વ્યક્તિની દેશના સર્વોચ્ચ ગણાતા વડા પ્રધાનપદ પછીના બીજા ઊંચા હોદ્દે નિમણૂક થાય ત્યારે વિસ્મય ફેલાય તે સ્વાભાવિક છે.

પરંતુ તે પદે તેમની નિયુક્તિની ઘોષણા ખુદ જવાહરલાલે જ કરી. દેશના પ્રશ્નો અને પરિસ્થિતિના ઊંડાણપૂર્વક વિચાર કરનાર દરેકે તેમની તે નિમણૂકને બહાલી આપી. આમ જેનું નામ દેશનો મોટો ભાગ ન જાણતો હોય, ને છતાં જેની કૉંગ્રેસપ્રમુખપદ જેવા ઉચ્ચ હોદ્દા પર નિમણૂક કરવા દેશના પીઢ હિતચિંતકો માત્ર ઇચ્છા જ નહીં, પરંતુ સાથોસાથ આગ્રહ પણ રાખતા હોય તે વ્યક્તિના વિકાસ અને સિદ્ધિનો ઇતિહાસ પણ એવો જ વિસ્મયકારી હોવો જોઈએ.

ઢેબરભાઈનું આખું નામ છે ઉછરંગરાય નવલશંકર ઢેબર. તેમનો જન્મ સૌરાષ્ટ્રના જામનગરથી અગિયાર માઈલ દૂર આવેલા, પચાસ માણસની પણ માંડ વસતિ ધરાવતા ગંગાજળા નામના ગામે ઈ. ૧૯૦૫ના સપ્ટેમ્બરની ૨૧મીએ થએલો. પિતા ગરીબ સ્થિતિના નાગર ગૃહસ્થ હતા. આઠ ભાંડુ-પાંચ બહેન અને ત્રણ ભાઈઓ-માં ઉછરંગરાય પાંચમું સંતાન હતા. નવ જણાંના બહોળા કુટુમ્બનો નિર્વાહ, રાજકોટથી બહાર પડતા એક સાપ્તાહિકપત્ર 'કાઠિયાવાડ ટાઈમ્સ'ની આછીપાતળી નોકરી વડે પિતા કરતા. 'આકરામાં આકરી પરિસ્થિતિ આવી પડે છતાં સચ્ચાઈ ન છોડવી' એ સિદ્ધાંતને જીવનમંત્ર બનાવનાર પિતા શ્રમ-સાદાઈની જીવતી મૂર્તિ જેવા હતા. બાળકો સાદાઈ ને શ્રમ શીખે તે માટે વાળવું-ચોળવું, વાસણ માંજવાં, પાણી ભરવું, રાંધવું વગેરે ઘરગથ્થુ કામ બાળકોને જ તેઓ સોંપતા. કુટુંબને સહવા પડતા અનેક વિષમતાભર્યાં સંઘર્ષોએ કુમારવયના ઉછરંગરાય આગળ જીવનને તેના વાસ્તવિક સ્વરૂપે રજૂ કરી દીધેલું. એક તરફ કેડ ભાંગી નાખે તેવી મુસીબતો, અને બીજી તરફ તે સહુ સામે ઝઝૂમનારા કોઈની યે સહાય વગરના એકલા પિતા નવલશંકર. તો ય જીવનના સત્ય પ્રત્યે એમની એ જ શ્રદ્ધા, એ જ નિષ્ઠા. પિતાની એ આદર્શ મૂર્તિ ઉછરંગરાયના કુમળા બાળહૃદયમાં કદી ન ભૂંસી શકાય એવી દૃઢ આલેખાઈ ગઈ.

પત્રકારત્વમાં કુટુંબનું પૂરું ભરણપોષણ થતું ન હોવાથી નવલશંકર મુંબાઈની બાબુ પન્નાલાલ ઝવેરીની પેઢીમાં નોકરી કરવા જોડાયા. તેથી ઉછરંગરાયને પણ રાજકોટની તાલુકા શાળામાંથી મુંબાઈના 'ટ્યુટોરિયલ હાઈસ્કૂલ'માં દાખલ કરવામાં આવ્યા. અહીંના માતુશ્રી ઊજમબાઈનું તેમને લાંબા સમયથી લાગુ પડેલા ક્ષયરોગથી અવસાન થતાં ઉછરંગરાય પાછા રાજકોટ આવ્યા અને ૧૯૨૨ના રાજકોટની સૌરાષ્ટ્ર હાઇસ્કૂલમાંથી મૅટ્રિક પાસ કરી તે ફરી મુંબાઈના સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થયા. પરંતુ નસીબ જાણે બે ડગલા આગળ હોય તેમ કૉલેજને પહેલે વર્ષે જ પદાર્થવિજ્ઞાનના વિષયમાં ચાર ગુણ ખૂટતાં તે નાપાસ થયા, અને કપરી હાડમારીમાં પિસાતા કુટુમ્બને લક્ષ્યમાં લઈને એમણે કૉલેજ છોડી. પિતાએ પોતાના મિત્રની એક પેઢી 'મેસર્સ હીરાલાલ ઍન્ડ કંપની, સૉલિસિટર્સ'ના ટપાલરવાનગીના ખાતાના કારકુન તરીકે એમને મૂક્યા. પરિશ્રમ ને ફુરૂપાવ એમના નાનપણના હતા. તેમનું કામ જોઈને તુરત તેમને સૉલિસિટરની ઑફિસના ખાતામાં લાવ્યા, અને મૅનેજરના જેટલું વેતન તેમને મળવા લાગ્યું.

સૉલિસિટરની ઑફિસમાંની આ નોકરી દરમિયાન ઉછરંગરાયે ઘેર બેસી કાયદાનો અભ્યાસ આદર્યો અને ૧૯૨૮માં 'બૉમ્બે હાઈકોર્ટ પ્લીડર્સ એક્ઝામિનેશન'માં તે બેઠા, જેમાં 'હિંદુ કાયદો' એ વિષયમાં નોંધપાત્ર ઉચ્ચ ગુણ પ્રાપ્ત કર્યા. ત્યારે પિતા માંદગીને બિછાને હતા અને રાજકોટ જઈ આરામ કરતા હતા, એટલે વકીલાતની પરીક્ષા પાસ કરી ઉછરંગરાય સીધા પિતાની સેવાચાકરી માટે રાજકોટ ગયા. માંદગી દિનપ્રતિદિન વધતી જતી હતી. પિતાની સેવાચાકરી કરવામાં એમણે કશું બાકી ન રાખ્યું. પિતા વારંવાર તેમને મુંબાઈ જઈ નોકરીએ ચડવા અને અભ્યાસ આગળ વધારવા સમજાવતા; પણ પિતૃસેવા આગળ તે બધું તુચ્છ સમજી લાગટ આઠ માસ સુધી, દિવસ-રાત જોયા વિના તેમણે પિતાની સેવાચાકરીમાં જ ચિત્ત પરોવ્યું. અખૂટ જહેમત ને કાળજી લેવાયા છતાં તેમની તબિયત સુધરી જ નહિ. અને પિતૃવિહોણા થએલા ઉછરંગરાય નિરાશ છતાં અપ્રત્યાહત હૃદયે જીવનને જીરવવા વધુ કટિબદ્ધ થયા.

અહીંથી ઢેબરભાઈના જીવનનો નવો જ અને ભવિષ્યની કારકિર્દીનો સૂચક એવો મહત્ત્વનો તબક્કો આરંભાય છે. ૨૪ વર્ષની વયે તેમણે રાજકોટમાં વકીલાત શરૂ કરી. લોકોના કાવાદાવાને ગાઈવગાડી ફુલાવી મૂકનાર અન્ય વકીલો કરતાં તેમનું જીવન નિરાળું જ હતું. પોતે ન્યાય અને નીતિ માટે આ ધંધામાં પ્રવેશ્યા છે, અન્યાય કે અનીતિ માટે નહિ—એમ માનીને પોતાની પાસે આવેલા ઝઘડાઓને ત્યાં ને ત્યાં પતાવવામાં જ તેઓ પ્રવૃત્ત રહેતા. આ નીતિ એમની આર્થિક આવક માટે ઘણી વાર ઘાતક નીવડતી; પણ પોતે તો ન્યાયના એક અદના સેવક છે એમ ગણી તે બધું તેઓ હસતે મોંએ ગૌરવપૂર્વક સહી લેતા. વકીલાતની સાથોસાથ તેમણે જીવન વિશે વિશાળ વાચન અને અધ્યયન આદર્યાં. રશિયન લેખક ટૉલ્સ્ટૉય ત્યારના તેમના પ્રિય લેખક હતા. તેનું 'ત્યારે કરીશું શું?' ('વૉટ મસ્ટ વી ડૂ?') પુસ્તક તો તેમને માટે પ્રેરણાકોશ સમું બન્યું. તરુણ વકીલ ઢેબરભાઈ ચોમેરની લોકસ્થિતિ જાણવા અનેક વાર બહારગામ નીકળી પડતા. જીવનની કઠિનતા તો તેઓ હાલ સુધી અનુભવતા આવ્યા હતા; પણ અહીં જે તેમણે જોયું તે તો તેના કરતાં પણ દુઃસહ્ય હતું. ચોમેર ફેલાએલી ગરીબીએ તેમને જેટલા નિરાશ ને દુઃખી ન કર્યા એટલા તે ગરીબીમાંથી જન્મતી અસહ્ય લાચારીએ કર્યા. આ જ વખતે ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ તરફથી સૌરાષ્ટ્રમાં ત્યારે પડેલા દુષ્કાળનું નિરીક્ષણ કરવા મોરારજીભાઈ દેસાઈ નીકળેલા. તેમના સંપર્કથી ઢેબરભાઈને એ ભીષણ ગરીબી ને અસહ્ય લાચારીનો ઉકેલ લાધ્યો; ઉપરાંત તેમના હૃદયમાં રમી રહેલ દેશપ્રેમના સ્રોતને પણ તેથી માર્ગ મળ્યો. એ માર્ગ તે દેશસેવા. ઈ. ૧૯૩૬ના એક સવારે તેમણે દેશસેવાને જ પોતાના એકમાત્ર ધ્યેય તરીકે અપનાવવાનો નિર્ણય કરી લીધો. રાજકોટથી પાંચ માઈલ દૂર થોરાળા નામનું નાનકડું ગામ તેમણે પોતાના કાર્યક્ષેત્ર તરીકે પસંદ કર્યું. એ વખતે મહાત્માજી તેમના ભાઈ ખુશાલચંદ બીમાર હોવાથી તેમની તબિયતના સમાચાર લેવા રાજકોટ આવેલા. ઢેબરભાઈ તેમને મળ્યા. બાપુજીએ તેમને હાર્દિક આશીર્વાદ આપ્યા અને કહ્યું : 'સૌરાષ્ટ્રને તમારી જરૂર છે.' બાપુજીના સત્ય ને અહિંસાના સિદ્ધાન્તો તેમણે શિરે ચડાવ્યા. જેમ જેમ તેઓ વિચારતા ગયા તેમ તેમ ગાંધીવાદ તરફ તેમની શ્રદ્ધા દૃઢ થતી ગઈ. અને અંતે ૧૯૩૬ને ગાંધીસપ્તાહ દરમ્યાન તેમણે કાયદાનો ધંધો છોડી પછાત ગામડાંઓને

ઢેબરભાઇ

ઉદ્ધાર અર્થે કામે લાગી જવાનો પોતાનો નિર્ણય લોકસમુદાય સમક્ષ જાહેર કર્યો અને તે જ દિવસથી ભાવનાપૂત હૈયે તેમણે દેશના ચરણો-માં પોતાનું જીવન ધરી દીધું.

ત્યાર પછીની એમની કારવાઈમાં જેમ સૌરાષ્ટ્રે ઢેબરભાઇને ઘડ્યા, તેમ સાથેસાથે ઢેબરભાઇએ સૌરાષ્ટ્રને પણ ઘડ્યું એમ કહેવું ઘટે. સૌરાષ્ટ્રની જાગૃતિના ઇતિહાસની સાથોસાથ તેમનું નામ જોડાએલું છે, એટલું જ નહિ પણ તે નામ સૌથી અગ્રભાગે છે, સૌરાષ્ટ્રની અવ-નતિમાંથી ઉન્નતિના તેઓ સાક્ષી અને પુરસ્કર્તા બંને છે. ઈ. ૧૯૩૬-ના ડિસેમ્બર માસમાં ફૈઝપુર મુકામે ભરાએલા કોંગ્રેસના અધિવેશનમાં તેઓ હાજરી આપવા ગયા ત્યારે સૌરાષ્ટ્રના પ્રશ્નો–જેનો ઉકેલ શોધવા તેઓ અહર્નિશ મથતા હતા તેનો ઉકેલ તેમને મળી ગયો: એ ઉકેલ હતો સૌરાષ્ટ્રની સમસ્ત રાજકીય જાગૃતિનો. આપખુદ ને ભયંકર રાજા-શાહી તેમજ જમીનદારશાહીના ખપ્પરમાં હોમાઇને પોતાનું હીર ખોઈ ચૂકેલી પ્રજા માત્ર તે માર્ગે જ ઊંચી આવી શકે એમ તેમને જણાયું. અધિવેશન વખતે સરદાર પટેલ સાથે આ બાબત તેમણે લાંબી વિચા-રણા ચલાવી, અને સરદારની શીખ તથા અનુમોદનને માથે ચડાવી તેમણે સૌરાષ્ટ્રને સૈકાઓની ઊંઘમાંથી જગાડવાનું કાર્ય ઉપાડી લીધું.


રાજકોટના દરબારને સૂતરની એક મિલ હતી. પોતા પર ઉપરીઓ તરફથી ગુજરાતા અત્યાચારો સામે વિરોધ રૂપે ત્યાંના મજૂરોએ ભેગા થઇને ઢેબરભાઈની દેખરેખ નીચે 'રાજકોટ મિલ કામદાર મઝદૂર સંઘ' સ્થાપ્યો. દીવાન વીરાવાળાને આની જાણ થતાં તરત તેમણે તે સંઘ-ના ૧૪ સભ્યોને રાજકોટની હદપાર કર્યા. ત્યારે ઢેબરભાઇ ધંધૂકામાં ચૂંટણીપ્રચારના કાર્યમાં પ્રવૃત્ત હતા. હદપારીના ખબર સાંભળી તરત તેઓ રાજકોટ આવ્યા અને દીવાનને મળ્યા. ઢેબરભાઈ પાસે એક જ વાત હતી: '૧૪ કામદારોની હદપારીનો હુકમ પાછો ખેંચો, નહિતર કાલથી કામદાર સંઘ લડત શરૂ કરે છે.' દીવાનસાહેબે સાંભળ્યે રાખ્યું. બીજે દહાડે નીકળેલું વિરાટ લોકસરઘસ સૌરાષ્ટ્રની જાગી ગએલી પ્રજાના ચેતનનું પ્રતીક હતું. વર્ષો સુધી પ્રજાની મોટી કે નાની—કોઇ જાતની ફરિયાદને દાદ જ નહિ દેનાર દીવાને બીજે જ દહાડે હદપારી-નો હુકમ પાછો ખેંચી લીધો.

સૌરાષ્ટ્રમાં રાજકીય જાગૃતિ આણવા અગાઉ ઈ. ૧૯૨૧માં 'કાઠિ-યાવાડ રાજકીય પરિષદ' સ્થપાએલી. પરંતુ ધીમેધીમે તેની પ્રવૃત્તિ ઓછી થતી જઈ આખરે તેનું કામ તદ્દન બંધ પડી ગયું હતું. સૌરાષ્ટ્રના કોંગ્રેસ કાર્યકરો અને રાજકોટ યુવક મિત્રમંડળના સભ્યોનો સહકાર મેળવી ઢેબરભાઇએ આ રાજકીય પરિષદને પુનર્જીવિત કરવાની યોજના ઘડી. ગાંધીજીની પણ તેને સંમતિ મળી. રાજકોટના દીવાન અને રાજવી બંને છઠ્ઠા જ્યૉર્જની તાજપોશી અર્થે લંડન ગયા હતા. તેથી ઢેબરભાઈ-એ રાજકોટ રાજ્યના રેસિડેન્ટ મેજર હાર્વેની સંમતિ મેળવી પરિષદના અધિવેશનની તૈયારીઓ આરંભી. લંડનથી દીવાન વીરાવાળાનો મેજર હાર્વે પર સંદેશ આવ્યો કે આ પરિષદ ભરવા ન દેવી. પણ પરિષદમાં રાજકીય બંધારણનો કોઈ ખાસ મુદ્દો છંછેડાશે નહિ એ પ્રકારની લાંબી સમજાવટ મેજર હાર્વે સાથે કરીને પરિષદ માટે તેમણે મંજૂરી મેળવી લીધી. પરિષદના પ્રમુખ હતા સ્વ. ગોપાળદાસ દેસાઇ. પરિષદના મુખ્ય મહેમાનોમાં સરદાર પટેલ પણ હતા. ચૂંટણી દરમ્યાન ધંધૂકામાં ઢેબર-ભાઈના પ્રચારકાર્યથી તેઓ અત્યંત પ્રભાવિત બન્યા હતા. અને તેમની ચકોર આંખે, ઊભા થતા આવતા સૌરાષ્ટ્રના દર્શન ઢેબરભાઈમાં કર્યાં.



ઢેબરભાઇએ પરિષદમાં ખાસ રાજકીય મુદ્દાઓ ન છંછેડાય તેની શાણ-વટપૂર્વક કાળજી રાખી. પરિષદમાં હાજરી પણ સારા પ્રમાણમાં હતી. લોકો જાગવા માંડ્યા હતા. પરિષદ સફળ થઇ; પણ દીવાન વીરાવાળા આ સાંખી શક્યા નહિ. દરબારશાહીએ ચારેબાજુ પાથરેલી લોહી-ચૂસણી જાળને તોડવાનું આ શસ્ત્ર ઊભું કરનાર ઢેબરભાઇને અટકમાં લેવાનો લાગ તેઓ શોધવા લાગ્યા. જન્માષ્ટમીને દિવસે ખેલાતા જુગાર, અને એ જુગાર વધુ ને વધુ પ્રમાણમાં ખેલાય તે માટે દરબારો તરફ-થી અપાતા ઇજારા સામે ઢેબરભાઇએ તેનો વિરોધ પોકાર્યો. આ લાગ જોઇને દીવાન વીરાવાળાએ તેમની ધરપકડ કરી અટકમાં લીધા. પણ આ ધરપકડે તો દીવાનસાહેબ માટે વાતાવરણને ઊલટું વધુ ઉગ્ર સર્જી દીધું. વધુ ને વધુ લોકો પોતપોતાની ધરપકડો કરાવવા દરબાર આગળ ઊમટ્યા. દરબાર સમજી ગયા કે લોકોને ઠેકાણે લાવવા માટે ઢેબર-ભાઇને અટકમાંથી મુક્ત કરવા એ જ ઉત્તમ માર્ગ છે. પણ, લોકોને ઠેકાણે લાવે એવો કોઈ કીમિયો હવે કારગત નીવડે એમ ન હતો. લોકો માત્ર બાહ્ય રીતે સંતોષાય એવા હવે નહોતા રહ્યા. સમસ્ત લોક-અંત-રમાં દિન બે દિન કે માસ બે માસની નહિ, પણ કંઈક દસકાઓની એકસામટી ભૂખ ત્યારે જાગી હતી.

ઢેબરભાઇને અટકમાંથી છોડ્યા તેને બીજે જ દિવસે જન્માષ્ટમી-ના જુગાર ને તેમાં અપાતા દરબારી ઇજારાના વિરોધમાં એક મોટું સરઘસ તેમણે કાઢ્યું. બરાબર તે જ દિવસે દીવાન વીરાવાળાએ, પોતે દીવાનપદમાંથી નિવૃત્ત થાય છે અને પોતાના પુત્ર ભોજવાળા તેમને પદે આવે છે તેવી જાહેરાત કરી. તરત ઢેબરભાઇએ સરઘસને સભાના રૂપમાં ફેરવી નાખી કોઈ પણ પ્રકારના રાજકીય અનુભવ કે લાયકી વિનાના આ નવા પ્રધાનનો વિરોધ કરવા લોકોને અનુરોધ કર્યો. બીજી એક સભામાં દીવાન વીરાવાળાના અન્યાયભર્યા રાજવહીવટનો તેમણે છડેચોક વિરોધ પોકાર્યો. પરિણામે સભામાં લાઠીચાર્જ થયો.



સરદાર વલ્લભભાઈની સલાહ લઈને ઢેબરભાઈએ રાજકોટ પ્રજામંડળની એક સભા ભરી અને ત્યાંથી, રાજકોટ રાજ્યમાં ગણતરીના ત્રીસ દિવસોની અંદર પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર અપાવવા અનુરોધ કરતો સુધારો બહાર પાડ્યો. વધુમાં તેમણે ઉમેર્યું કે તેમ નહિ થતાં પોતે સરકાર સામે લડતનાં સીધાં પગલાં લેશે. ત્રીસ દિવસની મુદત વીતી ગઈ, છતાં રાજ્યમાં કોઈ સુધારો નહોતો આવ્યો; તેથી ઢેબરભાઈની નેતાગીરી નીચે સત્યાગ્રહ શરૂ થયો. વિરાટ સમુદાયમાં એકઠા થઈ લોકોએ તેમાં સાથ આપ્યો. આઠસોથી હજારેકની સંખ્યામાં લોકોને જેલભેગા કરવામાં આવ્યા. વાતાવરણ એટલું તો ઉગ્ર બની ગએલું કે મહાત્મા ગાંધીજીને રાજકોટ આવવું પડ્યું. ન્યાય માટે લડી રહેલા લોકોને કાન સુદ્ધાં ન અપાતો જોઈને તેઓ ઉપવાસ પર ઊતર્યાં. વાઈસરૉય લૉર્ડ લિનલિથગો તેમાં વચ્ચે પડ્યા. પ્રજાજાગૃતિના આ ઉજળા રૂપની હિંદી રાષ્ટ્રીય મહાસભાએ ૧૯૩૮ના ડિસેમ્બરમાં ભરાએલી તેની કાર્યવાહી સમિતિમાં નોંધ લીધી.

૧૯૩૯નું વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું હતું. મોંઘવારી વધતી જતી હતી. આવા કપરા સંજોગોમાં સૌરાષ્ટ્રમાં ફરી દુષ્કાળ પડ્યો. લડતકાર્યમાંથી મુક્ત થએલા ઢેબરભાઈએ દુષ્કાળરાહત માટે ઠેરઠેર ફરવા માંડ્યું. દુષ્કાળગ્રસ્ત વિસ્તારનો ખૂણેખૂણો ફરી વળી તેમણે જગ્યાએજગ્યાએ અનાજની દુકાનો ખુલ્લી મુકાવી. દુષ્કાળરાહત માટે ચારે તરફ ફરવાથી તેઓ વિપુલ પ્રમાણમાં લોકસંપર્ક પામ્યા. હવે પ્રજાના અંતસ્તલ સુધી તેઓ પ્રવેશ પામી ગયા હતા, તેવું જ સ્થાન પોતાના હૃદયમાં પ્રજાને વર્ષોથી તેમણે આપ્યું હતું તેથી જ ને !

૧૯૪૧માં મહાત્માજીએ વિરમગામમાં વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવા ઢેબરભાઈની પસંદગી કરી. અને પરિણામે તેમને છ માસની સખત જેલ મળી. ફરી ૧૯૪૨ના ઑગસ્ટ માસમાં તેમને રાજકોટ સેન્ટ્રલ એજન્સીની જેલમાં કેદની સજા મળી. આ કાળ દરમ્યાન એક શોકજનક બનાવ બની ગયો. તેમનાં પત્ની મનુબહેન ઘરમાં ગરમ પાણી ભરેલું તપેલું ઊંચકવા જતાં સખત દાઝ્યાં. તેમને હૉસ્પિટાલમાં ખસેડવામાં આવ્યાં, અને ત્યાં જ તેમનું મૃત્યુ નીપજ્યું.

સાડા ત્રણ વરસનો જેલનિવાસ ભોગવી ઢેબરભાઈ જ્યારે બહાર આવ્યા ત્યારે પ્રજાએ, તેમણે બજાવેલી અમૂલ્ય દેશસેવાની કદર કરતી ૨૫,૦૦૦) રૂપિયાની એક થેલી તેમને ભેટ ધરી. પણ એ રકમ તેમણે તરત જ રચનાત્મક પ્રવૃત્તિઓના પ્રારંભ ને ઉત્કર્ષ માટે પ્રજાને જ અર્પણ કરી. પછીનાં વર્ષોમાં સૌરાષ્ટ્રમાં ઠેકઠેકાણે ભારે જળહોનારત થઈ. ફરીથી રેલ-રાહત માટે તેઓ મોહનલાલ મહેતા સાથે ગામડે-ગામડે ફરવા માંડ્યા અને એ ભીષણ હોનારતમાંથી લોકોને રાહત મેળવવામાં મોટી મદદ કરી.

૧૯૪૭માં દેશ આઝાદ થયો. ત્યારે રજવાડાં પોતાની સત્તા ચાલુ રહે તે માટે કોઈ નવી જ યોજના ઘડી લાવ્યાં–સૌરાષ્ટ્રના રાજ્યવાર વિભાજનની. તેમને પોતાની સત્તા કાયમ રાખવી હતી; પણ પ્રજાને આ નામંજૂર હતું. સરદાર પટેલે કુનેહપૂર્વક રજવાડાંઓને એકઠાં કરી સૌરાષ્ટ્રનું અપૂર્વ એકમ સર્જ્યું. એકમ થતાં સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાનપદ માટે ઢેબરભાઈ સર્વ રીતે લાયક પુરુષ હતા. સરદાર પટેલનો પણ આગ્રહ એ પદ તેમને જ મળે એવો હતો. બાહ્ય ટાળડમાક વિના કેવળ સાચા હૃદયથી પ્રજાની સેવા કરવાનું ધ્યેય લઈને આવેલા ઢેબરભાઈએ તેની ના પાડી. આખરે સરદારના આગ્રહને વશ થઈ તેમણે ગાંધીજીને મળી તેમની સલાહ પ્રમાણે નિર્ણય લેવાનું ઠરાવ્યું. જે દિવસે સાંજે ગાંધીજી ઢેબરભાઈને આદેશ આપનાર હતા તે જ દિવસની સાંજે તેમની હત્યાના આઘાતજનક સમાચાર ઢેબરભાઈએ સાંભળ્યા. નિરાશ હૃદયે પાછા આવી તેમણે મુખ્ય પ્રધાનપદની ધૂંસરી પોતાની કાંધે લઈ લીધી.

વડા પ્રધાન તરીકેની નિમણૂક પછી પણ તેમનું જીવન પ્રજાના એક અદના સેવક તરીકેનું જ રહ્યું છે, એવું જ નિર્દંભ, એવું જ સાદું. ગામડેગામડે ફરીને પોતે જોએલી પ્રજાની મુશ્કેલીઓ અને લાચારીઓને નિવારવાનો પોતે આપેલો કોલ વડા પ્રધાનપદે આવીને તેમણે પાળ્યો. ખેડૂતોને ચોમેરથી ભીંસી રહેલી જમીનદારીનો નાશ એ ઢેબરભાઈના મુખ્ય પ્રધાનપદની અગ્ર સિદ્ધિ છે. ગિરાસદારી અને જમીનદારી નિવારણનો પ્રશ્ન તેમણે લોહીનું એક ટીપું પણ પાડ્યા વિના ઉકેલ્યો. મુખ્ય પ્રધાનપદે આવ્યા બાદ પ્રાન્તના સર્વ વર્ગોનું હિત તેમણે વિચારવાનું હતું. પ્રજાના ગરીબ ને ત્રસ્ત વર્ગ પરનું તેમનું લક્ષ્ય આ પદે આવ્યા બાદ વધુ વિસ્તૃત બન્યું. પાછલા કાળમાં પોતે વિચારી રાખેલી પ્રજાની આબાદીની યોજનાઓને આ પદેથી તેમણે મૂર્ત રૂપ આપ્યું. આમ આ કાળ એ તેમની સેવા અને સિદ્ધિની બેવડી પ્રતીતિ આપતો ઉજ્જવળ સુવર્ણકાળ છે.

બાદ કૉંગ્રેસનું પ્રમુખપદ સંભાળવાનું તેમને આમંત્રણ મળતાં તેમણે તે સ્વીકાર્યું. અત્યાર સુધી તેમણે જે જે સેવાઓ કરી તેના પ્રચાર તો શું, ઉલ્લેખ કરવા જેટલી પણ કામના તેમણે સેવી નથી. અને એટલે તો કૉંગ્રેસ પ્રમુખપદે તેમની થએલી વરણીએ અનેકને આશ્ચર્યચકિત કર્યાં. પરંતુ જેમને તેમની સેવા અને નિષ્ઠાનો પરિચય હતો તે સહુના અટલ વિશ્વાસના તેઓ ભાગી બન્યા હતા.

રચના અને કલ્યાણ બંનેને તેઓ જુદાં પાડતા નથી. તેમને હમેશાં સાથે જ મૂકે છે. અલગઅલગ રહે તો બંને પાંગળાં જ બને તેમ તેઓ માને છે. ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને તેમને માટે કહેલા આ શબ્દો તેમની અત્યાર લગીની કારકિર્દી ને કાર્યપદ્ધતિના દ્યોતક છે. 'એક નવી જ અભિલાષા અને હોંશ સાથે ઢેબરભાઈ અત્યાર સુધી સમાજવાદ સિદ્ધ કરવાના પ્રયાસો કરતા રહ્યા છે. પણ તે વાદ તેના રાજ્યશાસનમાંથી આણી તેને પ્રજા પર ઠોકી બેસાડવા તે નથી માગતા. તેમની સમગ્ર સાધના-ક્ષેત્રનો પાયો માત્ર માનવતા પર ઘડાયો છે.'

નિરંજન ત્રિપાઠી

ક્યાં ય નહિ, કદી નહિ . . .

લેખક મનેશચન્દ્ર કંસારા

તે વખતે મારી ઉંમર સોળેક વર્ષની હતી. મહાન, ભવ્ય, દિવ્ય ને ઉચ્ચ વિચારોથી હું સભર હતો. શું કરી શકીશ એમ નહિ પરંતુ શું ન કરી શકું એવી ખુમારીમાં રાચતો હતો. મને બરાબર યાદ છે કે મારી મૅટ્રિકની પરીક્ષાને પંદર દિવસ બાકી હતા અને મારા ઓરડામાં હું વાંચતો હતો તે વખતે બાપુજીએ મને બોલાવ્યો અને પૂછ્યું, 'તારી પરીક્ષા તો વીસેક દિવસમાં પતી જવાની, ખરું?'

'હા.'

'પાસ તો થઇ જવાનો ને?'

'એ તો કેવી રીતે કહી શકું?'

'પણ વાંચે છે તો બરાબર ને?'

'હા.'

મને આ પ્રશ્નોત્તરીનો ઉદ્દેશ ન સમજાયો. સહેજ આશ્ચર્ય પણ થયું. ત્યાં તો બાપુજીએ તકીઆ નીચેથી એક કાગળ કાઢી મને વાંચવા આપ્યો. તેમણે જે રીતે કાગળ વાંચવા કહ્યું તેનાથી હું તરત સમજી ગયો કે એમાં શું હતું. મેં તે વાંચી લીધો અને આવતા પ્રસંગનો પૂરો સામનો કરવાનો નિશ્ચય કરી બાપુજી સામે જોયું. અમારી દૃષ્ટિ એક થતાં જ તેમણે પૂછ્યું, 'વાંચી લીધો?'

'હા.'

'તો એનું શું કરવું છે?'

'શું કરવાનું હોય?'

'કેમ શું કરવાનું હોય? કંઇક તો કરવું જ પડશે ને?' મેં મસ્તક ઢાળી દીધું.

'કેમ જવાબ ન આપ્યો?'

'જવાબ તો તમે જાણો છો!'

'એટલે!'

'આમાં કશું જ નથી કહેવાનું.'

'એમ તે ચાલે? આ બાબત કેટલી ગંભીર છે એ તો તું જાણે છે, પછી આવા જવાબ આપે ચાલે? આમાં મારે સમજવું શું!'

હું ચૂપ રહ્યો.

બાપુજી ચીડમાં મારી સામે જોઈ રહ્યા. કહ્યું, 'હું તારી પાસે મત માગું છું, સલાહ પૂછું છું અને તું વાતને ઉડાવે છે. તું સમજી તો શકે છે કે છોકરાની ઉંમર મોટી થઇ એટલે પછી એ લોકો ક્યાં સુધી રાહ જુએ? અત્યાર સુધી તો આ. પાંચું બાહાનું કાઢ્યું કે મૅટ્રિક થઈ જવા દો, પછી વાત. પણ હવે તો તું મૅટ્રિક થઇ જવાનો, એટલે હવે કેવી રીતે ના પડાય?'

હું અંગૂઠા વડે જમીન ખોતરતો બેસી રહ્યો. બાપુજીએ પૂછ્યું, 'હું કહું છું એ તારા મનમાં ઊતરે તો છે ને!' મેં માથું હલાવી હા પાડી.

'તો પછી શો જવાબ આપવો છે એમને?'

થોડી વાર મૂક રહી મેં કહ્યું, 'મને વિચાર કરવાનો થોડો વખત આપો.'

'એમાં વિચાર શો કરવાનો છે? અમે વિચારશું તે ખોટું તો નહિ વિચારીએ?'

'ના, મને વિચાર કરવા દો. અને પરીક્ષા પતી જવા દો. હું તમને પછી જણાવીશ.'

'ત્યાં સુધી રાહ જોવાય? પહેલાં પણ વિચાર કરવાનું કહી તેં જવાબ નથી આપ્યો. આ કંઈ વિચાર કરીકરીને વખત ગબડાવવાની વાત નથી. વળી ગમે ત્યારે પરણવાનું તો છે જ; તો પછી વિચાર શા એમાં? વિચારનાં ગાડાં કામ પૂરું નહિ કરે, સમજ્યો!'

મેં મનમાં નિર્ણય કરી નાખ્યો કે મારે જે કહેવું છે તે કહી જ નાખું, જેથી ભવિષ્યમાં તે વિષે ફરી વાત જ ન કાઢવી પડે. પણ શરૂઆત કરવી ફાવી નહિ. મેં કહેવા માંડ્યું, 'હું એ વિચાર કરતો હતો અત્યાર સુધી કે મારે મારા વિચારો કેવી રીતે જણાવવા. હું લગ્ન—તમે મને પરણાવવા માગો છો—પણ વાત એમ છે કે મારું મન બીજી જ રીતે ઘડાયું છે. તમે મને જે લગ્ન કરવાનું કહો છો તે—બાપુજી, મને વિચાર કરવા દો!' હું સ્પષ્ટતાથી ન બોલી શક્યો, કારણ કે બાપુજીની એક પ્રકારની મર્યાદા નડતી હતી. મને મારી આ અશક્તિ પર ગુસ્સો ચડ્યો અને થોડી જ ક્ષણોમાં સમગ્ર હિંમતનું આવાહન કરી કહી નાખ્યું, 'મારે લગ્ન જ નથી કરવું!'

'શું કહ્યું તેં?' બાપુજી આંખો ફાડી જોઈ રહ્યા.

'હું જીવનભર લગ્ન કરવા જ નથી માગતો.'

'પણ કંઇ કારણ!'

મારાથી તરત જવાબ ન અપાયો.

'છોકરી નથી ગમતી!'

'ના, એવું કશું જ નથી.'

'તો પછી!'

'હું આજીવન બ્રહ્મચારી રહેવા માગું છું.'

'શું...?' બાપુજી સ્તબ્ધ બની ગયા. તત્કાળ કંઈ જ બોલી ન શક્યા. આઘાત અને આશ્ચર્ય શમતાં તેમણે કહેવા માંડ્યું, 'એમ તે કંઈ ચાલતું હશે? કેવી બાલિશ વાતો કરે છે તું? છોકરી ન ગમતી હોય તો એ કહે. પાંચ-સાત વર્ષ પછી લગ્ન કરવું હોય તો એમ બોલ. પણ આવી બેસમજ વાત કરે તે ચાલે?'

મેં મૂંગા મૂંગા સાંભળ્યા કર્યું.

'મને તારી લગ્ન નહિ કરવાની આ વાતમાં સમજ નથી પડતી. તને કંઈ બીજું દુઃખ છે—જેમકે શરીરના ખોડખાંપણ વગેરે?'

'ના, ના, એવું કંઇ જ નથી.'

'તો પછી છે શું?'

'હું માત્ર બ્રહ્મચર્ય જ પાળવા માગું છું.'

'બ્રહ્મચર્ય?' તેઓ ચિડાઇ ગયા. 'હજી બ્રહ્મચર્ય વિષે પૂરું જાણતો તો છે નહિ અને એની વાતો કરે છે તું!'

મને ખરાબ લાગી ગયું. એમણે મને કેટલો બધો અણસમજુ માની લીધો હતો? કહ્યું, 'જો તમારા કહેવા પ્રમાણે બ્રહ્મચર્ય વિષે હું કશું જ ન જાણતો હોઉં તો તો મને પરણવાનો અધિકાર જ શો છે? તો પછી તમે મને લગ્નનો આગ્રહ જ શા માટે કરો છો? પણ જવા દો એ વાત—મારે પરણવું જ નથી.'

મારી દલીલ સાંભળી તેઓ કંઈક મૂંઝાયા. પરંતુ બીજી જ ક્ષણે એ મૂંઝવણ રોષમાં પરિણમી. 'તો પછી વિવાહ કરતી વખતે જ તેં ના કેમ ન પાડી? તે વખતે જ કહી દેવું હતું ને કે હું બ્રહ્મચારી રહેવાનો છું માટે વિવાહ ન કરશો.'

'પણ ત્યારે તો હું સમજતો જ નહોતો કે વિવાહ એ શી ચીજ છે. દસ વરસની ઉંમરે હું શું સમજી શકું આવી વાતમાં?'

'બહુ સારી વાત છે. જાણે મારી મેં દસ વરસની ઉંમરે તારો વિવાહ કરીને, હવે છે કંઇ? મને શી ખબર કે ભવિષ્યમાં તું હનુમાન બનવાનો છે?' હું નીચો મોઢે બેસી રહ્યો.

થોડી વાર સુધી ઓછપ કર્યા પછી તેમણે કહેવા માંડ્યું, 'મારી ભૂલ થઈ ગઈ; પણ હવે શું કરું? તારો વિવાહ કંઇ ફોક થવાનો છે? એમ કરું તો પાછળ તારી બહેનોનું શું? ભાઈઓનું શું? એમને કોણ લેશે કે દેશે? સૌ એમ જ વિચારશે કે જેણે પોતાની બુદ્ધિ ગીરો મૂકી પોતાના એક સંતાનનો વિવાહ તોડ્યો તે ભવિષ્યમાં બીજા સંતાનોનો વિવાહ નહિ તોડે એની શી ખાતરી? તું તારા એકલાના દૃષ્ટિબિંદુથી વિચાર કરે છે, પણ આ રીતથી વિચાર. વળી શી સ્થિતિ થશે એ તું સમજી શકે છે? જેમની સાથે, જેમને માટે અને જેમના વડે મેં મારી જિંદગી વિતાવી છે તે જ્યારે મને ધુત્કારશે

ત્યારે મને કેટલું દુઃખ થશે એ તું કલ્પી શકે છે? મને તારા જેવા પુત્રથી ગર્વ છે, અને અભિમાન લઉં છું કે તું ગમે તેમ તો ય સારા વિચારો ધરાવે છે. પણ હવે મારાથી શું થાય એમ છે? ધાર કે નાનપણમાં તારો વિવાહ કરીને મેં ભૂલ કરી નાખી છે, તો એ ભૂલને ભૂલ તરીકે ગણતાં અટકાવવી એ શું તારું કર્તવ્ય નથી? બાપની ભૂલ દીકરાએ શું ન વાળી લેવી જોઈએ? મારો એટલો હક પણ તારા પર નથી?'

હું અંદરથી ભીંસાતો હોઉં એવું અનુભવી રહ્યો. તેમણે કહેલી બધી વાતો પર મેં વિચાર કરેલો જ હતો. પણ આ બાબતમાં કાં તો મારે મારા આદર્શોને હોમી દેવાના હતા, અથવા તો ભવિષ્યમાં આવી રીતે હોમવાનું કોઈને ન રહે માટે નવો ચીલો પાડવા બાપુજીના સુખને હોમી દેવાનું હતું. મેં મારો નિર્ણય ક્યારનો ય બાંધી લીધો હતો, ને તે અફર હતો.

'તો પછી શું નક્કી કર્યું તેં?' બાપુજીએ પૂછ્યું.

'એનું એ જ.' મેં મક્કમતાથી જણાવ્યું.

'હજી પણ?'

'હા—હજી પણ, અને હમેશાં.'

'તેમના મુખ પર એક કાળી છાયા ફરી વળી. થોડી વાર સુધી દૃષ્ટિ જમીનમાં દાટી દીધી. પછી ફિક્કું હસી બોલ્યા, 'તું જે બધું વિચારે છે તે બીજું કશું જ નથી, ભ્રમ છે. તારા મનમાં ભૂત ભરાયું છે, અને તેની નવાઈ પણ નથી. નાનપણમાં લગભગ બધાને આ ભૂત વળગે છે. વરસ બે વરસ ધૂણાવે છે, પણ ઉંમર થતાં જ બધા ઠેકાણે આવી જાય છે. તું અત્યારે ભાવનાવાદી, આદર્શવાદી અને ઘેલાવાદી થઈ ગયો છે. પરંતુ મને ખાતરી છે કે આ બધું નિત્ય નથી. પાણીના પરપોટા જેવું છે. ફૂલીફાલીને ફૂટી જશે. મારી તો સલાહ છે કે તું આ બધું ગાંડપણ છોડી દે અને કંઈક સ્વસ્થતાથી વિચાર.'

થોડી વાર મૌન જાળવી મેં કહ્યું, 'મેં આના પર વિચાર કરેલો જ છે અને મને વિશ્વાસ છે કે એ કદી બદલાવાના નથી.'

'તારા વિચાર એ વિચાર નથી, તરંગ છે.'

'તો એમ.'

'ત્યારે શું તું નહિ જ માને મારું?'

'આમાં માનવા ન માનવાનું ક્યાં છે? તમારું કહ્યું મેં ક્યાં નથી માન્યું? પણ આમાં તો હું નહિ જ નમું.'

પાપડ શેકાતાં જેમ તે ઝડપથી ચીમળાઈ જાય તેમ બાપુજીનું મુખ ચીમળાઈ ગયું. તેમણે ધીમેથી આંખો બંધ કરી, ઉઘાડી, ફરી બંધ કરી, ફરી ઉઘાડી. તકિયાને અઢેલી ગયા અને દુઃખનું થૂંક ગળે ઉતારવા લાગ્યા. કેટલો ય સમય એમ ને એમ બેસી રહ્યા. પછી કહ્યું, 'વિધિનું એવું નિર્માણ હશે. ઘરની જ ચાર બાંધ્યા અને કરેલું કબરમાં દાટવું તે આનું નામ. પણ હું તને કંઈ જ નહિ કહું. હું કંઈ બીજા બાપ જેવો નથી કે તારા આવા વર્તનને લીધે તને ઘરમાંથી કાઢી મૂકું, અથવા મારીઝૂડીને પરાણે હા પડાવું. મને ખબર છે કે હું તારો બાપ છું પણ માલિક નથી. અને તું મારો દીકરો છે પણ ગુલામ નથી. તેથી હું ઇચ્છું તો છું કે તું મારું કહ્યું માન. પછી તો જેવી તારી મરજી. હે પ્રભુ!'

મને ગળામાં ડૂમો ભરાઈ આવ્યો. થયું કે હું જન્મ્યો જ ન હોત તો કેવું સારું થાત! મારું મન હજી વિચારોમાં રમણભમણ થતું હતું ત્યાં તો એમણે કહ્યું, 'તારા મનમાં એમ હશે કે તું નાતનો વિરોધ કરીશ, આ કરીશ, તે કરીશ અને શું નું શું ય કરીશ. પણ યાદ રાખજે એમાંથી કશું જ થવાનું નથી. વાંદરું વનમાં મરે યા છોડીને ચાલ્યું જાય તેથી કંઈ વન સૂનું નથી પડી જવાનું. જા, ચાલ્યો જા મારી આગળથી.' છેલ્લે છેલ્લે તેમનો ગુસ્સો ખૂબ વધી પડ્યો. તેમણે બે હાથે માથું દાબી દીધું. હું હલી ચલી પણ ન શક્યો.

કેટલીક પળો એમ જ વીતી ગઈ. ત્યાં તો તેમણે ફરીથી કહ્યું, 'હજી ગયો નથી? જવું હોય તો જઈ શકે છે, પણ હજી મારી વાત પર પૂરેપૂરો વિચાર કરજે. કાલે-પરમ દિવસે તારા જણાવ્યા પછી જ હું જવાબ લખીશ.'

તરત જ ઊઠીને હું મારા ઓરડામાં આવ્યો. પુસ્તકોને આમ તેમ ખસેડી ખિન્ન હૃદયે બેસી રહ્યો. મનમાં અરણ્યના અંધારા જેવું તિમિર ઝબકવા લાગ્યું. ઈશ્વરને પ્રાર્થના કરી કે આ પ્રસંગ જાણે ઊભો જ નથી થયો એવો ચમત્કાર કરી દે.

બપોર સુધી એકલો જ બેસી રહ્યો. બપોરે બાએ બહેનને કહ્યું તે મેં સાંભળ્યું, 'જા, તારા બાપુજીને જમવા બોલાવી લાવ.' થોડી વારે બહેને પાછા આવી બાને જવાબ આપ્યો. મેં પણ સાંભળ્યું, 'બાપુજી ના પાડે છે.'

'કેમ ના પાડે છે?' એવું બોલી બા બાપુજીના ઓરડામાં ગયાં. ત્યાં કોણ જાણે શી ય વાતચીત થઈ હશે, પરંતુ થોડા સમય બાદ તે જ્યારે મારી પાસે આવ્યાં, ત્યારે નંખાઈ ગયાં હતાં. પહેલાં તો તે મને જોઈ રહ્યાં, પછી કહ્યું, 'પહલુ! જમવા ચાલ.'

કોણ જાણે કેમ, મારાથી કહેવાઈ ગયું, 'મને ભૂખ નથી.'

તરત જ તે કોઈ અવાજે બોલી ઊઠ્યાં, 'તમને બંને, થયું છે શું? એક બાજુ એ ના પાડે છે અને બીજી બાજુ તું ના પાડે છે.'

'પણ બા, મને તો ભૂખ જ નથી લાગી.'

'એવું તે હોય? ઠેઠ બપોર થયા ને ભૂખ ન લાગે એમ બને ખરું? એમને ય ભૂખ નથી, તને ય ભૂખ નથી. આ સારું! હું ય નથી ખાતો, અને તારે લીધે એ ય નથી ખાતા. હું કહું છું: મને શા સારુ પજવો છો તમે બંને?'

'મારે લીધે એ નથી ખાતા એવું ક્યાં છે? એમણે તો મારા પહેલાં ના પાડી છે: એમને એ વખતે ક્યાંથી ખબર હોય કે હું નથી ખાવાનો? પણ મને તો ભૂખ જ નથી અત્યારે.'

'હા, હા, તારે લીધે જ એ નથી ખાતા. તારે લીધે જ એમની ભૂખ જેવી ભૂખ બળી ગઈ— તું ના પાડી બેઠો તે!'

બા પાસે મારી જીભ વધુ છૂટી હતી. કહ્યું. 'બા! જે પંખીને ઊડવું હોય તેને પરાણે પિંજરમાં પૂરવું તે ક્યાંનો ન્યાય? જે સાંઢને મસ્ત થઈ ફરવું હોય તેને પરાણે ઘાણીએ જોતરવો તે ક્યાંનો ન્યાય? હું કંઈ ખોટું કરતો હોઉં, ખરાબ કરતો હોઉં, તો તમને દુઃખ થાય, પણ સારા કામમાં દુઃખ શાનું?'

મારું ભાષણ સાંભળી બા મલકી પડ્યાં: 'વાહ મારા પંખી! મારા સાંઢ! જમવા પધારો! અન્ન આપની રાહ જોઈ રહ્યું છે!'

હું હસી પડ્યો. બા બોલવા લાગ્યાં, 'પહલુ! કઈ માને પોતાના દીકરાની વહુનું મોં જોવાનું મન ન થાય? પણ દીકરો ના પાડે ત્યારે? માની એટલી પણ ઇચ્છા દીકરાએ પૂરી નહિ કરવી જોઈએ? બોલ, જવાબ આપ.'

'પણ બા,' મેં જવાબ આપ્યો, 'કઈ મા પોતાના દીકરાની ઇચ્છા વિરુદ્ધ, તેનું મન દુભાતું હોય છતાં, બળાત્કારે પોતાનું ધાર્યું કરાવવા તત્પર થાય? બોલો જવાબ આપો.'

'પુત્ર અણસમજુ હોય તો તેની પાસે પરાણે પણ કામ લેવું પડે.'

'પણ સમજુ હોય તો?'

'તું તો સમજુ નથી જ!'

મારાથી ફરી હસી પડાયું. બનાવટી ગુસ્સો મોં પર આણી કહ્યું, 'હું શું અણસમજુ છું?'

'હાસ્તો! પહેલા નંબરનો!'

'કેમ, આટલો મોટો તો થયો છું!'

'મોટાપણાને શું કરે? ખાવાની ના પાડે છે એ ઓછી સમજ નંબર એક. લગ્નની ના પાડે છે તે ઓછી સમજ નંબર બે. અમારી જોડે જીભાજોડી કરે છે તે ઓછી સમજ નંબર ત્રણ......બીજી કેટલી અણસમજ ગણાવું તારી!' બાએ ઝડપથી, ઠપકાથી, પ્રેમથી, દુઃખથી અને સમજાવતાં હોય એમ જણાવ્યું. તે મારી સાથે જે રીતે વાત કરતાં હતાં તે રીતે

તો તેમને જવાબ જ ન અપાય. તે મશ્કરીમાં ય બોલતાં હતાં, ગંભીરતાથી યે બોલતાં હતાં. હું તો બોલી ઊઠયો, 'બા ! હું લગ્ન નથી જ કરવાનો. ને અત્યારે ખાવાનો નથી.'

'તારે ખાવું જ પડશે.' તેમણે જોરથી કહ્યું.

'હું નથી જ ખાવાનો.' મેં પણ જોરથી જણાવ્યું. પછી પસ્તાયો: પરંતુ 'ના'ની 'હા' થઈ શકે એવી મારી મનોદશા નહોતી.

ભારે હૈયે અને ભારે પગલે બા ગયાં. પગલાંના અવાજથી બાપુજીના ઓરડા તરફ ગયાં હોય એવું લાગ્યું. થોડી વારે વધુ ઢીલાં થઈ મારી પાસે આવ્યાં. મેં ફરી ના પાડી એટલે ફરી બાપુજી પાસે ગયાં. ફરી મારી પાસે આવ્યાં. ફરી ગયાં, ફરી આવ્યાં. તેમના મુખ પર ભય છવાઈ ગયો. પરસેવો વળી ગયો. મને ખૂબ દુઃખ થયું, હવે પણ શું કરું? હું સમજી ગયો કે મારી પાસે હા પડાવવા બાપુજી ઉપવાસ પર ઊતરવા માગતા હતા. મારું હૃદય ભરાઇ આવ્યું, કારણ કે બાપુજીએ ઉપવાસનું શસ્ત્ર છોડયું. મારું મન વધુ દૃઢ બન્યું. મેં પણ સામા ઉપવાસ કરવાનું નક્કી કર્યું.

મારા અંતરમાં વંટોળ ઊઠયો. વિચારોની ઘમરીઓ ઘૂમવા લાગી. હૃદયમાં જાણે પર્વતોના પર્વતો ફાટવા લાગ્યા. ઘરમાં જાણે સામસામી મોરચો મંડાઈ ગયો. કદી કલ્પના પણ ન આવે એવું બનવાથી એક પ્રકારનો સન્નાટો છવાઈ ગયો. ખૂબ ખૂબ અંતસ્તાપ અનુભવી મેં નિર્ધાર કરી લીધો : ગૃહત્યાગનો.

તે આખી રાત મારી નાડે નાડમાં 'ગૃહત્યાગ'ના ધબકારા ધબક્યા. પાછલી રાતે ઊઠયો અને બાપુજીને ઉદ્દેશી નીચે પ્રમાણે પત્ર લખ્યો:

'પૂજ્ય બાપુજી,

મારે લીધે જે ઘરમાં અંટસ ઊપજે તેમાં મને રહેવાનો શો અધિકાર છે? માટે જાઉં છું. ફિકર કરશો નહિ એમ લખું તો ય તમે ફિકર કરવાના જ, છતાં લખું છું કે ફિકર ન કરશો. મારું હૃદય તો તમારાં અને બાનાં ચરણોમાં જ છે. આશીર્વાદ તો આપશો ને? એ જ. તમારો સુઆજ્ઞાંકિત પ્રહલાદ.'

'સુઆજ્ઞાંકિત' એટલા માટે લખ્યું કે બાપુજીની આજ્ઞાઓ તો હું પાળતો જ હતો, પાળવા તૈયાર પણ હતો, પરંતુ તે 'સુ'-સારી; મારા આદર્શોને તોડી નાખે એવી નહિ! પત્ર બેત્રણ વખત વાંચી ગયો. પછી મેં વાળ્યા વગર જ બાપુજીના હિસાબ-કિતાબના ચોપડામાં મૂક્યો. મારી ધારણા હતી કે તેઓ જ્યારે એ ખોલશે ત્યારે પત્ર મળશે.

પછી એક થેલીમાં એક જોડ કપડાં લીધાં, એક પાકા પૂઠાની કોરી નોટ લીધી, એક પેન્સિલ લીધી અને મને પ્રિય એવી વાંસળી પણ લીધી. મારો વિચાર એવો હતો કે અજાણ્યા પ્રદેશમાં વાંસળી વગાડી પૈસા મેળવવા અને નોટમાં સ્મરણીય અનુભવોની નોંધ કરવી. દૃઢ નિશ્ચય કરી લીધો કે ઘર છોડયા પછી તેની સાથે બિલકુલ સંબંધ ન રાખવો, જેથી ભવિષ્યમાં વધુ મનદુઃખ ઊભું થવાનો પ્રસંગ ન આવે.

ફાનસ ફૂંક મારી ઓલવી નાખ્યું. પછી વિના અવાજે બારણું ખોલી બહાર આવ્યો. ઘરમાં બધે અંધારું હતું. દબાતે પગલે બાપુજીના ઓરડા પાસે આવ્યો અને થંભી ગયો. થોડી વાર એમ જ ઊભો રહ્યો. પછી મનોમન તેમની અનુજ્ઞા માગી લીધી. બાને માનસિક પ્રણામ કરતાં જ આંસુ ઊભરાઇ ચાલ્યાં. નાની બ્હેનો અને ભાઇઓને જળબંબાકાર આંખે નિહાળી, મહાપ્રયાસે મન કબજે રાખી ઘરની બહાર નીકળી ગયો.

ઠંડો, મીઠો, પરોઢીઓ પવન વાતો હતો. ઘર બહાર પગ મૂકતાં જ મને બુદ્ધ, મહાવીર, શંકરાચાર્ય, વિવેકાનંદ, રમણ મહર્ષિ વગેરે ઘણા મહાન પુરુષો યાદ આવ્યા. થયું કે હું હવે એમના સંઘમાં ભળી ચૂક્યો છું! જાણે એ વિરાટ પુરુષોની વણઝારમાં હું છેલ્લે ચાલતો હતો. પ્રકાશની પાંખડીઓ ફૂટતી હતી. અંતરના અંતરમાં અનનુભૂત નિનાદો સંભળાવા લાગ્યા. અનોખા, અવનવા, અલૌકિક અને અદ્‌ભુત ભાવો સાથે હું સ્ટેશને આવ્યો.

ક્યાં જવું એ હજી વિચાર્યુ નહોતું. એને વિષે હજી કંઈ નક્કી કરી શકું તે પહેલાં તો ધમધમાટ કરતી ગાડી આવી પહોંચી. જલ્દી જલ્દી એક ડબામાં બેસી ગયો. મારે ટિકિટ લેવી નહોતી. ટિકિટના પૈસા હતા પણ નહિ. એ ડબામાં વધારેમાં વધારે ભીડ હતી. શોરબકોર, બૂમ-બરાડા, ધક્કામુક્કી, હલચલ, આ બધાં વચ્ચે હું મુક્તિ અનુભવી રહ્યો.

ગાડી ચાલ્યા પછી ત્રણ-ચાર કલાક તો જુદા જુદા વિચારોમાં જ હું ગૂંથાઈ રહ્યો. અચાનક થયું: પણ હું જઉં છું ક્યાં? બ્હાવરી નજરે ચોમેર જોયું: કોઈ ઓળખીતું તો નથી ને? પછી પાસેના એકને પૂછ્યું, 'તમે ક્યાં જવાના છો?'

'આગ્રા.' કશી જ નિસ્બત ન હોય એ રીતે જવાબ મળ્યો. મેં નક્કી કર્યું: આગ્રા જ જઉં.

તે આખો દિવસ અને આખી રાત પ્રવાસ કર્યા બાદ બીજે દિવસે સવારે હું આગ્રા પહોંચ્યો. ટિકિટ નહોતી લીધી એટલે ભય તો હતો જ. રસ્તામાં બે વખત ટિકિટ તપાસનાર આવ્યા. બધાની ટિકિટ તપાસી, વગર ટિકિટે મુસાફરી કરવા બદલ ત્રણ-ચારને દંડ કર્યો અને એકને તો ઉતારી પણ મૂક્યો. છતાં આશ્ચર્યની વાત કે એમણે મને કશું જ ન કહ્યું. મને આમાં ઈશ્વરી સંકેત લાગ્યો, અને તેથી શ્રદ્ધા ઊપજી કે મેં જે પગલું ભર્યું હતું એમાં ઈશ્વરની સહાય છે. પાસે આઠેક આના હતા, તેમાંથી રસ્તામાં ભૂખ લાગી ત્યારે એક વખત બે આનાનાં બોર લઈ ખાધાં.

આગ્રાના સ્ટેશનમાંથી સડસડાટ બહાર નીકળી ગયો, પણ ટી. સી.એ અટકાવ્યો નહિ. થેલી ખભે નાખી, મહાન પ્રવાસી અને અભ્યાસી હોઉં એવી અદાથી શહેરમાં ભ્રમણ કરવા માંડ્યું. બધું મને જીવંત, ચમત્કારિક અને અલૌકિક લાગવા માંડ્યું. આમતેમ ફર્યા પછી રસ્તે જનારા એકને તાજમહાલનો રસ્તો પૂછ્યો. તેણે જવાબ આપવાને બદલે એક દુકાન બતાવી ત્યાં પૂછવા જણાવ્યું. તેથી લાગ્યું કે તે માણસ પણ મારા જેવો અજાણ્યો હશે. હું એ દુકાન પાસે ગયો, ઉર્દૂમાં લખેલું બોર્ડ વાંચવા ફોગટ પ્રયાસ કર્યો, પછી જ્યાં પૂછવા જઉં છું ત્યાં તો અંદરથી કોઈક બોલી ઊઠ્યું, 'કોણ, પ્રહલાદ તો નહિ?'

મને એકદમ જબરદસ્ત ધ્રાસકો પડ્યો. નખથી વાળ સુધી ધ્રુજી ઊઠયો. મેં બોલનાર સામે જોયું તો બોલનાર બાપુજીના એક મિત્ર નીકળ્યા. હું પણ તેમને ઓળખતો હતો. તેઓ પાંચ-છ વખત અમારે ઘેર આવી ગયા હતા. મને ગભરામણ છૂટી. બીતે બીતે બોલ્યો, 'તમે અહીં? હું તો ફરવા આવ્યો છું આગ્રામાં!'

તેમણે મને અંદર બોલાવી બેસાડ્યો અને પૂછ્યું, 'ક્યારે આવ્યો તું? ક્યાં ઊતર્યો છે? ના, ઊતર્યો તો નથી લાગતો. આજે આવ્યો શું?'

મેં કહ્યું, 'હા.'

'એકલો જ આવ્યો છે?'

'હા.'

'એકલો જ?! કેમ એકલો?'

'આગ્રા આટલું બધું પ્રખ્યાત છે એટલે આ બાજુ નીકળી આવ્યો.'

થોડી વાર તે ચૂપ રહ્યા. પછી પૂછ્યું, 'દુકાન ખોળતાં તને મુશ્કેલી તો નથી પડી ને?'

'મને તો ખ્યાલ જ નહોતો કે તમે અહીં છો!'

'શું!' તેમના મોંમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો.

'હા. હું તો અચાનક અહીં આવી ચડ્યો.'

'મારી દુકાનની તને ખબર નહોતી? તારા બાપુજીએ તને કહ્યું નહોતું કે હું અહીં રહું છું?'

'ના રે, એવું એમણે કહ્યું જ નહોતું.'

'શી વાત કરે છે તું!' અને તેઓ મારી સામે એવી રીતે જોવા લાગ્યા કે મને ફફડાટ થવા લાગ્યો. મારા સામાન વગેરે પર દૃષ્ટિ

ફેરવી, કંઈક વિચારી તેમણે પૂછ્યું, 'સામાનમાં આટલી થેલી જ છે, બસ?'

'હા.'

તેમણે મારી સામે વિચિત્ર નજરે જોયું. થોડી વાર સુધી બા, બાપુજી વગેરેના ખબર-અંતર પૂછ્યા. ગામની નવાજૂની પૂછી. પછી અચાનક તેમણે અણધાર્યો સવાલ કર્યો, 'તારો અભ્યાસ તો ચાલુ જ છે, નહિ?'

'હા.' સ્વાભાવિકતા જાળવવાનો પ્રયાસ કરતાં મેં જણાવ્યું.

'ગઈ સાલ હું આવ્યો ત્યારે તું અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં હતો એવું મને યાદ છે, ખરું ને?'

'હા.'

'ત્યારે તો તું આ વર્ષે મૅટ્રિકમાં હોય, નહિ?'

'હા.'

તેઓ ઊંડા વિચારમાં પડી ગયા. મને ત્યાંથી નાસી જવાની વૃત્તિ થઈ આવી. અહીંથી ક્યારે છૂટું એમ થવા લાગ્યું. નસીબને દોષ દેવા લાગ્યો કે અહીં ક્યાં આવી ચડ્યો. ત્યાં તો અચાનક ધડાકો કરતા હોય એમ તેઓ બોલ્યા, 'ઘેર બા બાપુજી સાથે તારે તકરાર થઈ છે કે શું?'

હું બોલી ઊઠ્યો, 'ના, ના, ના! એવું કશું જ નથી! એવું કશું જ નથી!' બસ, આ સિવાય બીજું કશું બોલવાને બદલે મારી જીભ લોચા જ વાળવા લાગી.

હું આમ જ કંઈક ગરબડગોટાળું બોલે જાત, પરંતુ તેમણે મને વચમાં જ અટકાવી દીધો. 'ના ના ના શું, હા! તારે ને એમને કશુંક થયું છે એ ચોક્કસ, નહિ તો તું અહીં, અત્યારે આવે જ નહિ. મૅટ્રિકની પરીક્ષાને આખા દસ-બાર દિવસ જ રહ્યા હોય અને તું મુસાફરી કરવા નીકળે એ મનાય જ કેમ? તારે શું પરીક્ષા નથી આપવાની? વળી તારા બાપુજીના વીસ-પચીસ વીસ-પચીસ દિવસે કાગળો આવે છે. એ તને મારું સરનામું ન આપે એમ બને ખરું? અને ઠેઠ ત્યાંથી એ તને એકલો આવવા દે ખરા? અને તે પણ એક થેલીભેર જ?'

હું સ્તબ્ધ બની બેસી રહ્યો. મારાથી એક પણ અક્ષર ન બોલાયો. ત્યાં તો સખત અને કડક સ્વરે તેમણે પૂછ્યું, 'ઘેરથી નાસી આવ્યો છે કે શું? સાચું બોલી જા!'

મેં હતી એટલી હિંમત એકઠી કરી, મોં પર બરાબર બનાવટી આશ્ચર્ય આણી કહ્યું, 'નાસી આવ્યો હું? હું? તમે શું કહો છો એ જ સમજાતું નથી. હું તો ફક્ત ફરવા જ આવ્યો છું!'

'એમ કે?' એમ કટાક્ષમાં બોલી તેમણે મારી થેલી આંચકી લીધી અને પોતાની પાછળ મૂકી દીધી. પછી દુકાનના એક માણસને સૂચના કરી, 'પોસ્ટ ઑફિસમાં જઈ આને ઘેર તાર કરી પુછાવો કે પ્રહ્‌લાદની હકીકત શી છે. તાર અરજન્ટ કરજો અને ખબર લઈને જ આવજો. અંદર જણાવજો કે પ્રહ્‌લાદ અહીં છે.'

હું અવાક્ બની બેસી રહ્યો. મતિ મૂઢ થઈ ગઈ. કંઈ કંઈ કલ્પનાઓ આવી: જાણે પોસ્ટ-ઑફિસ બંધ હશે, અથવા તારયંત્ર બગડી ગયું હશે, અથવા બાપુજીનો એવો જ જવાબ આવશે કે હું ખરેખર પ્રવાસે જ નીકળ્યો છું. લગભગ દોઢ કલાકે જવાબ આવ્યો. વાંચતાં જ બાપુજીના મિત્રે કહ્યું, 'ખરો તું! આવી રીતે માબાપને પજવવાનાં હોય? વારુ, હવે જે થયું તે થયું. હવે બધું ભૂલી જવાનું. આજે અહીં રોકાઈ જા. આવ્યો જ છું તો તાજમહાલ, લાલ કિલ્લો વગેરે જોઈ નાખજે. મારા માણસને તારી સાથે મોકલીશ. કાલે સાંજની ગાડીમાં પાછા જવાનું છે. હું જ તને મૂકવા આવીશ.'

'મારે નથી જવું ઘેર!' અચાનક મારામાં હિંમત આવી ગઈ, બળ આવી ગયું. હવે બધું ઉઘાડું પડી ગયું હતું એટલે મારો સંકોચ નષ્ટ થઈ ગયો, ગભરામણ બંધ થઈ ગઈ. હું બોલવા લાગ્યો, 'જવા દો! મને જવા દો! મારી થેલી આપી દો! મારે ઘેર નથી જવું! હું ગમે ત્યાં ચાલ્યો જઈશ!'

તેઓ નવાઈ પામી ગયા. મને મતિભ્રમ થયો છે એવું પણ કદાચ ધારી લીધું હશે. તેમણે થેલી ન આપી, એટલે હું એમ જ ઊભો થઈ ગયો. તેમણે મારો હાથ પકડી જબરદસ્તીથી બેસાડી દીધો. થોડો વખત એમ જ તાણાતાણ ચાલી. તેમણે મને ધમકીઓ આપી, ધોલ ધપાટ પણ મારી. આખરે તેઓ બેહદ ગુસ્સે થઈ ગયા અને ઢસડીને અંદર લઈ જઈ એક ઓરડીમાં પૂરી દીધો. પણ હવે મારામાં અતીવ માનસિક બળ આવી ગયું હતું. પુરાયા છતાં પણ મને કોઈ જાતની ચિંતા ન થઈ. મારામાં એક પ્રકારની શ્રદ્ધા આવી ગઈ હતી કે હું કોઈ પણ રીતે છટકવાનો જ. બપોરનું અને સાંજનું ખાવાનું મને ત્યાં જ આપવામાં આવ્યું. તે વખતે પણ તેમણે મને સમજાવવાની ખૂબ કોશિશ કરી. મેં એ બધું મૂગા મૂગા સાંભળ્યા કર્યું.

બીજે દિવસે સાંજે મારો હાથ ઝાલી તેઓ મને પરાણે સ્ટેશને લઈ આવ્યા. ટિકિટો પ્રથમથી જ લઈ રાખી હતી એટલે સીધા ગાડીમાં જ બેસી ગયા. આખી રાત તેઓ જાગતા રહ્યા જેથી હું ગાડીમાંથી ઊતરી ન પડું. હું યે આખી રાત જાગતો જ રહ્યો. રસ્તામાં તેમણે મને કંઈ કેટલું ય કહ્યું; સાથે બેઠેલા પૅસેન્જરોને પણ મારી વાત કરી, અને એ લોકોએ ય મને સ્વચ્છંદી, છીછરો, નિર્બુદ્ધિ અને એવું સંભળાવ્યું. મેં તે બધું ચૂપચાપ સહન કરી લીધું. બાપુજીના મિત્ર તરફ મને તિરસ્કાર આવી ગયો. એમની સામે જોવાનું પણ બંધ કરી દીધું. મેં રાહ જોવા માંડી કે તેઓ જરા આઘાપાછા થાય, કે બેધ્યાન બને ને હું છટકું.

આખરે એ લાગ મને મળી ગયો.

બીજા દિવસની રાત્રિની શરૂઆત થઈ ચૂકી હતી. લાંબી મુસાફરીવાળા એકેએક મુસાફર કંટાળીને ઘોરવા માંડ્યા હતા. મારું ગામ લગભગ વીસેક માઈલ જ દૂર રહ્યું હતું. બાપુજીના મિત્રને ગઈ આખી રાતનો ઉજાગરો હતો. તેઓ આખો દિવસ મને સંભાળતા બેસી રહ્યા હતા. પરંતુ આ વખતે તેમનાથી સંડાસ ગયા વગર ન ચાલ્યું. હવે તો ઠેઠ આવી ગયા છીએ એમ વિચારી મને છોડીને જવામાં તેમને વાંધો પણ ન લાગ્યો. તેમ છતાં તકેદારી માટે ગાડી સ્ટાર્ટ થઈ પછી જ તેઓ ગયા. પણ તેમની આ તકેદારી જ જાણે એમને નડી. થોડે દૂર જઈ અચાનક ગાડી ઊભી રહી ગઈ. શાથી તે તો ખબર નથી---પણ મને તો જાણે ઈશ્વરે જાતે હાથ લંબાવી મદદ કરી હોય એવું લાગ્યું. તરત જ થેલી લઈ નીચે ઊતરી પડ્યો. એક-બે જાગતા મુસાફરોએ મને રોકવા પ્રયત્ન કર્યો પણ મેં દાદ ન આપી. ઊતરતાં જ દોટ મૂકી. તીરવેગે દોડ્યો. કશું સૂઝતું ન હોવા છતાં દોડ્યો. એકબે વાર ગબડ્યો પણ ખરો. છેવટે કેટલેક દૂર જઈ એક ઝાડ પર ચડી ગયો.

હાંફતાં હાંફતાં ત્યાંથી ગાડી તરફ નજર નાખી તો કેટલાયે માણસો નીચે ઊતરી મારી શોધ કરતા હતા. બાપુજીના મિત્ર અને બીજાઓ મારા નામની બૂમો પાડતા હતા. લગભગ દસેક મિનિટ ગાડી રોકાઈ, પછી બધા બેસી ગયા અને તે ઊપડી ગઈ. જાણે મારી આસપાસ ભરડો લેવા આવતો અજગર ચાલ્યો ગયો. મારું મન ખૂબ ઉશ્કેરાઈ ગયું હતું. છાતી ધમણની માફક ચાલતી હતી. શ્વાસે શ્વાસે 'હે પ્રભુ! હે પ્રભુ!' બોલતો હતો.

લગભગ એક કલાક ત્યાં બેસી રહ્યો. પછી નીચે ઊતર્યો, ઘૂંટણીએ પડ્યો, માટી લીધી અને તેનો અર્ઘ્ય આપી ઈશ્વરને પ્રાર્થના કરી. 'હે પ્રભુ! તેં મને બચાવ્યો છે, તું મને બચાવજે. તેં મને દોર્યો છે, તું મને દોરજે.'

એ જ ક્ષણે મને બા, બાપુજી, બહેનો, ભાઈઓ—બધાં જ યાદ આવ્યાં. પણ એ યાદને કચડી નાખી અને હમેશને માટે દૂર દૂર ચાલ્યા જવાનો મક્કમ નિર્ધાર કરી લીધો. એ નિર્ધાર દૃઢ થતાં જ બધું અંધારું, બધી સૃષ્ટિ, બધું વાતાવરણ---બધું જ જાણે દોડી દોડીને મારામાં સમાઈ જતું હોય એમ લાગ્યું. (અ.પૃ. ૧૫૫મે)

ગુજરાતની ગુપ્તકાલીન શિલ્પસમૃદ્ધિ



કડવરના વરાહમંદિરમાંની રામની મૂર્તિ

સંસ્કૃતિના એ ↑ સુવર્ણકાળે અહીં
એવી કલા વિકસી જેણે ભારતની શ્રેષ્ઠ કૃતિઓમાં ગણનાપાત્ર એવી પાષાણ અને ધાતુમૂર્તિઓ સર્જાવી
અને જેની અસર છેક એલિફન્ટાની ત્રિમૂર્તિ સુધી પહોંચી

શ્રી ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ ની

આ અભ્યસનીય લેખમાળામાંનાં નિરૂપણો કલાપ્રેમીઓને તો રસમય લાગશે જ
પરંતુ પ્રાચીન કલા સમજવા ઇચ્છનારાઓએ
પણ મૂર્તિઓની સુંદરતા માણવાના તથા તેના કાલનિર્ણય કરવાનાં મુદ્દા સમજાવતી આ લેખમાળા ચૂકવા જેવી નથી

ગયા અંકમાં છેલ્લા ચિત્ર તરીકે રજૂ કરેલી, વડોદરા પાસેના અકોટા(પ્રાચીન અંકોટ્ટક)માંથી મળેલી, શ્રી ઋષભદેવજીની ભવ્ય ધાતુપ્રતિમાના આસનના પાછળના ભાગમાં જે લેખ કોતરેલો છે તેમાં જોકે સંવત આપેલ નથી, છતાં ય, લિપિની દૃષ્ટિએ એ લેખ ઇ.સ. ૫૨૫થી ૫૫૦ની વચ્ચે વિશ્વાસપૂર્વક મૂકી શકાય તેમ છે. ગુજરાતમાંથી મળેલાં મૈત્રકોનાં અનેક તામ્રપત્રો વગેરેની લિપિ સાથે સરખામણી કરવાથી પણ એ સમય ઠીક લાગે છે. 'જૈન સત્ય પ્રકાશ' વર્ષ ૧૭, અંક ૪(જાન્યુઆરી ૧૯૫૨)માં મેં આ પ્રતિમાની ચર્ચા કરી છે તે મુજબ એ પ્રતિમાને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની પ્રતિષ્ઠિત માનવાને વિદ્વાનો પ્રેરાયા છે. ગુપ્તકાળનાં શિલ્પોની એક બીજી વિશિષ્ટતા નોંધવા જેવી છે. પુરુષ-આકૃતિને નગ્ન ના દેખાડે છતાં લિંગનો આકાર દેખાય એવું બારીક વસ્ત્રપરિધાન આ શિલ્પોમાં બતાવવામાં આવે છે. કારવણના હરગૌરી (અંક ૩૭૫, આકૃતિ-૧૯) અને શામળાજીના વીરભદ્ર શિવ(અંક ૩૭૨, ચિત્ર ૩)માં આ જ લક્ષણ જોવામાં આવે છે. જિનભદ્ર વાચનાચાર્યે પ્રતિષ્ઠિત કરેલી એ ઋષભદેવજીની પ્રતિમાને પણ એથી જ ઉપરના સમયની ગણવી જોઈએ.



ઇલોરાની કૈલાસ ગુફામાંના આ ચિત્રની શૈલી અણિયાળી આંખો અને લાંબાં નાકવાળાં ગુજરાતનાં પ્રાચીન ગ્રંથ-ચિત્રોને મળતી જ છે.

હવે એ પ્રતિમામાં યક્ષિણી અંબિકાદેવીની કેશભૂષા, ગળાની માળાઓ વગેરેની સરખામણી અજન્ટાનાં ચિત્રોમાંથી છઠ્ઠા-સાતમા સૈકાનાં મનાતાં ચિત્રો સાથે કરવાથી સ્પષ્ટ થશે કે ઉપર જે સમય આ પ્રતિમા માટે આંકવામાં આવ્યો છે તે ખોટો નથી, એટલું જ નહિ પણ એ પ્રતિમાનાં યક્ષ-યક્ષિણીનું મૂર્તિવિધાન આપણને જે શૈલીનું દર્શન કરાવે છે તે શાર્ઙ્ગધરે શરૂ કરેલી પ્રાચીન પશ્ચિમ હિંદની શૈલી ગણવી જોઈએ એ નિર્વિવાદ હકીકત છે. એથી પણ જૂની અને વધુ સુંદર સિરોહીના મારપુર ખાસથી મળેલી બ્રહ્માજીની મોટી ધાતુપ્રતિમા (અંક ૩૭૨, આકૃતિ ૬) અને અકોટાની મળેલી સુંદર જીવન્તસ્વામી પ્રતિમા (અંક ૩૭૨, આકૃતિ ૫), એ બંને પણ આ જ કલાના જૂનામાં જૂના મળેલા અવશેષો છે. એટલે શાર્ઙ્ગધરની કલા ઈ. સ.ના પાંચમા સૈકાના અંતમાં ઉદ્ભવી એમ માનીએ તો યોગ્ય ગણાય. શાર્ઙ્ગધરની આ કલાના શરૂઆતના સમયનાં બે શિલ્પો—જીવન્તસ્વામી અને બ્રહ્મા—માં ગુપ્ત કલાની છાપ વધુ ઘેરી ને સ્પષ્ટ છે. અને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે પ્રતિષ્ઠિત કરેલી ઉપર્યુક્ત ઋષભદેવજીની ધાતુપ્રતિમામાં પણ સહેજ ઓછી થતી છતાં હજુ એ છાપ રહી છે જ.

આ જ સમયે અજન્ટા અને બાઘનાં ભિત્તિચિત્રો પણ થયાં. ખુદ શાર્ઙ્ગધરે એવાં દેવદેવતાઓનાં ચિત્રો કર્યાના ઉલ્લેખ લામા તારાનાથની નોંધમાં સ્પષ્ટ છે. અજન્ટાનાં આ છઠ્ઠા સૈકાનાં ચિત્રોમાં તે પ્રદેશની આજુબાજુની એટલે કે પ્રાદેશિક (local) કલાશૈલીઓની અસર હોવા છતાં આખાયે પશ્ચિમ ભારતમાં તે સમયે પ્રચલિત ચિત્રપ્રણાલીઓ અને શૈલીની છાપ હવે સ્પષ્ટ થાય છે. આગળનાં મારાં લખાણોમાં બતાવી ગયો છું તેમ, શામળાજીના 'વિશ્વરૂપ વિષ્ણુ' અને એલિફન્ટાની ત્રિમૂર્તિને સરખાવતાં શામળાજીની વિષ્ણુમૂર્તિની અસર એલિફન્ટાની ત્રિમૂર્તિ પર પડી લાગે છે. એ જ પ્રમાણે પરેલની અષ્ટમૂર્તિ શિવપ્રતિમા(જે પણ અંક ૩૭૨માં છાપી છે)નો અભ્યાસ કરતાં પણ એ વસ્તુ ચોક્કસ થાય છે કે શામળાજીથી પરેલ અને એલિફન્ટા સુધી (એટલે કે પ્રાચીન સૂર્પારક સુધી) એક જ કલાશૈલીની બોલબાલા હતી. એથી અજન્ટા સુધી એ કલાની અસર જાય એ માનવાને હવે હરકત નથી, કેમકે વચ્ચેની સાંકળો જડી આવી છે.

ઇડરનાં શિલ્પોથી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણવાળી પ્રતિમા કંઈક જુદી તરી આવે છે તેનું કારણ એ કે એક તો એ ધાતુપ્રતિમા છે; અને વળી ચિત્ર, પાષાણશિલ્પ અને ધાતુશિલ્પ એ ત્રણેયમાં એક જ કલાશૈલીને અમુક લાભાલાભનો અનુભવ કરવો પડે છે; પણ છતાં યે ઝીણુ



ચિત્ર ૨૨ : સૌરાષ્ટ્રના ગુપ્તકાલીન સ્થાપત્યવાળું ગોપનું પ્રાચીન મંદિર
(ભારત સરકારના પુરાતત્ત્વખાતાના સૌજન્યથી)

વટથી જોતાં આ આખા યે વિસ્તાર ઉપર એક જ જાતની કલાપ્રણાલિકાઓ વિસ્તરેલી સ્પષ્ટ થાય છે.

આજ સુધી ગુજરાત–કાઠિયાવાડની આટલી પ્રાચીન કલાકૃતિઓ જાણીતી નહોતી; અથવા જે જાણીતી હતી તેનો અભ્યાસ ઝીણવટથી કરી શકાયો નહોતો (એક કારણ તો પૂરતી સામગ્રીનો અભાવ પણ ખરું); એટલે ઉપરનાં વિધાન કરવાની કોઈ હિંમત કરી શકે તેમ ન હતું. પણ હવે જો પાછલા અભ્યાસના પૂર્વગ્રહોને છોડી નવી દૃષ્ટિથી આ બધું ફરી વિચારીએ તો ઉપરનાં અનુમાનો માનવાનું સૌને દિલ થશે. આથી વધુ ચોક્કસ વિધાનો અત્યારે કરવાં વાજબી નથી; પણ આશા રાખી શકાય કે હજુ વધુ સામગ્રી જડશે તો, અજન્ટાનાં અમુક ચિત્રો અને ગુજરાતની તત્કાલીન કલાની એકવાક્યતા વધુ સ્પષ્ટ થશે.

ચીની મુસાફર હ્યુએન સંગે પોતાના ભારતીય પ્રવાસવર્ણનમાં અજન્ટાની ગુફાઓનો જ્યાં ઉલ્લેખ કર્યો છે ત્યાં તેણે ઈ. સ.ના સાતમા સૈકાના પૂર્વાર્ધમાં જે લોકવાયકા સાંભળેલી તે નોંધી છે; તે મુજબ પશ્ચિમ હિંદના એક પ્રખ્યાત બૌદ્ધ આચાર્યે અહીં એક મોટી ગુફામાં બુદ્ધની પ્રતિમા કોતરાવેલી, અને તેમાં બૌદ્ધ ચિત્રો પણ દોરાવ્યાં હતાં. એટલે કે હ્યુએન-સંગથી નિદાન એક સૈકા પહેલાં આ વાત બની હોય એમ માનીએ તો પણ ઈ. સ. ના છઠ્ઠા સૈકામાં પશ્ચિમ ભારતના એક બૌદ્ધ સાધુએ અહીં ગુફા કોતરાવી ભિત્તિચિત્રો દોરાવ્યાની હકીકત મારાં ઉપરનાં વિધાનોને પુષ્ટિ આપે છે. મારા મિત્ર ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી સાથે અકોટાનાં ધાતુશિલ્પોની ચર્ચા કરતાં એઓએ મારા અનુમાનને પોષક ઉલ્લેખ તરફ મારું ધ્યાન ખેંચ્યું તે માટે હું એમનો ઋણી છું. પશ્ચિમ હિંદમાં, ખાસ કરીને વલભી અને ભરૂચમાં બૌદ્ધો હતા એના ઉલ્લેખો જૈન સાહિત્યમાંથી મળે છે; અને પ્રસિદ્ધ જૈન તાર્કિક શ્રી મલ્લવાદિએ વલભીમાં બૌદ્ધ આચાર્યને વાદમાં હરાવ્યાનું જાણીતું છે. સ્થિરમતિનો વલભીના એક બૌદ્ધ વિહાર સાથેનો સબંધ પણ જાણીતો છે. આ બધું જોતાં હ્યુએન-સંગે નોંધેલી વાત માનવાને વાંધો નથી. મારી આ વિચારસરણી આજે પહેલી વખત જ 'કુમાર' દ્વારા જાહેર કરું છું અને આશા રાખું છું કે આ વિષયમાં વધુ શોધખોળ એ ગુજરાત અને પશ્ચિમ ભારતીય કલાના ઇતિહાસમાં એક અતીવ જ્વલંત વિધાન તરફ દોરી જશે ને અજંટાનાં છઠ્ઠા-સાતમાં સૈકાનાં ચિત્રોમાં પશ્ચિમી ભારતીય કલાકારોની અસરના વધુ સ્પષ્ટ પુરાવાઓ આપી શકાશે.

પ્રાચીન પશ્ચિમ હિંદની એ કલા જે ઉત્તરમાં કાશ્મીર તરફ ફેલાયાનો સ્પષ્ટ ઉલ્લેખ લામા તારાનાથે કર્યો છે તે કલા અજન્ટા સુધી



ચિત્ર ૨૩ : કેશિનિષૂદન કૃષ્ણ—કેશિનો વધ કરતા કૃષ્ણનું સૌરાષ્ટ્રમાં વલભી (વળા) મુકામેથી મળેલું પાંચમા સૈકાનું શિલ્પ

અસર પાડે એમાં કાંઇ અજુગતું નથી એ યાદ રાખવા જેવું છે.

મધ્યકાલીન જૈન અને જૈનેતર ગ્રંથ-ચિત્રો કે લઘુચિત્રો (miniature paintings)ને અજન્ટાનાં આ પ્રાચીન ચિત્રો સાથે સીધો સંબંધ નથી. ઇલોરાની કૈલાસ ગુફામાંના એક ચિત્ર—ગરુડ ઉપર વિરાજમાન વિષ્ણુ સાથે એ ચિત્રોની શૈલીનો સબંધ જોડવામાં આવે છે તે યોગ્ય જ છે; પણ એ લાંબાં અણીઆળાં નાકવાળી ગરુડ આકૃતિની વિશિષ્ટતાને અજન્ટા સાથે જોડી શકાય નહિ. ઇલોરાનું એ ચિત્ર તો લગભગ આઠમા સૈકાનું કે કંઇક પછીનું હશે. 'કુમાર'માં ભવિષ્યમાં ચિત્રશૈલીઓની ચર્ચા કરવાનો વિચાર છે. તેમ થશે તો ત્યારે આ વાતની વધુ સ્પષ્ટ ચર્ચા કરવાનો મોકો પ્રાપ્ત થશે. એટલે હાલ તો એટલું જ કહી શકાય કે મધ્યકાલીન આ લઘુચિત્રો-ગ્રંથચિત્રોના આધારે અજન્ટાની ચિત્રકલાને ગુજરાતી કલા સાથે જોડવાના પ્રયાસો કરવા જેવા નથી. એ પ્રયાસોથી કોઈ કોઇ કહેવા ધારે તો એવું કહે કે અજન્ટા કે ઇલોરાનાં ચિત્રોમાં દેખાતી પ્રણાલી—કલાપ્રવૃત્તિ પશ્ચિમ ભારતમાં ચાલુ રહી અને કાલક્રમે થતા ફેરફારો સહ જે વસ્તુમાં પરિણમી તે એ મધ્યકાલીન ગુજરાતી કે પશ્ચિમ ભારતીય ગ્રંથ ચિત્રકલા. પણ અહીં હું જે સૂચવવા માગુ છું તે તો એ, કે વાસ્તવમાં જ્યારે અજન્ટાનાં ભિત્તિચિત્રો થયાં ત્યારે ગુજરાતમાં અને ઉત્તર ભારતના પશ્ચિમી વિભાગોમાં જે કલા પ્રચલિત હતી એ કલા અને અજન્ટાની કલા એક હોવાનું અથવા એ બે વચ્ચે ખૂબખૂબ ઘનિષ્ઠ સંબંધ હોવાનું હવે આ શિલ્પોના અભ્યાસથી ફલિત થતું લાગે છે. ભારતીય કલાના ખ્યાતનામ અભ્યાસીઓ સાથે મારા આ દૃષ્ટિબિંદુની ચર્ચા ચાલુ છે, અને આ વિચારોને આજે 'કુમાર' દ્વારા પ્રથમ વ્યક્ત કરવાની હિંમત કરું છું. આખરી નિર્ણય બાંધવા માટે હજુ વધુ શોધખોળ અને જૂનાં શિલ્પોના ફોટોગ્રાફો પ્રાપ્ત કરવા જરૂરી છે. (તેથી 'કુમાર'ના વાચકો એમાં જે કાંઈ સહકાર આપશે તે માટે ઋણી રહીશ.)

'કુમાર' અંક ૩૭૨માં પૃ. ૫૦૧ ઉપર શામળાજીના મહાવિષ્ણુનું ચિત્ર (ચિત્ર નં. ૧૩) આપ્યું છે; પણ એની સુંદરતાનો ખયાલ એમાં બરોબર આવતો નથી. મારા મિત્ર ડૉ. રંજનલાલ મજમુંદારે પોતે પાડેલો એનો ફોટોગ્રાફ ફરી છાપવા માટે આપ્યો છે તે ચિત્ર નં ૨૧ (ચિત્રોના આ નંબરો અંક ૩૭૫નાં ચિત્રોના ક્રમાંકના અનુસંધાનમાં



ચિત્ર ૨૪: મહિષમર્દિની—વસ્રીપુર (વળા) સૌરાષ્ટ્રમાંથી મળેલી પાષાણમૂર્તિ: ખંડિત રૂપમાં પણ શોભતો પદવિન્યાસ દાખવતું પાંચમા સૈકાનું એક પ્રાણવાન શિલ્પ

જ આપું છું) તરીકે મોટા કદમાં રજૂ કરું છું. (જુઓ આ અંકનાં આર્ટ પ્લેટ) એમાં વિષ્ણુના મુકુટ, મૌક્તિકમાલા, કેડે બાંધેલી પછેડી વગેરે, તેમજ આકૃતિઓનાં શરીરાલેખન વગેરે સ્પષ્ટરીતે ગુપ્ત કલાનાં જ છે. વિષ્ણુના અંગમાંથી ઉદ્‌ભવતી આકૃતિઓમાં વચ્ચે બ્રહ્મા, મથાળે આપણી જમણી બાજુ ચંદ્ર, ચંદ્ર નીચે વરાહ અવતાર, તેની નીચે એક બાજુએ રામાવતાર—એક હાથમાં બાણ અને બીજા હાથમાં ધનુષ સાથે—સ્પષ્ટ છે. વળી, રામના વક્ષઃસ્થળ નીચેથી ચોકડી પાડીને બંધ બાંધેલો છે તે તો ગુપ્ત યુગનાં અન્ય શિલ્પોમાં નજરે પડે છે, અને ઈ.સ.ના સાતમા સૈકા સુધી તે પ્રચલિત હતો. દેવગઢના ગુપ્તકાલીન દશાવતાર મંદિર (જેમાંનું શેષશાયી વિષ્ણુનું શિલ્પ અંક ૩૭૧, પૃ. ૪૩૯ ઉપર આપ્યું છે)માંથી પ્રાપ્ત થએલાં રામાયણ-કથાનાં શિલ્પોમાં શ્રીરામના શરીર પર એવો જ બંધ જોવામાં આવે છે.

સૌરાષ્ટ્રમાં કદવાર મુકામે વરાહ-મંદિર તરીકે પ્રખ્યાત એક મંદિર છે, જે ગુપ્ત કાલનું, ઈ. સ. છઠ્ઠા સૈકાનું મૂળ હતું એમ કહી શકાય. મંદિરની દ્વારશાખ ઉપરની આકૃતિઓ એ અનુમાનને પોષે છે; એટલું જ નહિ પણ ત્યાંથી મળેલાં એ જ મંદિરનાં છૂટાં શિલ્પોમાં પણ કેટલાંક સ્પષ્ટ રીતે છઠ્ઠા સૈકામાં મૂકી શકાય તેવાં છે. આમાં વામન અવતાર અને રામાવતારનાં બે અલગ અલગ શિલ્પો ખાસ ધ્યાન ખેંચે છે. રામની આકૃતિ વિશાલ ખભાવાળી, સિંહકટિ યુક્ત અને વક્ષઃસ્થલની નીચેથી ચોકડી પાડતા પેલા બંધથી યુક્ત છે. શામળાજીની મહાવિષ્ણુની પ્રતિમા



ચિત્ર ૨૫ તથા ૨૬: વલભી(સૌરાષ્ટ્ર)માંથી મળેલાં છઠ્ઠા સૈકાનાં બે અજ્ઞાત શિલ્પ
(ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાના સૌજન્યથી)

ફ્ળતા માટે તે ચિત્ર નં. ૨૩ તરીકે અહીં ફરી રજૂ કર્યું છે.

આ શિલ્પની સાથે એક બીજા શિલ્પની પણ તે વખતે શ્રી. ડૉ. દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરે નોંધ કરી છબિ પાડેલી. પણ કમભાગ્યે તે શિલ્પો છપાયાં નહોતાં અને એની અગત્ય બહાર આવી નહોતી. વળાનું એ બીજું અગત્યનું શિલ્પ મહિષમર્દિની(દુર્ગા)નું છે, જે અહીં ચિત્ર નં. ૨૪ તરીકે રજૂ કર્યું છે. મસ્તક ખંડિત થઈ ખોવાઈ ગયું છે, હાથ પણ ખંડિત છે, છતાં ડાબા હાથનો બાજુબંધ થોડોક દેખાય છે, તે શામળાજીની માતૃકાઓ વગેરેની આકૃતિઓમાંના બાજુબંધ જેવો જ છે. કેડે બાંધેલો આમળાનો કમરબંધ સ્પષ્ટ રીતે ક્ષત્રપ યુગના કમરબંધમાંથી ઊતરી આવેલો છે અને ગુપ્ત યુગના પૂર્વાર્ધમાં આ શિલ્પને મૂકવામાં મદદ કરે છે. દેવીનાં બારીક વસ્ત્ર સોંસરો એનો શૌર્યભર્યો પદવિન્યાસ—જેના વડે એ મહિષઅસુરના મસ્તકને ચાંપે—કચડે છે એ ખરેખર સુંદર છે. મહિષ-અસુરને આ ઢબે જ કચડાતો બતાવતું, અને દેવીને પણ લગભગ આ જ રીતે અસુરના મસ્તક ઉપર પગ મૂકી એનો વધ કરી બતાવતું એક મસ્તકરહિતસુંદર શિલ્પ એલિફન્ટા(મુંબાઈ પાસે)થી મળેલું હાલ મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં સુરક્ષિત છે. તે આ શિલ્પથી કંઇક પછીનું છે, કેમકે એમાં કમરબંધ આ ઘાટનો નથી. પણ મહિષાસુર મર્દિનીને આ ઢબે રજૂ કરવામાં તો વલભીની આ પ્રતિમાની પ્રણાલિકાનું એલિફન્ટાના શિલ્પમાં સ્પષ્ટ અનુસરણ છે તે ખાસ યાદ રાખવું જોઇએ. આખા યે પશ્ચિમ ભારતમાં એ વખતે શૈવ સમ્પ્રદાયનું જોર હતું અને મહિષમર્દિનીની જૂની પ્રતિમાઓમાં આ પ્રદેશમાં આ શૈલીએ દેવીનું આલેખનથતું એમ માની શકાય.

વલભી-વળામાંથી મળેલું એક ત્રીજું શિલ્પ (ચિત્ર નં. ૨૫) કોઈ યોદ્ધાનું છે. પગનો ભાગ નવો, પ્લાસ્ટરનો બનાવેલો ખેડોળ છે. તે સિવાયની શિલ્પકૃતિ ખરેખર મૂળે બહુ જ સુંદર હશે એમ જોઇ શકાય છે. એ કોઇ રાજકુમાર કે યોદ્ધાની કેશરચના, એના ગળાની એકાવલિ અને તેની નીચેનો બંધ, તેમજ મસ્તક ઉપરનો મૌલિ-બંધ (fillet) નોંધપાત્ર છે. કેશિ-નિષૂદ્ન કૃષ્ણ અને મહિષમર્દિનીનાં શિલ્પોનું સમ-



ચિત્ર ૨૮: શામળાજીમાંથી મળેલી માતૃકા: ગુજરાતનાં સર્વોત્કૃષ્ટ શિલ્પોમાંનું એક
શકાય તેવું ઈ. સ. ૬૦૦ આસપાસનું શિલ્પ

પછીની અને ઈ. સ.ના છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધની એ પ્રતિમા ખાસ નોંધપાત્ર છે. એ શિલ્પને ઈ. સ. ૬૦૦ પછીનું ગણવાની જરૂર નથી.

સૌરાષ્ટ્રનાં શિલ્પોનો વિચાર કરતાં અહીં ગોપનું વિખ્યાત હિંદુ મંદિર યાદ આવે છે. ગુપ્તકાલના પ્રચલિત સ્થાપત્યવિધાન અનુસાર એની રચના છે. એના શિખરભાગે જે ગવાક્ષોની આકૃતિઓ છે તે જોતાં એ મંદિર ગુપ્તકાલીન ગણી શકાય (આકૃતિ ૨૨). શિખરમાં ઉપરના ભાગે ગવાક્ષમાં શિલ્પાકૃતિઓ છે, અને મંદિરના નીચેના ભાગમાં પણ અમુક છૂટાંછવાયાં શિલ્પો છે. આ શિલ્પોના સારા ફોટોગ્રાફ મળી શક્યા નથી, પણ ગોપમાં નજીકમાં એક ગુપ્તોત્તરકાલીન વિષ્ણુ-પ્રતિમા પડી છે એની નોંધ અહીં લઉં છું. ઉપર્યુક્ત મંદિરને ભારતીય પુરાતત્ત્વખાતાએ પાંચમા સૈકાનું ગણ્યું છે તે યોગ્ય કારણોથી જ ગણ્યું છે. આ સ્થળેથી, મને તો આશા છે કે, આથી જૂના—નિદાન ક્ષત્રપ યુગના અવશેષો પણ મળી આવે. ક્ષત્રપકાલીન સ્થાપત્યો આપણી પાસે નથી, પણ ગુજરાતમાં આજે વડોદરા યુનિવર્સિટી જે ખોદકામ કરી રહી છે તેમાં, ખાસ કરીને અકોટામાંથી મળેલા એક વિશાલ કમરાવાળા કોઈ મકાન કે મંદિરના મળેલા અવશેષો નોંધપાત્ર છે. હવે તો, પૂરતી સંભાળના અભાવે ખોદાએલા એ અવશેષનો વિનાશ શરૂ થઈ ગયો છે, પણ વડનગર કે અન્ય સ્થળોએ ગુજરાતની પ્રાચીન નગર-રચના (town planning) અને રહેવાનાં મકાનોનો—બાંધણી, રચના વગેરેનો—ખયાલ આવે એટલું વિસ્તૃત ખોદકામ યુનિવર્સિટી ભવિષ્યમાં કરશે એમ આશા રાખીએ. (આવાં કાર્યો માટે ગુજરાતના ધનપતિઓ જો શિક્ષણસંસ્થાઓને ખાસ મદદ આપે તો આ કાર્ય જલદી થઈ શકે.)

સૌરાષ્ટ્રમાં ગુપ્તકાલીન બીજાં શિલ્પોમાં વળા—વલભીથી મળેલાં ત્રણેક પ્રાચીન શિલ્પો ખાસ ધ્યાન ખેંચે છે. આમાંનું એક શિલ્પ, કેશિનો વધ કરતા શ્રી કૃષ્ણનું, અંક ૩૭૨માં પૃ. ૩૯૭ ઉપર આપીને બતાવ્યું છે તેમ એને ઈ.સ.ના પાંચમા સૈકાનું ગણવું જોઇએ. વાચકોની અનુ-




ચિત્ર ૨૭: શિબિ રાજા(?)-દ્વારકામાંથી મળેલું ત્રીજા સૈકાની આસપાસનું ક્ષત્રપયુગનું વિશિષ્ટ શિલ્પ (વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી)

કાલીન ભલે આ શિલ્પ ના હોય, તો પણ એને છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધ સુધીમાં મૂકી શકાય. વળાથી મળેલું ચોથું શિલ્પ (ચિત્ર ૨૬) પણ ખંડિત છે. પરંતુ એ પણ સ્પષ્ટરીતે ગુપ્તકાલીન (ઈ.સ.ના છઠ્ઠા સૈકાનું) છે એ વાચકો હવે સમજી શકશે.

સૌરાષ્ટ્રનું એક બીજું શિલ્પ વર્ષોથી વડોદરા મ્યૂઝિયમમાં સુરક્ષિત છે. એ શિલ્પ દ્વારકાથી મળેલું છે અને અહીં ચિત્ર ૨૭ તરીકે રજૂ કર્યું છે. છબિ જોતાં જણાશે કે ડાબે ખૂણે નીચેના ભાગમાં પગના પંજા જેવું છે, એટલે આ શિલ્પ મંદિરના સ્તંભ ઉપર કીચક તરીકે ગોઠવવામાં આવ્યું હોય એમ સંભવિત છે; કેમકે એવા વાળેલા પગ બતાવી આવું શિલ્પ કીચક તરીકે જ શોભાવી શકાય. પણ આ શિલ્પ ઝીણવટભર્યો અભ્યાસ માગી લે છે. માથે મુકુટ પહેરેલો છે, કંઠમાં મોટો નિષ્ક-હાર, -સોનૈયાનો કે રત્નજડિત-ધારણ કર્યો છે, મસ્તક પાછળ પ્રભાવલિ ('ભામંડલ') જેવું લાગે છે, તેમજ પ્રતિમાના જમણા ખભા પાછળથી જ્વાળાઓ નીકળતી બતાવી છે. આ બધું કોઈ દેવ-આકૃતિ બતાવવાનો ઈરાદો દર્શાવે છે; અથવા તે કોઈ દેવાંશી રાજવીનું શિલ્પ હોઈ શકે. એના બે હાથ વડે છાતી પાસે સાચવીને પકડી રાખેલું પંખી, શ્યેનને ખાતર પ્રાણ આપવા તૈયાર થએલા વિખ્યાત શિબિ રાજાની યાદ આપે છે. આખાયે શિલ્પની આલેખનશૈલી ચર્ચાનો વિષય બની છે. મારા મિત્ર ડૉ. ગોએત્સના મતે આ શિલ્પ સાતમા-આઠમા સૈકાનું છે. મારો મત સતત એને ક્ષત્રપ યુગમાં—ઇ. સ.ના ત્રીજા સૈકાની આસપાસ મૂકવાનો રહ્યો છે. સાતમા-આઠમા સૈકાનાં શિલ્પો આથી વધુ સુંદર અથવા કહો કે આથી જુદા પડતા આલેખનનાં મળે છે. અલંકારોમાં પણ આવો હાર કે આવો બાજુબંધ એ સમયનાં શિલ્પોમાં મળતો નથી. રાજાના મસ્તક ઉપરના મુકુટ અથવા પાઘના ઘાટ પણ જુદો તરી આવે છે. ધડના ભાગની વાત જવા દઇએ તોપણ બે ભુજાઓ સ્પષ્ટરીતે બેડોળ છે. આખા યે શિલ્પમાં શક કે ઈરાનિયન અસર હોય એવી શંકા જાય છે: ખાસ કરીને ખભા પાછળથી જે જ્વાળાઓ નીકળતી બતાવી છે એ સૂચક ગણાય. મથુરાનાં કુશાણયુગનાં (ઇ. સ. પહેલાથી ત્રીજા સૈકાનાં) શિલ્પોમાં જેવાં ભારે શરીર દેખાય છે, તેવું અહીં પણ કંઇક અંશે સ્પષ્ટ છે. એ જ સમયનાં, એટલે કે પશ્ચિમ ભારત ઉપરના શકજાતીય ક્ષત્રપોના અમલ દરમ્યાનનાં આપણે ત્યાંનાં શિલ્પો પ્રકાશમાં આવ્યાં નથી એટલે આ શિલ્પને ક્ષત્રપ યુગનું કહેતાં સંકોચ રહે તે ઇષ્ટ છે. તેથી, આજે જોકે વિશ્વાસપૂર્વક નિર્ણય બાંધતો નથી, છતાં આ શિલ્પને ક્ષત્રપ અને ગુપ્તોના સંધિકાળનું અથવા ક્ષત્રપ યુગનું જ ગણવાનું હું વધુ ઇષ્ટ ગણું છું.

ડૉ. સ્ટેલા ક્રેમરિશ જ્યારે વડોદરા મ્યૂઝિયમ જોવા પધારેલાં ત્યારે આ શિલ્પ વિષે મેં એમની આગળ મારા મતની રજૂઆત કરી હતી. આ તરફનાં જૂનાં શિલ્પો હમણાંહમણાં જ વધુ પ્રકાશમાં આવવાથી અને આ રીતે અહીંનાં શિલ્પોનો ઐતિહાસિક ક્રમબદ્ધ અભ્યાસ કોઇએ કરેલો નહિ હોવાથી આવાં શિલ્પોનો સમય નક્કી કરતાં સૌકોઇને પહેલાં આંચકો લાગે છે; પણ આનંદની વાત એ છે કે ભૂલ કરવી હોય તોપણ મારા સમયનિર્ણયને હાલ—કામચલાઉ—નિર્ણય ગણી એ જ સમય આ શિલ્પને માટે મૂકવા તેઓએ મને રૂબરૂ સંમતિ આપી હતી. અમે બંને આ બાબતમાં કોઈ જાતનો આગ્રહ ધરવા માગતાં નથી. આટલું વિસ્તારથી લખવાનું કારણ એટલું જ કે આપણે ગુજરાત, મારવાડ, સૌરાષ્ટ્ર અને કચ્છનાં શિલ્પોના અભ્યાસમાં કેવીકેવી દૃષ્ટિથી પાછલા તમામ પૂર્વગ્રહો છોડી, નવેસર ઝીણવટથી અભ્યાસ કરી, ખૂટતા અંકોડા શોધવાના છે તે તરફ સર્વે કલાપ્રેમીઓ અને કલાવિવેચકોનું હું ધ્યાન દોરવા માગું છું. ક્ષત્રપ અને ગુપ્તોત્તર એ બે સમયોના નિર્ણયો



ચિત્ર ૨૯: શામળાજીમાંથી મળેલો પાંચમા કે છઠ્ઠા સૈકાની આસપાસની બનાવટનો મરકત શિલાનો નંદિ


વચ્ચે ઝોલાં ખાતા આ શિલ્પને ગુપ્તકાલીન શિલ્પસમૃદ્ધિની લેખમાળામાં ચર્ચવાનું કારણ એટલું જ કે ગુપ્તકાલીન શિલ્પો સમજાવ્યા પહેલાં આની રજૂઆત કરવી ઇષ્ટ નહોતી.

'કુમાર'ના પાછલા અંકોમાં શામળાજીનાં ઘણાં શિલ્પોનાં ચિત્રો આપ્યાં છે. એમાં માતા અને શિશુની શિલ્પાકૃતિઓ પણ રજૂ કરી છે. આવી જ, શામળાજીની એકબીજી ખંડિત શિલ્પાકૃતિ (જે કોઈ માતૃકાની હોઈ શકે) આ સાથે રજૂ કરું છું (ચિત્ર ૨૮), જેમાં માતાના કેશવિન્યાસ, એના ગળાની હાંસડી તથા હાર, બાજુબંધ વગેરે શામળાજીની અન્ય માતૃકાઓ સાથે સરખાવી જોવા ભલામણ છે. આ પ્રતિમા આગળ ચર્ચેલી શામળાજીની અન્ય પ્રતિમાઓના સમયથી બહુ અર્વાચીન નથી જ, અને એનો સમય ઈ. સ. ૫૫૦થી ઈ. સ. ૬૦૦ આસપાસ મૂકી શકાય,-એથી કંઈક જૂની પણ હોવા સંભવ છે. દેવીનો લલિત ત્રિભંગ અને કેડે તેડેલું બાળક આ આખાયે શિલ્પને એટલું સજીવ બનાવી દે છે કે ગુજરાતનાં સર્વોત્કૃષ્ટ શિલ્પો ભેગું તેને સ્થાન મળવું જોઇએ.

આ જ સમયનો, મરકત શિલાનો એક સુંદર નંદિ પણ શામળાજીથી મળેલો છે જે ચિત્ર નં. ૨૯ તરીકે રજૂ કરું છું. એ નંદિ પણ ગુપ્તકાલીન જ છે. ઉપરનાં બંને શિલ્પો હાલ વડોદરા મ્યૂઝિયમમાં, શામળાજીનાં અન્ય શિલ્પો સાથે સુરક્ષિત છે.

કોઈ મંદિરની કોતરણીના બે ખંડિત ટુકડા પણ શામળાજી-દેવની મોરી-થી આવેલા તે વડોદરા મ્યૂઝિયમમાં સુરક્ષિત છે. તેનાં ચિત્રો પણ ભવિષ્યમાં 'કુમાર'માં આપવા ઇચ્છા છે.

ગુજરાતમાંથી ગુપ્ત સમયનાં બીજાં થોડાં શિલ્પો મળ્યાં છે. એમાં ખાસ નોંધપાત્ર છે કારવણની બે નાની શિલ્પ-કૃતિઓ. આ બંનેની શોધનો યશ વડોદરા યુનિવર્સિટિના આશાસ્પદ યુવાન પુરાતત્ત્વવિદ્ શ્રી રમણલાલ નાગરજી મહેતાને ફાળે જાય છે. ઉપર વલભીની મહિષમર્દિનીની વાત કરી તે જ શૈલીની, અને વસ્ત્રપરિધાનમાં શામળાજી-દેવની મોરી-ની માતૃકાઓ માફક વલ્લિઓયુક્ત સાડીવાળી, નાની સરખી મહિષમર્દિનીની એક તકતી એમાં છે. પીળા રંગના પાષાણની આ પાતળી નાની તકતી, શ્રી મહેતા ગણે છે તેમુજબ, વાસ્તવિકરીતે ઈ.સ.ના પાંચમા સૈકાની જ છે. એક નાનું પાષાણનું મસ્તક પણ એમને જડયું છે, જે કોઈ નાની આકૃતિનું મસ્તક હશે. એના મુકુટની રચના (અનુ૦ પૃ. ૧૪૯મે)



જીવાણુઓથી થતા રોગો

માંદગીનાં મૂળ · હપતો ૪થો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

←સૂક્ષ્માતિસૂક્ષ્મ જંતુ બૅકટીરિયાના છ વિવિધ આકારો: (૧) વર્તુલાકારના (Cocus); (૨) સળીઆ આકારના (Bacillus); (૩) અલ્પવિરામના આકારના (Commas); (૪) દ્વિગોળાકાર (Diplococus); (૫) સર્પાકાર (Spirillum) અને (૬) સાંકળના આકારના (Strepto cocus).

માનવજાતને પીડતા અનેક રોગોમાં જીવાણુઓ (જંતુઓ) થી થતા રોગોનું પ્રમાણ વધારે છે. કોઈ પણ વ્યક્તિ આખા જીવન દરમિયાન જીવાણુઓથી થતા રોગ-મૅલેરિયા, ટાઇફૉઈડ ન્યૂમોનિયા વગેરે પૈકી એકાદનો ભોગ બન્યા વિના ભાગ્યે જ રહી હશે. આ જમાનામાં શહેરોની ગીચ વસતિમાં રહેણાક, આધુનિક શિક્ષણ, આધુનિક મોજમજાહો, વાહન અને સંદેશવ્યવહારનાં સાધનોનો વિકાસ, આવાં અનેક કારણોસર માનવીને જીવાણુઓથી થતા રોગો થવાની શક્યતા વધી છે. સામી બાજુએ, જોકે વિજ્ઞાને શોધેલાં સાધનો વડે માનવીને આ રોગોથી રક્ષણ તો મળે છે, પણ જ્યાં વસતિની ગીચતા વિશેષ ત્યાં તો રોગ થઈ આવવાનો ભય અનિવાર્ય જ.

દરેક જીવંત પદાર્થનું લાક્ષણિક દ્રવ્ય જીવરસ (protoplasm) છે અને જીવાણુઓ (bacteria microdes)એ જીવ-રસના સૂક્ષ્મ કણો છે. તે નાજુક આવરણથી ઢંકાએલા હોય છે. સાદા દેહની જેમ સાદું એમનું જીવન છે, છતાં ય જીવનનાં ચાર મુખ્ય લક્ષણો એમનામાં દેખા દે છે. આ છે વૃદ્ધિ, પ્રજનન, શ્વાસોચ્છ્વાસ અને અન્નપાચન. વળી પોષણ અને પરિસ્થિતિની સ્થિતિઓ અનુસાર તે દેખાવ ને વર્તનમાં વિકાર દાખવે છે.

જીવાણુઓ એ વનસ્પતિવર્ગના જીવ છે. એમને પ્રથમ શોધી કાઢનાર ડચ વૈજ્ઞાનિક લ્યુવેનહૉક(ઈ. સ. ૧૬૮૭)હતો. એમનું કદ અતિ સૂક્ષ્મ છે અને તે માઇક્રોનના માપથી મપાય છે. એક માઇક્રોન એટલે ઇંચનો પચીસ હજારમો ભાગ. વજનમાં પણ તે એટલાં જ સૂક્ષ્મ છે. પચાસ કરોડ જીવાણુઓનું વજન માત્ર એક મિલિગ્રામ (ગ્રામનો હજારમો ભાગ તે મિલિગ્રામ, અને એક ગ્રામ એ બે આનીભારનો પોણો ભાગ) થાય છે.

જળ, સ્થળ ને હવા; ભીંત, ફર્નિચર ને કપડાં, પુસ્તકો ખાનપાન-અરે, આપણા દરેકેદરેક પદાર્થમાં જીવાણુઓનો વાસ છે. એમના આકાર પ્રમાણે એમના છ વિભાગો પાડવામાં આવ્યા છે: (૧) વતુલાકાર (cocus), (૨) સળિયા આકારના (bacillus), (૩) અલ્પવિરામ આકારના (commas), (૪) દ્વિગોળાકાર (diplococus), (૫) સર્પાકાર (spirillum) અને (૬) સાંકળ આકારના (striptococus). આમાંનાં કેટલાંઓને માછલીની ફિન જેવાં સાધનો હોવાથી તે હલનચલન કરી શકે છે. એમનામાં નર ને નારી જેવા જાતિભેદ નથી. દેહના બે ભાગલા પાડવાની વિભાજનની સાદી ક્રિયાથી એમની ઉત્પત્તિ થાય છે.

જીવાણુઓની વિશાળ સૃષ્ટિમાંથી અતિ જૂજ પ્રકારો જ માનવી માટે નુકસાનકારક છે, બાકીનાંને માનવીનું શરીર માફક આવતું ન હોવાથી તેઓ માનવી પ્રત્યે બેદરકાર રહે છે. થોડાંક જીવાણુઓ તો માનવી માટે ઉપકારક પણ છે. તેઓ અન્નમાર્ગમાં વસી પાચનક્રિયાને મદદ કરે છે. જમીનમાંના નત્રવાયુનું પ્રમાણ સતત જાળવી જમીનની ફળદ્રુપતા આબાદ રાખે છે. દહીં ને પનીર બનાવનાર પણ આપણા મિત્ર જીવાણુઓ જ છે.

પણ ઉપર કહ્યું તેમ થોડાં જીવાણુઓની આપણા શરીર પર માઠી અસરો થતી હોવાથી આપણે તો એમના સંબંધે જ વિચારવાનું છે.

પ્રાણીઓમાં રોગ આણનાર જીવાણુઓ વનસ્પતિમાં રોગ આણતા નથી અને આંચળવાળાં પ્રાણીઓને રોગી બનાવનાર જીવાણુઓ સાપ વર્ગનાં પ્રાણીઓને નુકસાન કરતા નથી. આપણામાં રોગ આણનાર જીવાણુઓ (pathogenica organisms) માનવીજીવનનો નાશ કરવા માટે ખાસ સંહારશક્તિવાળા જ સર્જાય છે એવું કાંઈ નથી. બીજા જીવોની જેમ તે પણ જીવવા મથવા જ આપણા શરીરમાં પ્રવેશે છે. એ એમના માટેની તો અસ્તિત્વ ટકાવી રાખવાની સાહજ ક્રિયા છે; અને તે આપણા શરીરમાં બૂરી અસરો ઉપજાવે છે એ એક અકસ્માત છે. જીવાણુઓ કાંઇ વિષબિંદુઓ કે રોગવાહક પણ નથી. માત્ર એમની હાજરીથી શરીરમાં પેદા થતી ક્રિયાને પરિણામે રોગ થઈ આવે છે. આ રીતે પેદા થતી આપણી શારીરિક સ્થિતિની અસરો જીવાણુઓને પણ ભોગવવી પડે છે.

જીવાણુઓથી થતા રોગ બે રીતે પેદા થાય છે: એક તો શરીરની પેશીઓ ઉપર જીવાણુઓના હુમલો થવાથી, અને બીજું પેશીઓ માટે નાશકારક ઝેર છોડવાથી. કેટલાક જીવાણુઓ હુમલો કરવાની શક્તિ વિનાના છે, તો ઘણા જીવાણુઓ આ બન્ને રીતો અજમાવતા હોય છે.

પોતાની મૂળ જગ્યાએ કાબૂ બહારની સંખ્યામાં વધી આખા શરીરમાં પસરી વળે એ એમનો 'હુમલો' છે. દાખલા તરીકે ડિપ્થેરીઆના જીવાણુઓ ગળામાં આવેલા ચોળિયાની સપાટી ઉપર અડ્ડો જમાવી સંખ્યામાં વધે છે. અને એમાંથી ઉત્પન્ન થએલું ખાસ પ્રકારનું ઝેર, તળેની પેશીઓમાં શોષાઈ કે લોહીમાં ભળી આખા શરીરમાં પસરી જાય છે. આ ક્રિયાની અસર નીચે મગજના કોષો નાશ પામવાથી શરીરની અગત્યની કામગીરીઓ બંધ પડે છે અને માણસ મરણ પામે છે.

રોગોત્પાદક દરેક જીવાણુને વિશિષ્ટ પ્રકારનું ઝેર હોય છે. એ ઝેરની બે જાતો છે: (૧) એક્ઝોટૉક્સિન્સ(exotoxins) અને (૨) એન્ડોટૉક્સિન્સ (endotoxins). જીવાણુઓમાંથી નીકળતું ખાસ ઝેર તે એક્ઝો-ટૉક્સિન, અને શરીરના કોષોમાં સંઘરાઇ રહેલું એમનું ઝેર તે એન્ડો-ટૉક્સિન. એ ઝેર કોષોના મરણ બાદ શરીરમાં ફરી વળે છે. આપણામાં રોગ આણનાર ઝેર મોટે ભાગે એન્ડોટૉક્સિન હોય છે. ન્યૂમોનિયા અને કૉલેરા એ એન્ડોટૉક્સિનનું પરિણામ છે, તો સૂતિકાજ્વર એ એક્ઝોટૉક્સિનનું પરિણામ છે.

એક બાજુ જીવાણુઓની રોગસંચાર(infection) કરવાની શક્તિ ને બીજી બાજુ વ્યક્તિની તેનો પ્રતિકાર કરવાની શક્તિ (resistance)

એ બે વચ્ચેની સમતુલા તૂટતાં રોગ પેદા થાય છે. માનવીની પ્રતિકારશક્તિ પ્રબળ હોય તો એને એ રોગોનાં ચિહ્નો દેખાતાં તો નથી, પણ પોતાના શરીરમાં રહેલાં એ જીવાણુઓને તે જેની ઓછી પ્રતિકારશક્તિ હોય તેને અજાણપણે લગાડે છે. ચેપનો વારંવાર પ્રતિકાર જે કરી શકે તેનામાં તે જીવાણુઓ સામેની સહિષ્ણુતા (immunity) પ્રગટે છે.

જીવાણુઓની સંખ્યા, એમની સંહારશક્તિ (virulence) અને શરીરમાં એમનો પ્રવેશ, આ ત્રણ બાબતો પર કોઈ પણ જીવાણુના રોગસંચારનો આધાર છે. વળી જીવાણુઓનું ઝેરીપણું કાયમી નથી હોતું. પરિસ્થિતિ, ખોરાક અને બીજાં બળોના કારણથી ટૂંકા સમયને અંતરે એમાં ફેરફાર પણ થાય છે. ઉપરાંત જીવાણુઓથી થતા રોગો સો એ સો ટકા મારક પણ નથી હોતા. રોગચાળા વખતે અમુક વ્યક્તિઓ તદ્દન બચી જાય છે, તો કેટલાક રોગમાં સપડાઇને સાજા પણ થાય છે. જીવાણુઓની સંહારશક્તિ ઘટવાથી અથવા માનવીની પ્રતિકારશક્તિ વધીને જીવાણુઓનું પરજીવીપણું નહિ ટકવાથી ધીમેધીમે એમનો નાશ થાય છે. ઈંગ્લંડમાંથી ક્ષય ઘટવાનાં ઉપરનાં બે કારણો છે.


થોડાક જીવાણુઓ શરીરના કોઈ પણ દ્વારમાંથી પ્રવેશી રોગ પેદા કરે છે, તો વળી બીજા જીવાણુઓ પ્રવેશવા માટે શરીરના કોઈ ખાસ અવયવ કે પેશીને પહેલી પસંદ કરે છે. ટાઇફૉઈડ તાવના આણનાર બૅસિલસ ટાઇફૉસસ પાણી કે ખોરાક દ્વારા મોં વાટે પ્રવેશી આંતરડાંમાં અડ્ડો જમાવે છે. ચામડીમાં ઘસવાથી, ઘામાં મૂકવાથી કે ફેફસાંમાં શ્વાસ વાટે એ જીવાણુઓ જવાથી ટાઇફૉઈડ તાવ આવતો નથી. પરમિયો કરનાર 'ગોનો કોકાઇ' જીવાણુઓએ રોગ ઉપજાવવા માટે મૂત્રનળીની આંતરત્વચા કે આંખના નેત્રાવરણમાં સ્થાન જમાવવું જોઇએ. સિફિલિસના જીવાણુઓ તંદુરસ્ત આંતરત્વચા પર હુમલો કરી શકે છે, પણ સળંગ ચામડીમાં પ્રવેશી શકતાં નથી. ધનુરવાના જીવાણુઓ દુરસ્ત પેશી ઉપર પોષણ કે સંવર્ધન પામતાં નથી, પણ ઘામાં પ્રવેશ્યા બાદ જ ઊછરે છે. એમનાથી પેદા થતું ઝેર ઝેરકચોલાં કરતાં દોઢસોગણું ને નાગના કાતિલ ઝેર કરતાં વીસગણું વધારે તીવ્ર હોય છે!

જીવાણુઓની સંહારશક્તિ સહેલાઈથી વધે, ઘટે કે નાશ પામે છે. વધારે ઉષ્મામાનમાં તે નાશ પામે છે. ખોરાક ને પરિસ્થિતિ બદલાતાં પણ એમાં ઘટાડો થાય છે. તો વળી વખત આવ્યે મંદ રોગોત્પાદક જીવાણુઓ ઉગ્રતા ધારણ કરે છે કે આપણા માટે ઝેરી પણ બને છે. આપણા શરીરમાં કોઈ પણ જાતનો ઉપદ્રવ કર્યા વિના વસતા જીવાણુઓ પણ રોગ ઉપજાવે છે, એ હકીકત આ ક્રિયામાં છતી થાય છે. આવે વખતે જીવાણુનું ઝેરીપણું વધવા સાથે વ્યક્તિની રોગપ્રતિકારશક્તિ ઘટવાનું કારણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. જીવાણુઓનાં બદલાતાં લક્ષણોની જેમ વ્યક્તિનાં રક્ષણાત્મક બળો પણ બદલાય છે.

રોગજીવાણુઓને રોગ ઉપજાવવા માટે સ્થાનિક અને સાર્વત્રિક સ્થિતિઓ પણ અનુકૂળ હોવી જોઇએ. ઘા પડ્યો હોય તો જ એમાં ધનુર્વાના જીવાણુઓ વસીને વૃદ્ધિ પામે છે. ડિપ્થેરીઆમાં પણ એમની જગ્યાએ બીજા જીવાણુઓએ સ્થાન તૈયાર કર્યું હોય તો જ ડિપ્થેરીઆનું ઝેર ઉગ્ર બને છે. આ જ રીતે દાહક ધૂળમાં વસનાર વ્યક્તિને ક્ષય જલદી લાગુ પડે છે.

હવે આપણે જીવાણુઓને શરીરમાં પ્રવેશવાનાં દ્વારો જોઇએ. આપણા બધા જ અવયવો ચામડીના અસ્તરથી ઢંકાએલા છે. નાક, કાન, મોઢું ને જનનેંદ્રિય જેવાં છિદ્રોને આંતરત્વચાનું આવરણ આવેલું છે. કપાયા વિનાની ચામડીમાંથી મોટા ભાગના જીવાણુઓ પ્રવેશી શકતા નથી. ઘણા થોડા જીવાણુ જ આખી ચામડી ભેદી શકે છે. જીવાણુઓ એટલા તો સૂક્ષ્મ છે કે નરી આંખે ના દેખાય એવી ચામડીની ફાટમાંથી તેઓ પ્રવેશ મેળવે છે. ચપોચપ કે જાડાં કપડાંનો પહેરવેશ, ખજવાળ, હજામત, ઊડેલી રજકણોનો સપાટો, પછડાટ, વાગવું, ઠોકરાવું વગેરે ઘણાં કારણોથી ચામડીમાં પડતી સૂક્ષ્માતિસૂક્ષ્મ ફાટમાંથી જીવાણુઓને શરીરમાં પ્રવેશવાનું સહેલું થઇ પડે છે.

શરીરના લગભગ સૌ અવયવો જીવાણુઓના હુમલા સામે થોડી પ્રતિકારશક્તિ તો ધરાવે જ છે, પણ તે ચામડીની તોલે ન આવી શકે. વળી આ શક્તિ જુદાજુદા જીવાણુઓ માટે ઓછીવત્તી રહે છે અને એ



હવા, પાણી, માટી અને મૃત તથા સજીવ સૃષ્ટિ બધે જેનો વાસ છે અને જે પરને ખાઇને જ પોષાય છે એ રોગનો ફેલાવો કરતાં અત્યંત સૂક્ષ્મ જંતુઓ. એક ઇંચના ૬૦૦મા ભાગથી માંડીને ૫૦,૦૦૦મા ભાગ જેવડા કદનાં એ જંતુઓના પણ અનેક પ્રકારો છે. એમાંના સોળ રોગોનાં જંતુઓ અહીં અતિગણા વિપુલ કરી બતાવ્યા છે.

જ જીવાણુઓ માટે વ્યક્તિની ઉંમર કે પરિસ્થિતિ અનુસાર બદલાતી પણ રહે છે. માનવીનો એક અવયવ નાનપણમાં અમુક જીવાણુઓ માટે પ્રતિકારશક્તિ દાખવે તો તે જ અવયવ મોટપણે જીવાણુઓનો ભોગ થઈ પડે છે. દા. ત. નાનપણ અને ઘડપણમાં, ઠંડી અને ભીનાશવાળા હવામાનમાં (આબોહવામાં નહિ) માનવીનાં ફેફસાં ન્યૂમોનિયાના જીવાણુઓના હુમલાના જલદી ભોગ થઈ પડે છે.

આપણા શરીરનું મોટામાં મોટું છિદ્ર તે અન્નમાર્ગ છે. એની શરૂઆત મોઢાથી થાય છે અને ગુદા એ તેનો છેડો છે. એમાં રહેલાં ખોરાક કે જીવાણુઓ શરીરની બહાર રહેલાં જ ગણી શકાય. સમજમાં ના આવે એવી આ બીનાના સ્પષ્ટીકરણમાં કહેવાનું કે જ્યાં સુધી ખોરાક કે જીવાણુઓ શોષાઈ કે અંદર પ્રવેશી શરીરમાં ન જાય ત્યાં સુધી તો તે શરીરની બહાર જ ગણાય. થૂંક, ખોરાક તથા પાણીમાં વસતા અસંખ્ય જીવાણુઓ જો શરીરની અંદર પ્રવેશતા હોય તો આપણે જીવાણુઓથી થતા રોગોથી કદી મુક્ત ન હોત. પણ આ બધા જીવાણુઓનો જઠરના હાઈડ્રોક્લોરિક ઍસિડમાં નાશ થાય છે. કોઈ કારણસર આમાંથી બચેલા જીવાણુઓ આંતરડામાં જાય તો ત્યાં અનેક જાતના જીવાણુઓના ટોળામાં ક્યાંયે અટવાઈ જઈ છેવટે મળ સાથે શરીર બહાર ફેંકાઈ જાય છે. સૂકા મળના ત્રીજા ભાગનું વજન તો જીવાણુઓ ને ફૂગનું જ હોય છે! પણ અન્નમાર્ગની આંતરત્વચા કૉલેરા, મરડો અને ટાઇફૉઇડના જીવાણુઓ માટે તો ઘણું નબળું રક્ષણ આપે છે.

હવાનાકમાંથી ગળાઈને જતી હોવાથી ઘણા થોડા જીવાણુઓ ફેફસાં સુધી પહોંચી શકે છે. નાકમાર્ગના સ્રાવમાં ઘણા જીવાણુઓ સપડાઈ જાય છે, જે ગળા વાટે ઊતરી, ગળાઈ જઈ, હોજરીમાં નાશ પામે છે. ટૂંકામાં આપણું શરીર વિવિધ પ્રકારના અવયવોનું બનેલું છે અને એ દરેક અવયવને જીવાણુઓથી રક્ષતી પ્રતિકારશક્તિ વરેલી છે. છિદ્રોમાંથી પ્રવેશતા જીવાણુઓ ત્યાંના સ્રાવોની કાર્યરીતિથી રોકાઈ રહે છે. રોગજનક જીવાણુઓ ને માનવી વચ્ચેના સતત વિગ્રહમાં માનવીનું પલ્લું સામાન્ય રીતે સદા ઊંચું રહે છે. પણ બહારનાં ને અંદરનાં કારણોસર તે નીચું ઢળતાં જીવાણુઓના હુમલો થઈ આવે છે.

વ્યક્તિમાત્રને થોડાક રોગો માટે રોગક્ષમતા (immunity) હોય જ છે એ હકીકત [illegible] જાણીતી છે. મોટેરાં કરતાં બાળકોમાં તે ઓછી હોય છે. બાળકોમાં થઈ આવતા ખાસ રોગો એ આની સાબિતીરૂપ છે. પણ આ રોગક્ષમતા ફેરફાર પામનારી સ્થિતિ છે. વળી એને અસર કરનારાં બહારનાં બળોમાં ભૂખ અને તરસ, તીવ્ર ગરમી ને ઠંડી છે. જાણીતું છે કે શિયાળામાં ન્યૂમોનિયાનો ઉપદ્રવ વધી પડે છે, અને અશક્તોમાં બધા પ્રકારના રોગો થઈ આવે છે. ઉપભોગનો અતિરેક, ચિંતા ને થાક પણ શરીરનાં કુદરતી રક્ષણ બળોને નબળાં પાડે છે. આ બધા સંસ્કૃતિના આશીર્વાદ સાથે ઊતરી આવેલા શાપ છે. સુધરેલા લોકોમાં ખાઉધરાવેડા સામાન્ય છે. સાથે વ્યાયામનો એટલો જ અભાવ હોય છે. બેઠાડુપણાને લીધે આંતરડાં તથા ગુરદાનાં વિષ તેમજ વ્યય-દ્રવ્યોનો યથાર્થ નિકાલ નહિ થતો હોવાથી શરીરની રોગપ્રતિકારશક્તિ નબળી બને છે, જેના લીધે જીવાણુઓના હુમલો સહજ થઈ આવે છે.

મન અને શરીરના થાકથી કે શરીરની જીવનધારક કામગીરીઓ મંદ પડવાથી વ્યક્તિની રોગપ્રતિકારશક્તિ નબળી પડે છે. મનની એક સ્થિતિરૂપ ચિંતાની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. વ્યક્તિ-વ્યક્તિએ એ જુદી પડે છે, પણ એનું મૂળ કારણ તો ભય છે. ભય એ એવી સંવેદના છે કે જેની અસરો શરીરની કામગીરીઓ વધારનારી કે ઘટાડનારી નીવડે છે. વળી આંતરસ્રાવી ગ્રંથિઓ પર એની અસર થવાથી શરીરની શક્તિમાં ઓટ આવી જીવાણુઓનો હુમલો સહેલો થાય છે.

આ બધું વિચારતાં નક્કી થાય છે કે વ્યક્તિને આરોગ્યમય રાખનારાં ઘણાં બળો છે. પ્રતિકારશક્તિ મંદ બનવાથી જીવાણુઓનો હુમલો ભલે સરળ બને છે, પરંતુ આ જીવાણુઓ માટે શરીરનાં છિદ્રો ને પેશીઓ કંઈ સૂના વાસ જેવાં નથી. અહીં પણ અનેક પ્રકારના જીવાણુઓના અખાડા હોય છે, જેમાંના કેટલાક રોગજીવાણુઓને વસવામાં મદદકર્તા નીવડે છે તો મોટા ભાગના બીજા એમની વૃદ્ધિ કે પગપેસારો અટકાવે પણ છે. જેથી રોગજીવાણુઓનો અડ્ડો જામતો નથી.

આવી રીતે જીવાણુઓનો હુમલો ઘણી રીતે હટાવવામાં આવે છે. જીવાણુઓના ઝેરને લીધે શરીરમાં વિષનાશકો પેદા થાય છે અને જીવાણુઓને લીધે પ્રતિકણો પેદા થાય છે. આ બંનેની હાજરીમાં જીવાણુઓનો વસવાટ અશક્ય બને છે. તાજા રોગસંચાર વખતે આ ક્રિયા અને પ્રતિક્રિયા ઝડપી હોય છે, જ્યારે જામી ગએલા રોગમાં ઘર કરી બેઠેલા જીવાણુઓને હાંકી મૂકવાની ક્રિયા ધીમી હોય છે.

રોગજનક જીવાણુઓ નથી આપણાં મિત્ર, કે નથી આપણાં દુશ્મન. આપણી બહારની દુનિયાના ઉત્પાતો સામેના આપણા સતત વિગ્રહમાં સૂક્ષ્મ જીવાણુઓનો હુમલો એ પણ એક નાનકડો વિગ્રહ છે. આ યોજનામાં રોગસંચાર એ એક અકસ્માત છે. જીવંત સૃષ્ટિ ને બહારની દુનિયા વચ્ચે ચાલતી અનંત ગોઠવણીનું એ દ્યોતક છે. માનવી આવા ઉત્પાતોને શમાવતો આવ્યો છે.

(હવે પછી 'વેદના ને પીડા')

સુભાષિત

संसारसुखवृक्षस्य द्वे एव रसवत्फले ।
काव्यामृतरसास्वाद: संपर्क: सज्जनै: सह ॥

(અનુવાદ)

સંસારસુખના વૃક્ષે ફલ બે જ રસેભર્યાં :
કાવ્યામૃતરસાસ્વાદ, સંપર્ક સજ્જનો તણો.

[વિવરણ : સંસારરૂપી વૃક્ષને, આ શ્લોકના કવિના મત પ્રમાણે, રસવાળાં માત્ર બે જ ફળો છે : એક તો કાવ્યામૃત રૂપી રસનો સ્વાદ અને બીજું સજ્જનોનો સંગ. આ કથન તદ્દન સત્ય છે. કોઈને કદાચ એમ થશે કે સંસારસુખનું વૃક્ષ તો એક છે; ત્યારે ફળના પ્રકાર જુદા જુદા કેમ! પણ એમાં મુખ્ય વાત સુખ શબ્દનો અર્થ છે. સુખ કોને કહેવું? એકને સુખ હોય તે બીજાને દુ:ખ પણ લાગે! સુખની વ્યાખ્યા એવી છે કે જેને જે અનુકૂલ લાગે તે સુખ અને પ્રતિકૂલ લાગે તે દુ:ખ. આમ સુખદુ:ખનું ધોરણ વ્યક્તિ-વ્યક્તિ પરત્વે ભિન્ન હોય છે. કેરી સર્વોત્તમ ફલ છે, આમલી એવું ફલ ન કહેવાય; છતાં કોઈને કેરી નથી ભાવતી અને આંબલીના કાતરા રસથી આરોગે છે. પણ ઉપરના શ્લોકમાં કહેલાં બે ફલોની બાબતમાં એમ નથી. એ તો ઉત્તમ જ લાગે છે. કાલિદાસ, ભવભૂતિ, નરસિંહ, મીરાં, તુલસી, કબીરથી માંડીને તે રવીંદ્રનાથ ઠાકુર સુધીનાના કાવ્યામૃતનો રસાસ્વાદ જેણે ચાખ્યો હશે તે આ સહજ સમજી શકશે. એ જ પ્રમાણે સજ્જનના સંપર્ક પણ દરેક રીતે ઉત્તમ છે. એની વિરુદ્ધ કોઈ કહેનાર નથી. જોકે કાવ્યામૃતના રસની વિરુદ્ધ બીજો કવિ જ કહે છે કે **बुभुक्षितैर्व्याकरणं न भुज्यते पिपासितै: काव्यरसो न पीयते।** 'ભૂખ્યો વ્યાકરણ ખાઈને ભૂખને કે તરસ્યો કાવ્યના રસથી તરસને શાંત કરી શકતો નથી.' આ વાત પણ સત્ય હોવા છતાં કાવ્યનો રસ ક્ષણભર ભૂખ ને તરસને ભુલાવી તો દે છે. —**ર. ભી.**]

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આત્મકથા


છેલ્લો હપ્તો



ત્યારે હવે? આખરમાં થોડાં આપ્તજનની મન-મમત્વની વાત કરી કલમને કાને ભેરવી દઇએ!

મૉન્ટેસોરીનાં છોકરાંઓથી માંડી મૅટ્રિક ને બી.એ.— એમ. એ.ના વિદ્યાર્થીઓને ભણાવ્યા છે. એમાંના ઘણા સંભારે છે, સત્કારે છે. ઘણા મિત્રોએ નાળવ્યો છે, પાળ્યો છે; કંઇક મુસીબતોમાં અડીખમ ખભે-ખભા મિલાવી એમાંના ઘણા અડોઅડ ઊભા રહ્યા છે; એ સંતોષ છે, આનંદ છે. પાંચ-સાત વર્ષના અપવાદ સિવાય બાકી જિંદગીમાં પારકું જ ખાધું છે. રહેવાને સ્થાયી નિવાસસ્થાન નથી, હવે યે નહિ રહે. એમ જ પારકું ખાતાં કદાચ ટકોરા વાગી જશે. વાગવા દો; આનંદ છે. કલ્યાણ વર્માની સારાવલીમાં કહ્યા મુજબ જેને 'કર્કોટકે ગતે મંગલ', અર્થાત્ કર્કનો મંગળ હોય તે, 'પરાન્નાશી, પરગૃહ નિવાસી' હોય એવું સૂત્ર છે, તે તો બરાબર મને બંધબેસતું આવ્યું છે. બધાના કર્કના મંગળની એ સ્થિતિ હશે એ હું જાણતો નથી, અને એવાં સંશોધનોમાં આપણે ત્યાં કોઇને ખાસ રસ પણ નથી; પરંતુ 'જ્યોતિષમાર્તંડ' યશોધર મહેતાને મતે સાતમાનો સ્વામી બુદ્ધ જો બારમે હોય, તો એનું ઘર મંડાય જ નહિ, એને પોતીકું ઘર હોય જ નહિ એ વિધાન તો મને બરોબર બંધબેસતું આવ્યું છે; એનો પણ શોક નથી, આનંદ છે. નસીબની કેવી બલિહારી, કે જેને ઘર નથી, એનાં ઘણાં ઘર છે; એવે ઘણે ઘર ગમે તે સમયે આવકારભેર હમેશની મનભાવતી થાળી તૈયાર રહી છે, એ સંતોષ છે, ભારેનો આનંદ છે. અને માંદગીમાં પણ બાલપણના સાથીદારો આજે પ્રખ્યાત ડાક્ટરો થતાં, યોધ દંપતી અને મુન્સિફ દંપતીએ પોતાને ત્યાં રાખીને પણ સારવાર કરી છે, એટલું જ નહિ પણ જીભમાં પાણી છૂટે એવાં સવાદિયાં ભજિયાં-પાતરાં ઠાંસીઠાંસીને ખવડાવ્યાં છે, આનંદ છે.

ચિનુભાઈ પકવાસા કે નવનીત ચોકશી, એ બંને દંપતીને ત્યાં આ આપનો સેવક હાજર થતાં જ બાફેલાં મૂઠિયાં કે રતાળુની તૈયારી થઇ જ જાય છે. યશોધર મહેતાને ત્યાં કે એમને સાસરે સર ચિનુભાઇને ત્યાં, મથુરાદાસ પરીખ ચીમનલાલ ચિનાઈ કે પ્રભુદાસ પટવારીને ત્યાં, હરહમેશ એમનાં ઘરવાળાંઓએ હોંશભેર વૈષ્ણવી ઢબનો થાળ ભર્યા જ કર્યો છે, અને એ લિજ્જતથી આરોગ્યા કર્યો છે. જીતુ ગવર્નર કે અડીખમ દેખાતા હીરાભાઇને ત્યાં યુરોપી ઢબનાં ક્રીમ-પુડિંગ, મણિભાઈ અભ્મા કે સરોજિની હઠીસીંગને ત્યાં ઝીણીઝીણી જૈન વિગતિયા રસોઈ ચીડ ચડે એટલા આગ્રહથી જમાડવામાં આવે છે, આનંદ છે. વડોદરાના અમીનોને ત્યાં કે અરૂભાઇ પકવાસાને ત્યાં ખાસ કાળજીપૂર્વક મારે લાયક બનાવવામાં આવતી મજેદાર દાળ-ઢોકળી, તો બચુભાઈ ધ્રુવને ત્યાં સાઠોદરી દાળ, કિસનસિંહ ચાવડાને ત્યાં લસલસતા પરોઠા, સ્વ. ધીરુ દલાલ કે જયંત દલાલને ત્યાં વાલની મુલાયમ ખીચડી, ભૂખણવાળાને ત્યાં લીલવાનો ભાત, વ્યાસને ત્યાં હાંડવો, આર. સી. મહેતાને ત્યાં તુવેરની નહિ પણ મગની દાળ સાથે કણકી,–આ બધું તબિયતનો ખયાલ કર્યા વિના તબિયતથી ખાધા કરું છું, આનંદ છે. ગુજરાતમાં ડેરઠેર ખાધું છે, ગામડાગામે કે ખેતર-પાદરે સુરતી-ચરોતરી ઊંધિયાં, જવાર-કોદરા યા ઘઉં-બાજરાના પોંક શૉખથી અડાવ્યા



આ હપ્તામાં આવતાં અનેક આપ્તજનોનાં સંસ્મરણ સાથે કૉલેજકાળના મિત્રસમૂહનો આ ફોટોગ્રાફ તે વખતનાં સ્મરણોના હપતા વખતે મોડો પડેલો, તે અહીં પ્રકટ કરીએ છીએ. એમાં આગલી હારમાં બેઠેલા છે: ડાબી બાજુથી, ધીરુભાઈ દેસાઈ, યુસુફ મહેરઅલી અને સોલી વીમાદલાલ; પાછળ ઊભેલા છે: ઉપેન્દ્ર દેસાઈ, કમલાકાન્ત લોહાણા, સોલી બાટલીવાળા અને ચન્દ્રવદન.

છે. માતબર પારસી રસોઈ, ભરચક મુગલાઈ થાળો, બાઉલ ગીતોની મીઠાશ જેવી બંગાળી યા તડતડિયા ભાષા જેવી ઝમઝમાટિયા માઈસોર–મદ્રાસની વાનગીઓ ઉડાવી છે. જ્યાંજ્યાં જમ્યો છું ત્યાંત્યાં સૌ-કોઇએ આગ્રહ અને હોંશથી જમાડયો છે, આનંદ છે. શ્રી ઉમાશંકર જોષીને ત્યાં જ્યોત્સનાબેન ઘરમાં ન હોય તો યે ભૂખ લાગે ત્યારે સીધા રસોડે જઈ રાંધવા બેસી જવાના પણ લહાવા લીધા છે. મોજથી મિત્રોએ ખવડાવ્યું છે; ઘણે ઘેર નથી જઇ શકયો એનાં એમને ઓછા આવ્યાં કરે છે. મૂઠી અન્ન માટે ઘણાં ટળવળે છે, જાણું છું; મૂઠી અન્ન માટે પોતાના ઘરનો ચૂલો જોઇએ એવો સંસારનો સાધારણ નિયમ છે. જાણું છું છતાં વિવિધ રીતે રંધાએલાં, જીભડી લટ્ટુ થઈ જાય એવાં જાતજાતનાં અન્ન વણમાગ્યાં મળ્યાં કરે છે, એમાં ઈશ્વરની અનહદ કૃપા જ માનું છું.

વહાલસોઈ બહેનો જેવી બકુ ઘોષ, મધુરિકા મહેતા, ઈલા ભટ્ટ. વાસંતી દેસાઈ, વસુમતિ મહેતા–'માજી' ઘરમાં દાખલ થતાં લાંબે ગાળે મળતાં. મનમાં ઓછાં આણી મીઠાશથી ઠપકાર્યા પછી ભાઈસાહેબને શું ભાવે છે તે જાણી તરત ચટાકેદાર વાનગીની ગડભાંજમાં પડી જાય છે. મેથીનાં પકવડાં, ખાટાં ઢોકળાં, ખાંડવીના વાટા, સૂરણ શેરડાનું શાક, લીલી ચટણી મેળવેલી છાશ, સૂરતી રતાળુનાં જ ભજિયાં. એ આ તાળવાની લાળ ગળાવવા કેટલાની જીભને તરસે છે. એની ક્યાં યાદી કરું? નામો લખતાં પાર ન આવે, પણ રાત-મધરાતે કયે ગામ કિયા ઘરની ખોટ પડી છે કે મનને અસંતોષ રહે? કિયું ઘર મારું નથી? છતાં મારું ઘર નથી, એ હકીકત છે, આનંદ છે. ૫૫ વર્ષ વહી ગયાં. હવે વળી ઘરબાર શાનાં? સ્વજન જેવા મિત્ર ડૉ. ડી. એમ. દેસાઇની કાળજીભરી દેખરેખ હેઠળ સચવાઈ રહેલા દાંત ચાવી આપો કે ન આપો, પારકે ભાણે વિવિધ વાનીઓ ખાયા જ કરું છું. અદેખાઇ આવે એવી મિત્રોની ફોજ ભીડ-અગવડે ઊભી છે એની સતત સહૃદય લાગણીના ધોધમાં નાહ્યા કરું છું, આનંદ છે. વીણા દેસાઈ–મલ્હોત્રા. ગૌરી દીવાન–શોધન, અંજની મહેતા–દેસાઈ, સરલા પકવાસા–ભટ્ટ પરણ્યાં પહેલાં અને પછી પણ ખખડતા જતા મુરબ્બીની આળપંપાળ રાખ્યા કરે છે, બાળપણથી ઊછરી મિત્ર જેવાં થઈ કાળજી કર્યા કરે છે, જિંદગીમાં મીઠાશ ભર્યા કરે છે, આનંદ છે.

સંસારનો પંથ વિકટ છે, અને ભલભલાને ભીડ પડે એવા સંજોગોમાં વ્યવહારુ અને સુતરી સલાહની જરૂર પડતાં, કંઇકને અવનવા રસ્તા સુઝાડનાર પકવાસા સાહેબ—વડીલ મંગળકાકા બેઠા છે, દોડો એના પાસે; અસામાન્ય એવી સામાન્ય બુદ્ધિથી તરત તોડ કાઢી આપશે. એવી એમની હૂંફ છે. આભ ફાટે તો જૂના જોગી ચન્દ્રકાન્ત ત્રિવેદી, વિલોચન ધ્રુવ, ભાનુશંકર વ્યાસ પડખે જ છે, સંતોષ છે. અઢળક દોલત જેવા અનેક મિત્રોની જેને લંઘાર છે. છતાં એ ચન્દ્રવદન લઢકણો છે એવી વજૂદ વગરની ટીકા એને સાંભળવી પડે છે, એ પણ એક આનંદ છે!

વળી એ દોલત અનાયાસ વધતી જાય છે. તાજેતરમાં સૂરતમાં એ પ્રસંગ બન્યો. જાણીતા વિદ્વાન વિવેચક વિષ્ણુભાઇ ત્રિવેદીને આલખાણ ખૂબ ગમ્યું- એમ તો એમને ધરાગુર્જરી પણ ગમ્યું. એના સાથીદારોએ એ નાટક નર્મદચન્દ્રકને લાયક ગણ્યું અને સૂરતમાં સમારંભ યોજ્યો, અને એમાં હું હાજર થયો. એ ચન્દ્રક મારે ન લેવો જોઈએ. સૂરતમાં મને ચન્દ્રક મળે, અને એ હું લઉં? પણ માનચાંદ જ્યારે સામાં આવી મળે છે ત્યારે એકાએક એ ના પાડતાં ભલભલાનું મન માનતું નથી, એટલે લીધો. ત્યાં બીજાં ઇનામો પણ વહેંચાયાં, એમાં એક ઝરીન કરાંચીવાળા નાનાલાલ પર ભાષણ કરી ઇનામ લઈ ગઈ. સૂરત છોડયા પછી આ ઝરીન તે કયા કરાંચીવાળાની દીકરી હશે, એમાં મન માળવે ચઢયું. કાગળ લખ્યો કે એક હુસેનીભાઈ કરાંચીવાળા પાંચમા ધોરણમાં ભણતા હતા, તે ભાઈના તમે કંઈ સગાં થાઓ? જવાબ આવ્યો. કે 'પિતાજી બાજુમાં બેઠા છે, એ જ તમારા મિત્ર અને એની હું દીકરી!' ગુજરાતી એવું લખ્યું હતું કે એથી વધારે શુદ્ધ હું લખી શકું નહિ. પછી તો પાછા સૂરત જવું પડયું. સ્ટેશન પર તેડવા આવેલી. કૉલેજમાં ભણતી ચબરાક પણ ડાહ્યી ઝરીન વહોરાવાડમાં લઈ ગઈ. ત્યાં ચાળીશ વર્ષ પહેલાંના સાથે ભણનારા યાહ્યાભાઈ, સાલેભાઈ, ઈબ્રાહીમભાઈ અને હુસેનીભાઈ અથવા ચોથા-પાંચમા ધોરણના, સૂરતની સરકારી હાઈસ્કૂલમાં મારી સાથે છેલ્લે બાંકડે બેસી ભણવાનો દાવો કરનારા બિરાદરો, એ બધાએ કે દિલોજાનીથી જ્યાફતનો સુફરો બિછાવ્યો છે. તેમાંની વાનીઓ માલ મલીદાઓનો સ્વાદ ભુલાતો નથી. સ્વાદ તો સાચો; પણ એથી યે પાકા એ જૂની દોસ્તી, ઠાપીઓ કરી હતી એ દિવસો યાદ આવ્યા. આંખમાં પાણી આવ્યાં. હુસેનીભાઇને આંખે મારી માફક જ ડીટેચ્ડ રેટિના. એટલે સમભાવી જિગર એક થતાં વાર નહિ લાગી. એડનમાં મોટા વેપાર, એમના વસ્તાર મોટા, એમાં એની નાની દીકરી ઝરીન ગુજરાતી સાહિત્યની બડી શોખીન. એના ભણતર સંબંધી ભાવિ નિર્ણયો હુસેનીભાઇએ મને સોંપ્યાઃ 'ટમારૂં જ ફરજંદ, ટમારી જ ડીકરી.' 'શું પપ્પા. તમે પણ એમની સાથે એમ બોલો છો? આપણે શુદ્ધ ભાષામાં બોલવું જોઇએ' કહી જે સુંદર ગુજરાતી બોલી છે, એના રણકા હજી તાજા જ છે. ઘણી વાર પ્રકટ કરવા જેવા, વિવેચનાથી ભરપૂર એ બેટી કાગળ લખે છે. સૂરત જઇએ ત્યારે વહોરાસાઈ ફરસાણ હાજર રાખે છે.

પારકું જ ખાધું છે. 'કર્કોટકે ગતે ગંગલ, પરગૃહ નિવાસી. પરાન્નાશી ચ,' એ સારાવલીનું સૂત્ર; અને પ્રમાણમાં કોઇને યે જમાડયા નથી. ક્યાં જમાડું? કેટલાને જમાડું? જેમણે મને જમાડયા છે, એમને એમની રીતે જમાડી પણ ન શકું. કેટલાનાં અન્નજળ હજી મારે કપાળે લખાયાં હશે! દાણાપાણીની તે આ કેવી લેણાદેણી? એવાં કંઈકનાં ચડેલાં ઋણ કેટલા અવતારે પૂરાં કરવાનાં રહેશે? કોણ જાણે! મારા પિતાજી ભાગ્યે જ પારકે ઘેર ભાણું માંડતા, બને ત્યાં સુધી તો નહિ જ! એના દીકરાએ પારકું ખાઇને જન્મારો કાઢયો, એ પણ એક લીલા છે! ઈશ્વરની માયા સમજી સંતોષ લઉં છું. આપણું ધાર્યું શું થાય છે કે વારંવાર આમ થયું કે આમ ન થયું એની હવે ચિંતા કરી મનને વિમાસણમાં નાખું?

જોયું? માણસ અંગત સંબંધોની વાતે ચડે એટલે રામાયણ પીંજવા બેસી જાય, તે પાર જ ન આવે. ઘણાં નામો ગણાવ્યાં, એટલે હવે બંધ કરીએ. પણ કેમ બંધ થાય? નવા સંબંધ બંધાયા જાય છે, ગાઢ થતા જાય છે. જીવનભર માણસ ભવોભવની લેણદેણ પ્રમાણે સંબંધો બાંધતો ચાલ્યો જાય છે, કેટલાક તોડતો પણ જાય છે, કોઈક આપોઆપ પણ તૂટી જાય છે. ગજબની છે એ માયા. કર્મ કરો, અને કર્મના બંધનમાંથી મુક્ત થતા રહો. પરસ્પર વિરોધી જણાતાં આ એક સૂત્રનાં બે પડખાં ઘણાંને એકાએક સમજાતાં નથી; છતાં, થોડા એના મર્મ સમજી, ભેદ પાઈ, નિષ્કામ થયા છે. એવી સતતની સન્મતિ સદ્‌ગતિને હું પામું ત્યાં સુધી લેણદેણના ચોપડા કેવી રીતે બંધ થાય? ઘણા ગણાવ્યા, પણ આ સર્વ સંબંધોમાંના શિખરકળશ જેવા, એક અનાયાસ બંધાએલા, અસ્ખલિત વહેતા નિર્મળ ઝરા જેવા એ સંબંધને ઉલ્લેખી લઉં. કઈ લેણદેણ પૂરી કરવા એ મારા જીવનપગથારમાં આવી એનો મારી પાસે ઉકેલ નથી, પણ એ પગથારમાં ક્યાં ક્યાં એણે મીઠી સૌરભ ભરી છે, એના તો ઘણા ઉલ્લેખ છે. કયા લખું, અને કયા ન લખું?

પૂર્વજન્મનાં બંધન! એની કે પુનર્જીવનની સમસ્યા વિષે અનેક ગૂઢ ચર્ચાઓ થયા જ કરે છે. કોઈ એમાં માનતા પણ નથી, તો કોઈ છાતી ઠોકીને પુનર્જીવનની અચૂક સાબિતીઓ પણ આપે છે. એ બે ઉત્તર-

દક્ષિણના મતો જમાનાથી પ્રવર્તે છે, મહાન ચિંતકોએ એની જાતજાતની વિવેચના કરી છે, ત્યાં મારી તતૂડીનો તે શો સાર?

પંચ મહાભૂતની આ માયા છે, ભારેની લીલા છે. પાંચ–અથવા આજના વૈજ્ઞાનિકોએ શોધેલાં પંચાણુ ઉપરાંત–મૂળ તત્ત્વોનો આ ત્રેપલો છે. એ અણુઓ, એવા જુદાંજુદાં તત્ત્વોના પરમાણુઓ, એવા અસંખ્ય પરમાણુઓમાંથી થોડા આના, થોડા પેલાના, એમ મૂળ પંચ મહાભૂતના અણુ-પરમાણુઓના વિવિધજાતના સરવાળા, પર્મ્યુટેશન-કૉમ્બીનેશન કર્યા જ કરો! એવા આદિથી અનાદિ સુધીના આંક, એ જ આ સૃષ્ટિની લીલા છે, અને એમાંની એ અસંખ્ય વસ્તુઓમાં, એનાં રૂપરંગ, રસગન્ધ, ઘાટઘૂટ વગેરેમાં પળેપળે ફેરફાર થયા જ કરે છે. દર પળે હર ચીજ ફેરવાયા જ કરે છે. બધું સજીવન સચેતન જીવંત છે. મારાં આંગળાંના નખ હું જીવતાં તો જીવે છે; છતાં એ કાપ્યા, નાખ્યા દૂર રસ્તામાં, ક્યાંક બીજાં તત્ત્વો સાથે ભળ્યા, ત્યાં થયો છોડ, પછી થયું ઉપર ફૂલ. એનો રંગ મને ગમ્યો; એમ દેખીતાં જડ-ચેતનનો ત્રેપલો હર પળે ચાલ્યા જ કરે છે, ચાલ્યા જ કરે છે. જે ટૂંકમાં, તમારા વિસ્તરેલા-દેખીતી રીતે છૂટા થએલા અણુઓ બીજા અણુઓ સાથે ભેળાયા જશે, નવતર સ્વરૂપો ઘડાતાં જશે, એમાં આપણી મનોવૃત્તિઓ, આપણી ગમતી ન ગમતી લાગણીઓનાં નવાં આયોજનસંયોજન થતાં જ જશે; એમાં વળી ઇચ્છાઓ, ભાવનાઓ, કલ્પનાઓ, ધારણાઓ વગેરે દેખાતાં જડ અને ચેતન અણુઓ સાથે ભળ્યાંજ કરશે, ઘડતરમાં હિસ્સો લેશે. પરિવર્તનશીલ આ લીલા અનેરી છે, અગમ્ય છે. હું મરું ત્યારે અનેક રીતે અનેક અણુગણોના સંમેલનમાં મારી વૃત્તિઓ પ્રમાણે વિસ્તરીશ, સતતનું આ સ્પંદન ચાલુ જ છે. એ જ સત્ છે એ જ ચિત્ છે, એ જ આનંદ છે.

ક્યાંના ક્યાં નીકળી ગયા? બહુ સારી ભાવના, બહુ સારી વૃત્તિ, બહુ સારાં કાર્યો કર્યાં હશે તો વળી કાયાના રામ રમી જતાં, મોટા ભાગના અંશો સૂર્યકિરણના અણુ, યા ફૂલના સુંદર રંગો, યા મંદમંદ વહેતી વાયુની લહરીઓ બને; યુગયુગથી ગિરિ-શિખરને શિરે બંધાએલી હિમ-જટાના અણુ બને. એ જ વળી મોક્ષ–બીજો તે વળી કઇ જાતનો મોક્ષ હતો હશે! આ સચરાચરના મેળાની બહાર તો કોઈ જઇ જ શકવાનું નથી! પછી એ મેળો એક બ્રહ્માંડનો હોય કે નવા વિજ્ઞાનને મતે અનેક બ્રહ્માંડનો ભર્યો હોય–આ સૂરજનું કિરણ નહિ તો બીજા સૂરજનું કિરણ બને. એવા સતત તેજોમય થઈ રહેવું યા સૂરજનો જ અંશ બની રહેવું એ મોક્ષ નહિ? એ જ પરમ આનંદ નહિ વારુ?

આપણું સ્નેહીજન–સગાવહાલાં-મિત્રોનું મંડળ પણ કદાચ એ જ આધારે ઘડાતું હોવું જોઇએ. ભવોભવની લેણદેણ એમ જ ચૂકવાતી હશે? કોણ જાણે! પ્રિયંવદા ગઈ, સુમતિ ગઇ, ઘણું અકારું લાગતું હતું. ત્રીસથી ચાળીસના દાયકામાં આ આવી. નાની ભણતી ત્યારથી, બાલપણથી જ ઠાવકી અને ઠરેલ લાગતી. પાંચમા ધોરણમાં હતી ત્યારથી ગમી ગઈ. એને ભણાવવું એમ થયું. કંઈક ભણાવી. હજી મૅટ્રિક નથી થઈ તે પહેલાં તો એ શાણી અને વ્યવહાર-કુશળ જણાવા લાગી. એને ભણાવવાનું શું? એની મેળે જ એની ગાડી ચાલતી. સંતાન વગરનાઓ સંતાનસુખનો અનુભવ કદી નહિ કરી શકે એ નિઃશંક વાત છે, છતાં એ ઓરતો આ બાળકી કંઇક પૂરો પાડશે એવી ધારણાથી, એનાં માબાપ પાસેથી માગી લીધી. દીકરી માની એના ભણતરમાં અને એના સંસારના જીવનઘડતરમાં રસ લીધો. વર તો એણે જાતે જ શોધી લીધો હતો—કે વસંતે આ પદ્માને શોધી કાઢી હતી? કોણ જાણે! બેમાંથી એકે યે હજી મને એ વાત કહી નથી; અને કહે પણ શા માટે?

એ જ આ પદ્મા, આગળ જેને આપણે દિક્કુ નામે ઓળખી ગયા. ભણીગણી મોટી થઈ. વસંત શાહ અમેરિકામાં ભણે, તો ત્યાં જઈ એને



આ હપ્તામાં જેની સાથેના દીકરી જેવા સંબંધની વાત આવે છે તે પદ્મા અને વસંત

પરણી ને ભણી. ભારેની માયા બંધાતી જતી. મારી સલાહ એણે લીધી હશે; પણ મૂળથી જ વ્યવહારુ. એના નિર્ણયોમાં ભાગ્યે જ મારે કંઈ સૂચવવાનું રહેતું. હું એની સલાહ લેતો અને એના ઠાવકા બે બોલ મારે ગળે તરત ઊતરતા. ચાળીસની આસપાસ મારા મનમાં પરણવાનો મનસૂબો સવાર થઈ બેઠો અને મેં પદ્માને જઈ વાત કરી. 'કન્યા-રત્ન'ની એને ખબર હતી, ઓળખતી હતી; પણ તરત જ એણે કહ્યું કે તમે પરણો એ કંઈ મને બેસતું નથી. આને, કે કોઇને પણ તમે પરણો એ વાત મને બરાબર લાગતી નથી. લાંબી ચર્ચા તો એ કરે જ શાની? પણ હું પરણીને ઠેકાણે પડું અને સુખી થાઉં, એ વાત એને ગળે ઊતરતી જ નહિ. કહેતી, કે કારણ મને ન પૂછતા, પણ તમે અને લગ્ન બેનો મેળ ખાય એમ મને નથી લાગતું.

એ દીકરીના ડાહાપણમાં મને અત્યંત વિશ્વાસ હતો, છે. એ કહે છે એ મને ઘણીવાર સાચું લાગે છે. ઘણા પ્રસંગોની પરંપરા સંભારી આખી ભરચક લખી શકું; પણ જાતની વાતો કેટલીક કરવી? અને મારે મન જે સ્વજન, એનાં વખાણમાં બીજાને શો રસ? અંતે એ સાચી પડી, અને લગ્ન ન જ થયાં. ત્યારે સૌથી પહેલો, બાળકની જેમ એ બાળકી આગળ જઈ રડ્યો, અને એનાથી એ ન જોઈ શકાયું. પછી મોઢેથી એણે ઉમેર્યું હતું કે 'એ નથી પરણ્યા એમાં જ એનું સુખ છે.'

૧૯૪૭માં એ વસંતને પરણવા અમેરિકા ગઈ ત્યારે દીકરી સાસરે જતાં જેટલું લાગે એટલું મને લાગ્યું. હું બહુ રડ્યો. જાણે મારી હાથલાકડી ખોવાઈ જતી હોય એમ લાગ્યું. પણ આપણું હોય છે તો ક્યાંયે ખોવાતું નથી. ખોવાયું હોય તોયે આવી મળે છે. કોઈ જૂના જનમજનમના બેલ હોવા જોઇએ. કેટલાક એના ઉકેલ શોધવા મથામણ કરે છે. એના ઉકેલ તે વળી શા શોધવા? એ શોધવામાં સમય ગાળી ફાંફાં મારવાં એના કરતા એટલા સમયમાં એવા સત્સંગથી મનખાને જે અનાહદની શાંતિ મળે છે એ લહાવો નહિ માણવો? વીસેક વર્ષનો એ વહાલસોયો

સંબંધ, અનેક મીઠાં સંસ્મરણોથી ભરપૂર છે. ક્યાં લખવાં? મારી માના અવસાન પછી કોઈ વાત મેં એનાથી છુપાવી નથી. કથળેલું હૈયું એની આગળ ઠાલવી એકાદું બોધવચન સાંભળી તાજગી લીધી છે. એના સાન્નિધ્યમાં નિરંતરનો સાત્ત્વિક આનંદ અનુભવ્યો છે. કઈ એ લેણદેણ?

ના, એ બોલાઈ નહોતી ગઈ. ત્યાંથી પરણીને અહીં આવી અને એકણું ઘર માંડી બેઠી. તાજેતરમાં મેં આંખનું ઑપરેશન કરાવ્યું અને હૉસ્પિટલમાંથી ઘેર જવાનું નક્કી કર્યું. પણ કિયું ઘર? જેને ઘર નહિ એને ઘણાં ઘર. ડૉ. ઘોષનું, ચીમનલાલ ચિનાઈનું ઘર ખુલ્લું જ હતું. પણ દીકરી પદ્માએ પોતાને ત્યાં એની નાની બે છોડીઓના રમકડાંભર્યા ઓરડાને બદલીને ક્યારનો 'હૉસ્પિટલ ઝોન' બનાવી દીધો હતો. ત્યાં વસંતે મને કાળજીથી લઈ જઈ, પદ્માની સંભાળ નીચે મૂકી દીધો. ઘણાં ઘરો હતાં; એમ તો બારમાં (ઘણા જે માનવા તૈયાર નથી એવું) મારું જ ઘર નહોતું? આંધળા થતા માણસને નવી આંખ મળી. બંને વરવહુની તકેદારી અને માવજત, ઉપરાંત એમના મીઠા ઠપકા! એ ન હોત તો જે અજબની રોશની આવી એ પાછી ન મેળવી શક્યો હોત. આ ઉપરાંત મારા મનમાં એક શ્રદ્ધા હતી: પદ્માના સાન્નિધ્યમાં મારું કશું અશ્રેય થાય જ નહિ! બહુ ઊંડો એ વિશ્વાસ, કેમ, ક્યાંથી દૃઢ થતો ગયો એ હું જાણતો નથી. હૉસ્પિટલમાં મારી બહેન સુમને ત્યાં રહી ખૂબ કાળજી કરી. એને કહેનારા હિતેચ્છુઓ મળ્યા કે ભાઈ પદ્માને ત્યાં કેમ ગયા—પારકે ઘેર? ત્યારે એણે સુંદર જવાબ આપ્યો 'અમે બહેનો તો હતી જ, છીએ; પણ આવાં તો કંઈક પારકાંને પોતાનાં કર્યાં છે, એથી રૂડું શું! અમને એનો આનંદ છે.'

ત્યાં કદીક પદ્મા એનાં માંદાં મા મહાલક્ષ્મીબહેનની ખબર કાઢવા બે દિવસ પૂના જાય તો તે દરમ્યાન વસંત, એનાં આમજનો અને ફેલોશિપ નિશાળનું એનું જૂનું મિત્રમંડળ ચાંપતી નજર રાખતાં. અને એમાંનું કોઈ ન હોય ત્યારે વસંત એની બે દીકરી નાનકી રોહિણી અને ઝીણકી રાજુલને, આંખે 'ડી' કે 'દાદ' થએલા ચાંદામામાની સંભાળ સોંપી દેતા. હજી તો સવાર નથી પડી તે પહેલાં રાજુલે એની જાતજાતની ઢીંગલીઓનો દરબાર મારી આગળ ખડો કરી જ દીધો છે. એમાં કોઈના હાથ ભાંગેલો છે. તો કોઈનો પગ: કોઈની આંખ ઊંડે ઊતરી ગઈ છે તો કોઈની ખોપરી તૂટી ગઈ છે. મારી આંખની તો હું કાંઈ મરામત કરતો, પણ આ જુદાંજુદાં નામોવાળી ઢીંગલીઓનાં કરામતથી પાટા બાંધી હાડકાંપાંસળાં ઠીકઠાક કરવાની માવજતમાં મગ્ન પડતી. નાની રાજુલ શાંત બેસી એ જોતી: 'આ ચાંદામામા! આંધળાંલૂલાં ઢીંગલાઢીંગલીઓને ઠેકાણે આણનાર આ કીમિયાગર કેવા હોશિયાર હશે!' એ બિચારીને શો ખયાલ કે એવા જ આ સંસારમાંના કંઈ પંગુમંગુઓને ગિરિ ઉલ્લંઘવાનું સામર્થ્ય આપનાર, ઝાંખી થએલી આંખમાં નવાં તેજ અને તાજગી આપનાર એ મહાન કીમિયાગરનાં આ બધાં માયાવી રમકડાં છે, એની જ કૃપા ઉપર આ આનંદનો અનુભવ છે! લેણદેણના સંબંધો ઈશ્વરી સંકેતના કે પરમાનંદ પામવાનાં રહસ્યો આપણે શી રીતે સમજાવી શકવાના હતા? પરમાનંદ માણી શકીએ એ જ બસ છે.

તમને એમ લાગ્યું કે ઢીંગલા-ઢીંગલીઓની માવજત કરતાં ગુલાબી સવારનું ઝોકું આવી ગયું? લગભગ એમ જ થયું! મારી જમણી બાજુ હૅંગિંગ ગાર્ડન નજીક સ્વચ્છ એક દેવળ, પડખે નાનકડો બાગ, રળિયામણા ઘણે વર્ષે સ્વચ્છ દેખાતો તડકો, અને પંખીઓના કલરવ, હજી તો પૂરું બોલતાં નથી શીખી એવી સામે બેઠેલી રાજુલ! પાવલોવાની જાદુઈ પરીનું અદ્ભુત નૃત્ય યાદ આવ્યું, આવી જ હતી નાની મેના યાદ. એને નૃત્ય કરતા કેવાંકેવાં નૃત્યગીતો હું લખતો હતો! 'હું તો નાનું નટબાળ નિત્ય નાચું સહી.' 'મારે માથે ભર્યાં છે રૂપેરી માંડવા, તારાના તેજ મહીં નાચું સદા.' ખરેખર આવા વિચારે ચડી જતાં, બીજું ઝોકું પણ ન આવે!


એ પદ્મા દીકરી ન રહી. મા થઈને બેઠી, માની યાદ તાજી કરાવતી રહી. ક્યાં અને ક્યાંનો એ સંબંધ. કયા ભવની લેણદેણ! કેટલો આહ્લાદક અને હૃદયને નવનીત જેટલું કોમળ બનાવનાર સંકેત! મા! તું નથી. આંખના ઑપરેશન વખતે તું હોત તો તારો જીવ તાળવે ચોંટેલો રહેત. ખૂબ જ ચિંતા અને કાળજી કરત. તારી બંને આંખોનું તેજ મને આપી તું અંધાપો માગત એવી કોઈને તો શું, પણ મને અનુજને પણ જાણ ન થાય એવી પ્રાર્થના કર્યા કરત! તું વહેલી ગઈ, મારી ખાંધે ચડીને ગઈ: વારંવાર યાદ કરું છું. તારા આપ્યા સંસ્કારે સુખી છું. ચિંતા ન કરીશ. તને યાદ કરાવનાર નિમિત્ત, તે માનેલી દીકરી મા થઈ બેઠી છે, બાટ-અવસરે ઊભી રહે છે. કાવકાઈથી મઠારે છે. તું સલાહના કહેવાના બે કડવા બોલ મનમાં જ રાખતી. પદ્મા જરા ડારીને કશાકમાં કાલવીને કહે છે, એવી આ મા થઈ છે; સંતોષ છે. આનંદ છે.

હવે એકાદ દાયકા દરમ્યાન કે એટલામાં, આગળ વિસ્તાર્યું છે તેમ અણુઅણુ રૂપે સચરાચરમાં ભળી જવાનો અવસર આવે અને આખરનું ત્રીજું ઝોકું ખાવાની તૈયારી થાય ત્યારે, મારાં બહેન-ભાણેજો અને ઘરની બહેનો ત્યાં હાજર હોય ત્યારે ગૌરી દીવાન-શોભન બીનના મદમંદ તાર ઝણઝણાવે. અંજની મહેતા-દેસાઈ એકાદી ગીતની લીટી ગાય. સરલા પકવાસા-ભટ્ટ બે મજાનાં ફૂલ આપે, અનસૂયા દીવા ચેતાવે અને પદ્મા એના હમેશના હસતા મુખે મારા ઉપર આખરની ચાદર ઓઢાડે. એ મંગલ ઘડીની રાહ જોતો ગઠરી બાંધી હું બેઠો છું: આ વિચાર માત્રનો યે આનંદ છે.

ચાલો ત્યારે. આ લખાણ લખી બહુ કંટાળો આપ્યો હોય અને માફી માગી લઈએ? ક્યાંક લાંબુ પીંજણ કર્યું, ક્યાંક આપવડાઈઓની હવાઈઓ પણ ફોડીને કદીક આપવડાઈ ઓગાળવા પ્રયત્ન કર્યો હશે. પણ બીજાને બહેલાવવાનું મનમર્કટને પસંદ નહિ પડતાં, કૂદકો મારી આગળ બેસી જાય, એને નહિ અટકાવી શક્યો હોઉં તો દરગુજર કરશો. ઘણાં અજાણ્યાં વાચકોએ પત્રો લખી પીઠ થાબડી છે, એનો આભાર માનું છું. બચુભાઈ રાવતને માથે અનુસ્વારો ગોઠવવાની, જોડણી જાળવવાની, શબ્દોની મરામત કરવાની સતત જવાબદારી રહી છે, જાણું છું. ક્યાંક કો'કને માટે બે કડવા બોલ લખાઈ ગયા છે, ખબર છે. સ્વભાવ ચીડિયો, ઘણી વાર તોછડાઈથી કેટલાકને મઠાર્યા છે. ન કહેવાના શબ્દો કહી દાર્યા છે. એવા બધાની કબૂલાતો અહીં નહિ કરી હોય એ બનવાજોગ છે. વ્યવહાર જાળવવાનું જે શીખ્યા નથી એના અવિનયના અપરાધોની યાદી મોટી જ થાય. એ યાદી રજૂ કરી નથી; અને એવું નવું બધું લખવા બેસું તો બુદ્ધિ ચબરાક બની આડે માર્ગે ચડાવી ટાયલાંભર્યો બચાવ લખાવા પ્રેરે, અને પછી બુદ્ધિને ડારવાનું મનમાં બલ પણ ન રહે, એ સ્થિતિ જ ન આવવા દેવી, એ ઠીક નહિ વારુ? કેટલીક અત્યંત અંગત વાતો સ્પષ્ટ જ લખવી જોઈએ, છતાં ડરના માર્યા નથી લખી શક્યો એમ પણ કોઈને લાગશે. એવી હકીકતો જતી કરી હોય તે બદલ સૌ દરગુજર કરશો. મૂળ વાત એક, અને એ જ સૌથી અગત્યની, કે તમે ગુણીજન વાચક અને મારી વચ્ચે, ૧૯૫૦ના જાન્યુઆરીથી માંડી આજ '૫૫ની અધવચ સુધી પાંચ વર્ષ ઉપરાંતના ગાળામાં આ 'કુમાર' માસિક મારફત ઠીકઠીક માયા બંધાઈ છે. એ માયા, ભલે એ અનેક રૂપિણી કહેવાની હોય તો યે, જળવાએલી રહો એમ ઇચ્છું છું; અને તમે પણ કદાચ ઇચ્છશો એમ માનું છું.

સંપૂર્ણ

વેદકાળે જ્યાં પુરાતન સિંધુ સંસ્કૃતિ વિકસી હશે તે કચ્છના રણકંઠારનો એક વિશિષ્ટ કસભર્યો પ્રદેશ



લેખક અને છબિકાર

રામસિંહજી રાઠોડ

બન્ની

ઋગ્વેદકાળની સિંધુનો વહનમાર્ગ બદલાતો ગયો તેમતેમ તેની સંસ્કૃતિ પણ ક્યાંક નામશેષ થતી તો ક્યાંક વિકસતી ચાલી. ત્યારે કચ્છના રણપ્રદેશનો પચ્છમ, ખડીર, બેલા ને બન્નીનો આ પટ સિંધુ સંસ્કૃતિની અસરથી સભર હશે. અથર્વ પથના આર્યો અહીં આવ્યા હશે. વેદકાળના પણિઓએ પાતાલદેશમાંથી આ સાગર-નદ-સંગમના મહા જલવિસ્તારમાં પોતાનાં હંસ જેવાં ઝૂલતાં ગર્વીલાં વહાણો દેશાટન અર્થે મોકલ્યાં હશે. આર્યોએ ઈ.સ.પૂર્વે ૨૦૦૦માં ઘોડાને પાલિત દશામાં આણ્યો. આ પ્રદેશના ઘોડા બહુ વખણાય છે. 'વાગડના બળદ વગા એમ કચ્છના કેકાણ' અમથુ નથી કહેવાયું. પહેલાં અહીં જંગલી અવસ્થામાં પણ ઘોડા રહેતા હશે. જંગલી ખરઘુડ(જંગલી ગધેડાં : જુઓ અંક ૩૭૧) તો આજે પણ ભારતભરમાં માત્ર આ રણપ્રદેશના કંઠારમાં થતું પૌષ્ટિક ઘાસ ખાઈ ટકી રહ્યાં છે. આ પ્રદેશના જે પ્રથમ વાસીઓએ પ્રકૃતિ-પુત્રો તરીકે રહી પશુપાલન ને ખેતી કર્યાં, તેઓ આભીર નામે ઓળખાયા. આ પલટાએલા જમાનામાં ને પલટાએલી ભૂમિમાં ભાષા ને ધર્મ બદલ્યાં હશે છતાં આજે પણ આ પ્રદેશમાં એ જ ભૂમિપુત્રો બન્નીની પ્રકૃતિને અનુરૂપ પોતાનો જીવન-વ્યવસાય ખેડી રહ્યા છે.

એવી પશુસમૃદ્ધિમાં જ્યાં જીવનની અનેરી રંગત જામે છે તેવા ૮૨૮ ચોરસ માઇલના બન્નીના વિસ્તારમાં ૪૦ 'વાંઢ' અથવા 'ઝીલ' છે અને તેમાં ૬૭૧ ભેણી-ભુંગા છે. ૧૫૩૪ પુરુષો અને ૧૩૬૧ સ્ત્રીઓ મળી બન્નીમાં કુલ ૨૮૯૫ લોકોની વસતિ છે. તેમાં જત રાયસી, હાલેપોત્રા, મુતવા, નોડે, હીંગોરજા, બંભા, કુરાર, સુમરા, જુણેજા વગેરે માલધારીઓની મુખ્ય જાતો છે, ભીરંડિયાલા, ભોજરડો, ડુમાડો, ગોરેવારી ને મીશરીઆડો એ મોટાં ઝીલો છે. બન્નીનાં ગામો ઝીલ કહે છે. ઝીલ એટલે પાણી-જલ જ્યાં મળે ત્યાં નેસ થાય ને તે ઉપર વાંઢ-ગામ વસે. બન્નીને પશ્ચિમ છેડે દીને ઇલાહી હાજીપીરની ખ્યાતનામ દરગાહ સોદરણા ઢંઢ માથે છે. તેઓ ઢોર-હાંકામાં એક ગરીબ ઓરતની ગાયને ઉગારવા જતાં સૈયદ થયા અને સંત તરીકે પૂજાય છે. બન્નીની બજાર અને પોસ્ટ ઑફિસ ઉત્તરે ખાવડામાં તથા કચ્છ કંઠારે દક્ષિણે લોડાઈમાં છે, અને બન્નીની મધ્યે આવેલા ભીરંડીઆલાથી ૩૩ માઈલ દૂર એવું નજીકનું રેલવે સ્ટેશન ભુજ છે.


બન્નીની ધરતીના બંધારણમાં ક્ષારોનું પ્રમાણ રીતસરનું હોઈ તેમાં સારી જાતનું ઘાસ ઊગે છે. ખારીમાંથી લાણા સરી અને તેમાંથી મીઠી સરીમાં ફેરવાતી રહીને વધુ જમીન બન્નીની જમીનમાં ઉમેરાતી જ રહે છે. આ ધરતીમાં ઢોરોનાં શરીરને રોચક એવું ક્ષારોભર્યું પૌષ્ટિક ઘાસ નીપજે છે. તે ખાઈ નીપજતા દૂધમાંથી સોડમવાળું સ્વાદિષ્ટ ઘી પેદા કરાય છે. આવા ઘીમાંથી તૈયાર થતો ખાવડાનો મેસુર ખ્યાતનામ છે. બન્ની આખા ભારતનાં પશુઉછેરનાં શ્રેષ્ઠ કેન્દ્રો પૈકીનું એક ગણાવી શકાય.

રણવિસ્તારને ફરતા કંઠારે તેના ઘાસિયા વિસ્તારોમાં નાના રણની દક્ષિણે વઢિયારને ઉત્તરે વાગડિયા જાતનાં ઢોર, નાના ને મોટા રણની પૂર્વેના વિસ્તારોમાં કાંકરેજી પ્રકારનાં ઢોર, ને મોટા રણની ઉત્તર-દક્ષિણે થરી ને બન્નીયાર વગેરે જાતબંધ ઓલાદનાં ઢોર ઊછરે છે. ભારતનાં ઢોરોની ઉત્તમ પ્રકારની ઓલાદમાં જે જાત 'થરી' તરીકે ઓળખાતી તે થરનું કેન્દ્ર તો પાકિસ્તાનમાં રહી ગયું. બન્નીમાં આ ઓલાદનાં જાતબંધ, રૂપાળાં અને તગડાં ઢોરો ઊછરે છે, એટલે પહેલાંની થરી નામની આ ઓલાદને હવે ભારતમાં આપણે 'કચ્છી બન્નીયાર' નામે ઓળખાવવી જોઇએ.


ખુર, સિંગ, પુછ રૂપારીઉ સેણે જેંજી સિક્ક,
ખનન વજે ખરકા ખુંચરે બન્નીય બાક.

એવાં બન્નીનાં જાતવાન રૂપાળાં ઢોરના વિકાસ અને વિસ્તાર માટે બન્નીને તેનું ઉત્કર્ષ-કેન્દ્ર કરવું જોઇએ.

બન્નીના વિકાસમાં મુખ્ય મુશ્કેલી તો પાણીની છે. માત્ર ત્રણેક ઝીલોમાં બારે માસ મીઠું પાણી મળી રહે છે અને ત્યાં કેટલાક માલધારીઓ કાયમ ટકી રહે છે. બાકીના બીજા પોતાની ગાયોની ગોર સાથે ઉનાળે અછતમાં કચ્છ-કંઠારનાં બીજાં ગામોએ જઈ આશરો લે છે. ચોમાસે બન્નીના ઢંઢો, નરા ને ઢોરાઓમાં ચોમાસાનું એકઠું થએલું મીઠું પાણી મળી રહે છે. આ પાણીનાં પાણી ખલાસ થયે તેઓને નેસે નેસે સંખ્યાબંધ ખૂંચરા (કૂવા) કરવા પડે છે. આ ખૂંચરામાં આશરે દસથી બાર ફૂટ ઊંડાઈની સપાટીમાં મીઠું પાણી નીકળે છે. ખૂંચરામાં મંજી ઉતારી તેમાંથી ચડાથી તેઓ પાણી સીંચે છે. નેસ ઉપર માટીના હવાડા



ઝારા ડુંગર સામેના રણમાં મીઠું ભરેલો ખારો પાટ · ફોટો : રામસિંહજી રાઠોડ









મથાળેથી (૧) બન્નીની ધરતીનો ખરો ખયાલ આપતું ચિત્ર : આછી વનસ્પતિથી આચ્છાદિત ધરતી ઉપર બાવળ, દૂર ઊંટી અસવાર, અને તેની પાછળ ક્ષિતિજ પર આછો આછો દેખાતો પચ્છમનો ડુંગર; (૨) બન્નીના ઝીલ(પાણીવાળા સ્થળે વસેલા ગામડા)માં ભૂંગાભેણી=વસવાટનાં વિશિષ્ટ મકાનો; (૩) ભારતભરમાં જાતવાન ઢોર ઉછેરતાં શ્રેષ્ઠ કેન્દ્રોમાંનું એક બન્ની છે. ત્યાંનું લાક્ષણિક દૃશ્ય (ફોટો : રામસિંહજી રાઠોડ)

બનાવી તેમાં ઢોરોને પાણી પાય છે. ઢોરો દિવસમાં એક વખત, ઘણુંખરું ચડતે પહોરે, પાણી ઉપર આવે છે, અને દુવાઈ(દૂધ દોહવાનું કામ) પણ તે જ વખતે થાય છે. પછી તે ચરવા ચાલ્યાં જાય છે. અતિ અછતમાં ઢોરો એકાંતરે પણ પાણી ઉપર આવે ખરાં. ખૂંચરા થોડા દિવસના વપરાશ પછી ખારા બની જાય છે, એટલે વળી નવા ખૂંચરા ખોદવા પડે છે. આમ સમયે સમયે તેમને સંખ્યાબંધ ખૂંચરા ખોદવા પડે છે, અને ઉનાળામાં તો ખૂંચરા ખોદતાં તેમાંથી પણ ખારું પાણી નીકળે છે, એટલે પાણીની અછતમાં વખાના માર્યા માલધારીઓ કચ્છના કંઠારે આશરો લે છે. આ કારણે બન્નીમાં ઢોરોની સંખ્યા ૨૫,૦૦૦ જેટલી મર્યાદિત રહી છે. જોકે ચરિયાણ માટે તેટલા પૂરતા કચ્છના ઘણા માલવાળા પોતાનાં સંખ્યાબંધ ગાય, ભેંસ, ઘેટાં અને બકરાં સહિત બન્નીમાં ઊતરી પડતા થઈ ગયા છે.

બન્નીના વિસ્તારમાં લાણાસરી અને ઘાસિયાં મેદાન સિવાય જ્યાં વરસાદના મીઠા પાણીનો ભરાવો થાય છે કે જ્યાં વહેળાઓનું પાણી પ્રસરે છે ત્યાં બાવળોનો સારો ઉગાવ થાય છે. એટલે બન્નીમાં જ્યાં મીઠું પાણી એકઠું થવા દઈ શકાય ત્યાં બન્નીની ઝડપી સુધારણા કરી શકાય. આ માટે બન્ની વિસ્તારમાં જ્યાં શક્ય ત્યાં નાના બંધ બાંધવા જોઈએ, જેથી તેમાં મીઠું પાણી ભરાઈ રહે અને નીચાણમાં રણવિસ્તારમાંથી ખારા પાણીની છલ તેના ઉપર ન ફરી વળે. રુદ્રમાતા જેવો મોટો બંધ (ડૅમ) થવાથી એ તળાવનાં પાણીનો લાભ બન્નીને પણ આપી શકાય. ભીરંડિયારામાં પાતાળકૂવાનો અખતરો થવાનો છે, જે પણ સંભવતઃ લાભદાયી નીવડે.

બન્નીની ધરતી ઉપર સર્વત્ર માટી જ માટી છે. ક્યાં યે કાંકરો શોધ્યો મળે નહિ. માત્ર ગુરેવાલીમાં લગભગ વીસેક ફૂટ લાંબી અને ચાર ફૂટ જેટલી પહોળી એક છીપર છે, તે ક્યાંથી અને કેમ આવી હશે અથવા એ શેની હશે તે તપાસ કરવા જેવી ખરી. મારા એક પુરાવિદ્ મિત્ર પ્રથમ વખત બન્નીમાં આવતાં એક સ્થળે દૂર પથ્થર જેવું જોઈ ચમક્યા અને તપાસવા અટક્યા કે આ બન્નીમાં આટલા બધા આ પથ્થરો ક્યાંથી? નક્કી ત્યાં કોઈ પુરાણી વસાહતનાં ખંડેર હશે! પણ તપાસમાં તો એ માણસોની વસાહતના અવશેષ નહિ પણ ઢોરોનું છાણ નીકળ્યું! ભેંસોના પોદળા ભ્રમમાં પથ્થર જેવા લાગ્યા! ને જ્યાં ત્યાં સૌંદર્ય જોવાની જેમને ટેવ હોય છે તેઓ તો બન્ની કંઠારે એવું પણ અવશ્ય જુએ છે: ત્યાંની ખારીમાં ચડેલ પાણી ઓસરતાં તેની લહેરોથી, કે ત્યાં ઊમટતા વહેળાઓનાં પૂરનાં પાણીની ઓલથી, પાણીનાં વમળથી થએલાં ચકરડાંનાં નિશાનો સુંદર ભાત પાડે છે. ત્યાં ઢોરોના પોદળાનાં સૂકાં થએલાં અડાયાં ચોમાસે જ્યારે રણમાં એ કંઠારો નજીક ખેંચાઈ આવે છે ત્યારે એ બધાંથી અંકિત થતી રેખાઓ પણ જ્યાં ખાસ કશું નજરે ન પડે ત્યાં ખારીના એ સપાટ વેરાનમાં આંખને જરૂર આકર્ષક લાગે છે. ને જેમ નાના રણમાં અવ્યગ્રપણે વિહરતાં દોડતાં જંગલી ગધેડાંઓની કાચડમાં પડીને સુકાઇ સ્થાયી થએલી પાદપંક્તિઓ સુંદર લાગે






સોયદોરા અને આભલાંથી કરેલા બન્નીના ભરતકામના થોડા નમૂના : ઝીણી વિગતો અને રંગની ઉઠાવદાર મેળવણીવાળું આ કામ અહીંના લોકોની ઉચ્ચ કક્ષાની સૌન્દર્ય માટેની સમજ દર્શાવે છે. બન્નીના ભરતકામનાં રંગ, ભાત, આકૃતિ અને ઉઠાવમાં આપણી પુરાતન સંસ્કૃતિનાં અનેકવિધ અંગ તથા અંશ સચવાએલા જોવા મળે છે.

છે, તેવી જ બન્નીના રણકંઠારે હરણાંની ઝુટ્ટાદાર લાગતી પાદપંક્તિઓ નજર પહોંચે ત્યાં સુધી એકસરખા ખારીના વિસ્તૃત પટમાં કાંઈ ઓછી આકર્ષક નથી લાગતી!

બન્નીમાં હજુ બારાતુ વ્યવહાર બહુ નથી. અવરજવરની એ જ પગપાળી ગતિ અહીં ટકી રહી છે. તેથી ત્યાંની વસતિનાં રીતરિવાજ, તેમજ જીવનવ્યવહારના સંસ્કાર પણ જેમના તેમ સચવાયા પડ્યા છે. ત્યાં જીવનમાં ધમાલ નથી. કોઇને ત્યાંની સાંસતાઈમાં ત્યાંનું એકાંત જીવન અવિકસિત પણ દેખાય. છતાં યે એ જીવનમાં રસ અને રંગ છે અને તેની પોતીકી મોજ પણ છે. ઘાસપાણીની સગવડે વસેલાં બન્નીનાં ઝીલોના લોકોનાં કપડાંલત્તાંમાં, રાચરચીલાંમાં, માટીકામ, વાસણોના ઘાટ અને ખાસ કરી લાખકામથી રંગેલાં વલોણાંમાં બન્નીઆરોના ખાસ પ્રકારના એક જીવન ચિતારની નિરંતરતા દેખાય છે, અને તેમાં તેની સત્ત્વભરી પ્રવૃત્તિની છાયા પણ અછતી નથી રહેતી. બન્નીઆરોની કાયા દૂધથી બંધાએલી છે. લાવણ્યભરી સુંવાળી રેખાઓમાં સુડાળ અને ગોરા ઘાટીલા ચહેરા એ શુદ્ધ બન્નીઆરની ખાસિયત છે, અને એવું દૂધમલ માનવસૌંદર્ય જોવાની લિજ્જત પણ બન્નીમાં જ સાંપડે છે. બન્નીની સાંસતાઈમાં જુવાની અને સ્નેહના ઊછળતા ઉમળકા તેમના ઉમદા અને બેનમૂન ભરતકામમાં પ્રદર્શિત થાય છે. ઝીણી વિગતો અને રંગની ઉઠાવદાર મેળવણીવાળું તેમનું આ સોયદોરાનું કામ તેમની ઉચ્ચ કક્ષાની સૌંદર્ય માટેની સામાજિક સમજ દેખાડે છે. બન્નીનાં ભરતકામનાં રંગ, ભાત, આકૃતિ અને ઉઠાવમાં આપણી પુરાતન સંસ્કૃતિનાં અનેકવિધ અંગ અને અંશ સચવાએલાં જોવા મળે છે. મુખ્યત્વે કાળા કે ક્યારેક રાતા કાપડની પૃષ્ઠભૂમિકા ઉપર અજંતાના કલાકારોના રંગસંસ્કારનો ઉઠાવ પણ તેમાં ડાકિયાં કરતો દેખાય. મનની અંદરની ઊર્મિનું પ્રાકટ્ય કરતી હૈયાઉકલતથી કરાતું આ ભરતકામ જમાનાઓના અનુબંધ અને ઉત્સાહની છાંટ તેમાં દેખાડે છે. બન્નીના ભરતકામની આ કામગીરીના આપણા રાષ્ટ્રવારસાને નવી નજરે અપનાવતાં તે આપણા રાષ્ટ્ર-ઘડતરમાં અમૂલો ફાળો પુરાવશે.

બન્નીના આવા અણઅડયા જીવનનાં આવિર્ભાવ ભૂગોળ અને ભૂસ્તરના અકસ્માતોની અસરમાંથી જન્મી લોકજીવનનું એક શક્તિશાળી ખમીર રાષ્ટ્રને પૂરું પાડે છે. ભેદી રહસ્યવાળી લાગતી અફાટ એવી કચ્છના રણની ધરતીના આ ધગંતા ખોળે પ્રકૃતિશક્તિના ઓથારપલટા હમેશાં જીવનની કઠણાઈના અગન-ફુવાર ફરકાવતા રહ્યા છે. પણ એ સબરસ દરિયો ડોળતાં ઊંડેઊંડેથી તેમાં ચમકતી ફૂલડાંની ફોરમ જેવી ત્યાંના જીવનની અડગ અડીખમ એવી ચેતના અંતરમાં એક નવી અમી-રોશની પ્રગટાવી જાય છે. (સંપૂર્ણ)

તમારો તમારા વિષેનો અભિપ્રાય 'સારો' હોય છે, બીજાઓનો તમારા વિષેનો અભિપ્રાય 'સાચો' હોય છે!



↑દાંડીકૂચ : આજથી ૨૫ વર્ષ પર ગાંધીજીએ કરેલી સ્વાતંત્ર્યસંગ્રામની એ પહેલી કૂચનું યાદગાર ચિત્ર જેમાં ગાંધીજીને જમણે પડખે શ્રી છગનલાલ જોષી અને ડાબે પડખે શ્રી પ્યારેલાલ છે. (ફોટો : બલવંત ભટ્ટ)

ગયા અંકમાં દર્શાવ્યું હતુ તેમ, આજથી બરાબર પચ્ચીસ વર્ષ પર બનેલો, ભારતના સ્વાતંત્ર્યના ઇતિહાસના એક અગત્યના સીમાસ્તંભ રૂપ 'દાંડીકૂચ'નો પ્રસંગ જેમ શ્રી કનુભાઈ દેસાઇએ એક પ્રતીકાલેખનથી સ્મરણાંકિત કરેલો, એ જ રીતે 'કુમાર'ના પરિચિત ફોટોકલાકાર શ્રી બલવંત ભટ્ટે એ ચિરસ્મરણીય પ્રસગને પોતાના કૅમેરામાં ઝીલી લઇને ચિરદર્શનીય બનાવ્યો હતો, જે, પછીના અંકમાં અમે પ્રકટ કર્યો હતો. અમદાવાદની સીમા સડક પર એ કૂચ ચાલતી હતી ત્યારે જ ઝડપી લીધેલું એ ઐતિહાસિક ચિત્ર અમે આજ આ સામે ફરી પ્રકટ કરીએ છીએ.

લખાયું હતું તો મૂળ અંગ્રેજીમાં, અને તેની પંક્તિઓ વિજ્ઞાનવીર શ્રી જગદીશચન્દ્ર બોઝે છેક ૧૯૨૫માં પોતાના એક વ્યાખ્યાનને અંતે ટાંકેલી; એ પરથી એ કાવ્યનો જે ગુજરાતી મુક્તાનુવાદ શ્રી ઝવેરચંદ મેઘાણીએ ત્યારે રચેલો તે દાંડીકૂચના એ પ્રસંગે કેટલો સમયોચિત હતો એ દાખવવા, 'કુમાર'ના એ અંકના પ્રથમ પૃષ્ઠ પરથી આ સામેના કૉલમમાં ફરી ઉતારીએ છીએ. શ્રી મેઘાણીની પ્રોત્સાહક બાનીથી ઝમકતું એ પ્રેરક કાવ્ય અનુવાદ હોય એમ જરા યે લાગે છે ?

હવે તો, એ અંકમાંની વિવિધ વિષય-સ્પર્શી સામગ્રીમાંથી 'આ લોકના કલ્પવૃક્ષ નારિયેળી' ઉપરના લેખમાંનો ઉપયોગી ભાગ જ ઉતારીને સંતોષ લઇએ :

'પૃથ્વી ઉપર કલ્પવૃક્ષની ઉપમા આપી શકાય તેવું ઝાડ છે નારિયેળી. આપણા ગરીબ દેશનો ૯૦ ટકા ભાગ મર્યાદિત, નૈસર્ગિક અને સાદું જીવન ગાળનારો છે. એને આ કલ્પવૃક્ષ નારિયેળી એકલી જ બધી જીવનસામગ્રી પૂરી પાડે એવી તે સમૃદ્ધ છે. આજ પણ લંકામાં જ્યાં નારિયેળીનાં વનનાં વન છે, ત્યાંના સામાન્ય મેહૂવર્ગનું આખું જીવન નારિયેળી જ નભાવે છે. તેઓ પોતાનાં કપડાં તેમજ ઢોરો માટે વાડા

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર
ચૈત્ર '૮૭
અંક ૭૬

બાંધવામાં નારિયેળીનાં થડના જ ઉપયોગ કરે છે. ટાઢ, તડકા અને વરસાદથી રક્ષણ પામવા, ઘર પર એ જ ઝાડનાં પાનનાં છાપરાં છાય છે, ને તેની જ મજબૂત છાલની ખીંટીઓ બનાવી તે પર એ જ છાલના ટુકડાઓની લટકતી છાજલી રચે છે. એ છાજલી પર ગોઠવવાનાં વાસણકૂસણ વગેરે પણ નારિયેળનાં કાચલાં ને છાલમાંથી જ બનાવેલાં હોય છે. તેમનાં નાનાંશાં ખેતરોમાં મરચાં, તમાકુ ને ધાન્યના પાકના રક્ષણ માટે ખેતર ફરતી એ નારિયેળીના જ મોટાંમોટાં પાનની વાડ બાંધે છે. તેમનાં બાળકોના ઘોડિયાં પણ એ નારિયેળનાં છોડાંમાંથી તૈયાર કરેલાં કાથીનાં દોરડાં વડે ટાંગેલી, કાથીના જ ગૂંથેલી ઝોળીનાં. એમના ખોરાક માટે ભાગે ભાત અને ખમણેલું ટોપરું જ હોય છે; અને એ પકાવવા માટે બળતણ? નારિયેળનાં કાચલાં અને છોતરાં. જમવા માટેનાં વાસણમાં નારિયેળનાં પાંદડાંના પત્રાવળાં અને કાચલાંના વાડકા. પીરસવા માટે, એક કાચલીમાં વેહ પાડી પાંદડાની પાતળી દાંડી બેસાડી કે કડછી તૈયાર.

દિવસની ખેતીથી પરવારીને રાત્રે માછલાં પકડવા જાય ત્યારે અંધારામાં પ્રકાશ માટે નારિયેળીનાં પાનના કે ફૂલોનાં ડીંટાંના તેઓ મશાલો બનાવે છે. અને સૂતરની જાળ તો ક્યાંથી લાવે? નારિયેળનાં છોડાંમાંથી જ સીંદરીઓ ગૂંથીને જાળ બનાવેલી હોય છે. વળી નદીમાં ફરવા હોડી જોઈએ; તે માટે નારિયેળનાં મોટાં પહોળાં તોતિંગ થડ વચ્ચેથી કોરીને પોલાણ કરી તરાપા જેવું બનાવી લે છે.

એમને ઓછાં જ ચા કૉફી કે સોડાલેમનનાં પીણાં હોય! જ્યારે ઇચ્છા થાય ત્યારે ખાસ્સાં લીલાં નારિયેળનું મીઠું કુદરતી પાણી ને ઉપરથી એનાં પોચાં સ્વાદિષ્ટ ટોપરાંનો નાસ્તો!

સુધરેલા લોકો દારૂ પીએ છે તેમ આ લોકો નારિયેળીના ઝાડમાંથી કાઢેલા રસને ખટાવી દઈ તે પીએ છે. તે 'માડી' કહેવાય છે.

દાળ-શાક વગેરેમાં ખટાશ નાખવા માટે પણ એ માડીનો બનાવેલો સરકો જ વાપરે છે. કોઈ સાજુંમાંદું થતાં તેઓ કોપરેલ તેલથી શરીરને ખૂબ મસળે છે. નારિયેળીના ઝાડના રસમાંથી તેઓ સાકર પણ બનાવે છે. અને કોપરાને અધકચરું છૂંદી નિચોવીને દૂધ કાઢે છે. પછી બુંદદાણાની કૉફી બનાવી તેઓ લહેજતથી પીએ છે. રાત્રે દીવામાં પણ નારિયેળીનાં જ સાધનો: કાચલાનું કોડિયું કરી તેમાં કોપરેલ તેલ પૂરે કે દીવો તૈયાર! ખોરાકમાં નારિયેળ, દવાદારૂમાં નારિયેળ તેમ વહેમશુકનમાં પણ નારિયેળ! બાળકના ઘોડિયા ઉપર, ભૂતપ્રેતના વહેમ ટાળવા નારિયેળીનો મોર ટાંગે છે. મરણ પછી ઠાઠડી ઉપર પણ એ જ મોર.

નારિયેળીનાં પાંદડાંનાં ડીંટાંના અંદરના ભાગમાં કૂણી રુવાંટી જેવો એક ભાગ હોય છે, જેમાં જખમમાંથી વહેતું લોહી બંધ કરવાનો ચોક્કસ ગુણ હોય છે. પ્રાચીન કાળમાં તાડપત્રની પેઠે નારિયેળીનાં પાંદડાં પણ કાગળ તરીકે વપરાતાં એ જાણીતું છે. આ ઉપરાંત ચટાઈ ગૂંથવામાં, છાપરાં છાવામાં તથા ટોપલા, સાવરણી વગેરે ઘરગથ્થુ ચીજો બનાવવામાં નારિયેળીનાં પાંદડાં બેશુમાર વપરાય છે. નારિયેળનાં કાચલાં પરનાં છોડાંમાંથી બનતી કાથીનો તો જગતભરમાં મોટો વેપાર ચાલે છે. એમાંથી બનતાં દોરડાં ખૂબ મજબૂત હોય છે. ઉપરાંત ટટ્ટી, ઝોળી, સીંદરીઓ, બ્રશ વગેરે બનાવવામાં તથા ખુરશી, કોચ, પલંગ વગેરેની ગાદી ભરવામાં પણ એ કાથીનો જ ઉપયોગ છે. અને આ બધું બનવા ઉપરાંત એ કાથીમાંથી ખરેલું અને બાકી વધેલું ઉવટનું ભૂસું ખાતર તરીકે વપરાય છે! નારિયેળમાંથી **કોપરું, તેમાંથી વળી કોપરેલ તેલ,** તેનો ખોળ: એ બધાંનો સાધારણ ઉપયોગ તો સૌ જાણે છે; પણ કોપરેલમાંથી માથામાં નાખવાનાં ઉત્તમોત્તમ તેલ બનવા ઉપરાંત સાબુ અને માખણની પણ બને છે! કૃત્રિમ માખણ 'માર્ગરીન', વેજિટેબલ ઘી તેમજ બિસ્કિટ બનાવવામાં પણ કોપરેલ તેલ વપરાય છે. નારિયેળના ઝાડના રસ 'માડી'માંથી બનતા ગોળમાં ચૂનાનું મિશ્રણ કરીને એક પ્રકારનું મજબૂત સિમેન્ટ પણ બનાવવામાં આવે છે!

આમ, એ ઝાડના એકેએક અવયવમાંથી બનતી વસ્તુઓનો ઉપયોગ જગતભરમાં થાય છે. એનાં પાંદડાં, ડીંટાં, ફળ, કાચલાં, છોડાં-છોતરાં, છાલ, થડ, ગભ, રસ, તેલ અને કૂચા તથા ભૂસા સુધ્ધાં જગતને ઉપયોગી છે. કલ્પતરુ આપણી ભૂમિ ઉપર જ છે.

ડોળિયા તથા કચરો કાઢી સાફ કરેલા પાશેર ખજૂરને એક શેર પાણીમાં રાત્રે પલાળી મૂકો. બીજે દિવસે પાણીમાં તેનો બધો કસ પચી જઈને કૂચા સહેજે છૂટા થઈને આવે એવો બની જશે. તેને સારી પેઠે ચોળી, વસ્ત્રગાળ કરી લઈ કૂચા કાઢી નાખો એટલે શરબત તૈયાર થયું. એ માત્ર સ્વાદિષ્ટ અને શીતળ જ નહિ પણ સત્ત્વશાળી ને સોંઘું પણ છે.

ગાયના છાણનાં સૂકાં અડાયાંને બાળી તેની રાખ થએલા પોડાને આખું ને આખું મીઠાના પાણીમાં બોળી દેવું. સુકાયા પછી શીશામાં ભરી દંતમંજન તરીકે વાપરવું.

નવ કહેજો

·દિવ્ય છંદ·

રણવગડા જેણે વીંધ્યા,
વાહાલી જેને વનવાટ;
જે મરતાં લગ ઝૂઝેલો
ઘનઘોર વિજન રઝળાટ;
જે ગગન ચુંબતા ગિરિશૃંગે
સુણતો હાકલ અવિરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો
'પ્રભુ દે એને વિશ્રામ!'

ધગધગ ધખતી સહરામાં
એ માણે શીતળ સેજ,
ઘન ઘન અંધાર નિશામાં
ભાળે ભાસ્કરનાં તેજ;
વંટોળ વિષે પણ પામતો
ફૂલદોલ તણા આરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો
'પ્રભુ દે એને વિશ્રામ!'

જ્યમ શતશત પહાડ-શિખરથી
જળધોધ ધૂધવતો જાય,
જ્યમ ખુશખુશાલ કો તેજી
નિજ અશ્વ નચવતો જાય;
ત્યમ સત્ય તણો શોધક નિજ પંથે
ધસે સદા અવિરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો
'પ્રભુ દે એને વિશ્રામ!'

દમ દમ કર્મે મચી રહેતાં
ઊછળે ઉરમાં લલકાર,
ભલી એ એની વિશ્રાંતિ,
એ સુખ, જીવન-આધાર,
એ પટે, લડથડે, છતાં ઊઠી
ફરી ચડે યુદ્ધ અવિરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો
'પ્રભુ દે એને વિશ્રામ.'

ઝવેરચંદ મેઘાણી

એન્લાર્જિંગ ફોટોગ્રાફીની ચાતુરીભરી એક અગત્યની ક્રિયા

લેખક
ગોવિન્દ એસ. મેવાડા
(કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ · ગુજરાત કૉલેજ)

ફોટોગ્રાફીનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપતી લેખમાળા : ૧૨

એન્લાર્જર વિષે સામાન્ય હકીકત જાણી લીધા પછી સમજાયું હશે કે કૅમેરામાં પણ ફિલ્મની જગ્યાએ નેગેટિવ મૂકી પાછળથી પ્રકાશ આપવાથી સામે મૂકેલા પડદા અથવા ભીંત પર મોટી છબિ પડે છે; એટલે કૅમેરાને આ પ્રમાણે ઊલટી રીતે વાપરીએ તો તે એન્લાર્જર બની જાય. આમાં છબિ ઝીલવાને બદલે તે છબિ ફેંકે છે અને તેથી એન્લાર્જિંગને 'છબિ પાડવાથી ઊલટી ક્રિયા' પણ કહી શકાય. એન્લાર્જરથી પેપર જેમ દૂર મૂકીએ તેમ છબિ મોટી થતી જાય. ફક્ત ફોકસિંગ કરી લેવાનું રહે.

નેગેટિવની બારીક વિગતો મોટા કરેલા ફોટામાં વિસ્તૃત થવાથી છબિ ઉઠાવ પકડે છે અને તેની માનસિક અસર એ થાય છે કે તે જીવંત લાગે છે. વળી છબિમાં જો કાચ, ઊન, ફર, ધાતુની વસ્તુઓ કે પ્રાણીઓ વગેરે હોય તો તેવા અનુકૂળ તેજ-છાયાવાળા ફોટા એવા તો આબેહૂબ લાગે છે કે જાણે અડકીશું તો મૂળ વસ્તુ જેવો સ્પર્શાભાસ થશે.

હવે, ફોટા મોટા કરવા-એન્લાર્જિંગની પૂર્વ તૈયારી વિષે જોઈએ:

નેગેટિવ : નેગેટિવ બરાબર ફોકસમાં હોય અને નૉર્મલ ગ્રેડની હોય તો એન્લાર્જમેન્ટ સારો થાય. ફાઈન ગ્રેઈન ડેવેલપરમાં ધોએલી નેગેટિવ પરથી સામાન્ય રીતે મોટા અને સારા એન્લાર્જમેન્ટ આવે છે.

પેપર : એન્લાર્જિંગ માટે ઘણુંખરું બ્રોમાઈડ પેપર વપરાય છે. કેટલીક વખતે ક્લોરો-બ્રોમાઈડ પેપર પણ વાપરવામા આવે છે (જુઓ અંક ૩૬૭). પેપરની પસંદગી માટે નીચેનો કોઠો જુઓ:

કામની વિગત	કોડૅકના પેપરની જાત, તેની સપાટી અને રંગ
વૈજ્ઞાનિકવિષયો તથા બ્લૉક બનાવવા માટેના ઘણા જ સ્પષ્ટ ફોટા	બ્રોમાઈડ, ગ્લૉસી, વ્હાઈટ F*
આલ્બમ માટેના ફોટા, કૉમર્શિયલ ફોટોકળા અને જાહેરમાં મૂકવાના ફોટા.	બ્રોમાઈડ, સ્મૂથ, લસ્ટર, વ્હાઈટ N બ્રોમાઈડ, સ્મૂથ, સેમી-મૅટ, વ્હાઈટ E બ્રોમાઈડ, સેમી-મૅટ, નૅચરલ વ્હાઈટ A
સર્વ સામાન્ય ફોટોકળા અને તસવીરકામ	બ્રોમાઈડ, ફાઈન ગ્રેઈન, લસ્ટર, નૅચરલ વ્હાઈટ G બ્રોમાઈડ, ફાઇન ગ્રેઇન, લસ્ટર, આઈવરી (હાથીદાંતી રંગ) P
નાની નેગેટિવ પરથી ઘણા જ મોટા કરવાના હોય તેવા ફોટા ટેબલ-ટૉપ ફોટોકળા, ભાવવાહી ફોટા	ઓપલ, મિડિયમ રફ, લસ્ટર, નૅચરલ વ્હાઈટ R ઓપલ, મિડિયમ રફ, લસ્ટર, આઈવરી S
ઊંચા પ્રકારની તસવીરકળા અથવા ફોટોકળા	ઓપલ સ્યૂડ (સુંવાળા ચામડા જેવી), મૅટ, ક્રીમવ્હાઈટ (આછો બદામી રંગ) V ઓપલ, સ્યૂડ, મૅટ, આઈવરી W

* અક્ષરો એ જાતના પેપર માટેના કોડનંબર ખાસ સંજ્ઞાઓ છે.

ડેવેલપર : કોડૅક ડી. ૧૬૩ અથવા ફોકલ યુનિવર્સલ ડેવેલપર (જુઓ અંક ૩૭૧, પાન ૪૫૨).

ફિક્સિંગ બાથ : જુઓ અંક ૩૭૨, પાન ૫૦૮.

ઘડિયાળ : જુઓ અંક ૩૭૪, પાન ૫૭. આ ઉપરાંત વિદ્યુતથી ચાલતાં સ્વનિયંત્રિત સમયમાપક યન્ત્રો પણ આવે છે. તેને એન્લાર્જરના વિદ્યુત જોડાણની સાથે જોડવાનાં હોય છે. તેમાં એવી કરામત હોય છે કે પહેલેથી નક્કી કરેલા એક્સપોઝર પ્રમાણે તેમાં કાંટો ગોઠવી બટન દબાવવાથી એન્લાર્જરનો દીવો ચાલુ થાય છે અને ગોઠવ્યા પ્રમાણે એક્સપોઝર પૂરું થાય એટલે તે આપોઆપ બંધ થઈ જાય છે. શેડિંગ અથવા સ્પૉટ-પ્રિન્ટિંગ (જે વિષે આગળ જોઈશું) તે વખતે ઘણું ઉપયોગી થઈ પડે છે.


સુરક્ષિત પ્રકાશ (safe light): છત પર ઊંચે અથવા સામે ભીંત પર ભેરવી શકાય તેવા તૈયાર લૅમ્પ પણ આવે છે. તેમાં જુદાજુદા કાચ ગોઠવી જોઈતા રંગનો પ્રકાશ મેળવી શકાય છે. એન્લાર્જિંગ વખતે તેમાં રાતો પ્રકાશ આપે તેવો કાચ (wratten series O. A.) ગોઠવવો. આવા લૅમ્પ જાતે પણ બનાવી શકાય. સામાન્ય વપરાશ માટે નીચે મુજબ બનાવી લીધેલું બૉર્ડ પણ ચાલે: એક પાટિયાના ટુકડા પર બે હોલ્ડર અને એક ડબલ-જોડાણ આપે તેવી સ્વિચ લગાવી આકૃતિમાં બતાવ્યા પ્રમાણે તારથી જોડાણ કરવું. એક હોલ્ડરમાં રાતો ગોળો રાખવો અને બીજામાં ધોળો. આ પ્રમાણે ગોઠવણ કરવાથી રાતો ગોળો ચાલુ હશે તે વખતે ધોળો ગોળો બંધ અને ધોળો ચાલુ હશે એટલે રાતો બંધ રહેશે (જુઓ આકૃતિ). આ પ્રમાણે બનાવેલું બૉર્ડ પ્રિન્ટ કાઢતી વખતે તો ઘણું જ ઉપયોગી થઈ પડે છે. રાતો ગોળો તાત્કાલિક ન હોય તો ધોળા ગોળા પર પેપરની થેલીમાંથી નીકળતો રાતો કાગળ વીંટાળી દેવાથી પણ કામ સરશે.

એન્લાર્જિંગમાં વપરાતા પેપર પર આ રાતા પ્રકાશની અથવા તો બીજા પ્રકાશની અસર થાય છે કે કેમ તેની ખાતરી કરી લેવી જરૂરી છે. રાતા પ્રકાશ માટે પેપરના એક ટુકડાને આ પ્રકાશમાં થોડો સમય રાખવો અને પછી તે તથા પ્રકાશ આપ્યા વિનાનો એક એમ બંને પેપરને સાથે ડેવેલપ કરી ફિક્સ કરી લેવા. ધોળા પ્રકાશમાં તપાસતાં બંને કશા ય તફાવત વિનાના લાગે તો પ્રકાશ સુરક્ષિત છે તેમ સમજવું.

હવે ફોટા મોટા કરવાની રીત વિષે જોઈએ:

એન્લાર્જરનો લેન્સ બરાબર સાફ હોવો જોઈએ. તે માટે 'લેન્સ ક્લીનર' આવે છે તે લગાવી પતંગ બનાવવાના પાતળા ધોળા કાગળથી સાફ કરી લેવો. નેગેટિવ તથા એન્લાર્જરની ફ્રેમમાં નેગેટિવને કાચના જે બે પડ વચ્ચે રાખવામાં આવે છે તે પર ધૂળનાં રજકણો હોય તો તે પણ સાફ કરી લેવાં; કારણ કે છબિની બારીક વિગતોની સાથે ધૂળનાં રજકણોની છાયા પણ મોટો આકાર લઈ છબિમાં અંકિત થાય છે.

નેગેટિવની ઈમલ્શનવાળી બાજુ લેન્સ તરફ રહે તેવી રીતે તેને એન્લાર્જરની ફ્રેમમાં ગોઠવો. ફ્રેમ કરતાં નેગેટિવ નાની હોય તો યોગ્ય માપનું માસ્ક મૂકવું જેથી બાજુએથી નીકળતો વધારાનો પ્રકાશ એન્લાર્જરના બૉર્ડ પર ન પડે.



૧ અને ૨નું જોડાણ કરતાં લાલ અને ૧ ને ત્રણનું જોડાણ કરતાં સફેદ ગોળો પ્રકટે તેવી બેવડું કામ આપતી સ્વીચની ગોઠવણ આપતી આકૃતિ.

નેગેટિવની વિસ્તૃત છાયા પડે છે તે બૉર્ડ ઉપર સ્વચ્છ ધોળો કાગળ મૂકી ગોળો ચાલુ કરો. ડાયાફ્રામ આખી ઉઘાડો. કાગળ પર નેગેટિવની છબિ દેખાશે. જોઈતા માપની છબિ મેળવવા માટે એન્લાર્જરને ઊંચુંનીચું કરી લેન્સ અને બૉર્ડ વચ્ચેનું અંતર વત્તુંઓછું કરી ફોકસિંગ કરી લેવું. ઝેરાશ અથવા અસ્પષ્ટ વિગતોવાળી નેગેટિવ બરાબર ફોકસ થઈ છે કે કેમ તે નક્કી કરવું ઘણી વખત અઘરું થઈ પડે છે. આ માટે અક્ષરોવાળી અથવા ભૂમિતિની આકૃતિવાળી તૈયાર નેગેટિવો આવે છે તે એન્લાર્જરની ફ્રેમમાં નેગેટિવને બદલે ગોઠવી બરાબર ફોકસ કરી લેવું. જરૂર પડે તો સૂક્ષ્મદર્શક કાચ વડે ફોકસ થએલી છબિને તપાસી લેવી. ત્યાર બાદ જેનો એન્લાર્જમેન્ટ કાઢવો હોય તે નેગેટિવ તેની જગ્યાએ સાવચેતીપૂર્વક મૂકી દેવી. ફોકસ બરાબર હોવાથી હવે કંઈ ખસેડવાનું રહેશે નહિ.

એન્લાર્જિંગનું મુખ્ય કાર્ય હવે શરૂ થાય છે–અને તે એક્સપોઝર નક્કી કરવાનું. એન્લાર્જરની જાત, તેમાં ગોઠવેલો ગોળો તથા લેન્સ ઉપરાંત ડાયાફ્રામ, નેગેટિવ અને પેપરનો પ્રકાર તથા ગ્રેડ, લેન્સ અને પેપર વચ્ચેનું અંતર વગેરે ઘણી બાબત પર એક્સપોઝરનો આધાર રહે છે. પ્રિન્ટ કાઢતી વખતે જે પ્રમાણે એક્સપોઝર નક્કી કરવામાં આવે છે (જુઓ અંક ૩૭૪, પાન ૫૭) તે કસોટી–પ્રિન્ટની રીત અહીં પણ લાગુ પાડી શકાય. નેગેટિવના પ્રકાર પ્રમાણે અનુકૂળ ગ્રેડનો પેપર પસંદ કરી તેના લગભગ અડધો પોણો ઈંચ પહોળા અને છબિની લંબાઈ જેટલા લાંબા પાંચ છ ટુકડા કરી રાખવા. હવે લેન્સ આગળ લાલ કાચ લાવી પ્રકાશ ચાલુ કરો. બૉર્ડ પર પડતી છબિનાં તેજ–છાયાનો સામાન્ય રીતે ચિતાર આપી શકે તેવા અગત્યના ભાગમાં ઉપર પ્રમાણે કાપેલો પેપરનો ટુકડો ગોઠવો અને લાલ કાચ ખસેડી તેને એક્સપોઝ કરો. કેટલા સમય સુધી પ્રકાશ આપ્યો તે તેની પાછળ પેન્સિલથી નોંધી રાખો. આ પ્રમાણે જરૂર લાગે તેવા તે છબિના બીજા ભાગમાં પણ બે ત્રણ વખત બીજા પેપર મૂકી ઓછાવત્તા સમય સુધી પ્રકાશ આપી તેની નોંધ દરેકની પાછળ કરો. ત્યાર બાદ બધાને એકસામટા સરખા સમય સુધી ડેવેલપ કરો. આ ઉપરથી છબિના કયા ભાગમાં કેટલો પ્રકાશ આપવો તેનો કંઈક અંદાજ મળશે. જરૂર જણાય તો આ પ્રમાણે ફરી કરી જુઓ; અને છેવટે છબિના જરૂર પૂરતા માપનો આખો કાગળ મૂકી એક્સપોઝ કરી લો.

ચોક્કસ એક્સપોઝર જાણવા માટે ફોટો–ઇલેક્ટ્રિક એન્લાર્જિંગ એક્સપોઝર મીટર પણ આવે છે. બૉર્ડ પર પડતી નેગેટિવની છાયામાં મીટર મૂકવાથી તે ભાગનો પ્રકાશાંક મીટરમાં વંચાય છે. તે ભાગ માટેનું એક્સપોઝર ઉપરની રીતે જાણી લીધું હોય તો પછી બીજા ભાગનો પ્રકાશાંક માપી સામાન્ય ગણતરીથી એક્સપોઝર નક્કી કરી શકાય. પ્રકાશાંક પરથી સીધું એક્સપોઝર નક્કી કરવા માટે પેપરની ઝડપ જાણવી જોઇએ ને તે બનાવનારાઓ તરફથી દર્શાવવામાં આવતી નહિ હોવાથી જાતે નક્કી કરવી પડે છે. આ ઉપરાંત 'ફોકલ એક્સપોઝર ચાર્ટ' આવે છે તેનાથી પણ એક્સપોઝર ઝડપથી નક્કી કરી શકાય છે. આમ છતાં ઉપર શરૂઆતમાં જણાવેલી કસોટી–પ્રિન્ટ કાઢવાની પ્રથા ખૂબ વ્યવહારુ છે.

આ પ્રમાણે એક વખત એક્સપોઝર નક્કી કરી લીધા પછી જેટલા ફોટા કાઢવા હોય તેટલા એક પછી એક એક્સપોઝ કરી લેવા. એક વખત ગોઠવણ થઈ ગયા બાદ છબિને નાની મોટી કરવામાં આવે તો પાછું એક્સપોઝર નક્કી કરવાનું રહે છે તે જાણવું અત્યંત જરૂરી છે.

ઉપર પ્રમાણે છબિમાં બધે અનુકૂળ એક્સપોઝર મળ્યું હશે તો ડેવેલપરમાં ધોતી વખતે એકથી દોઢ મિનિટમાં સુંદર છબિ અંકાઈ જશે. પછી તેને પાણીમાં ધોઈ ઍસિડ ફિક્સિંગ બાથમાં ફિક્સ કરી લેવી. ત્યાર બાદ એક કલાક સુધી વહેતા પાણીમાં અથવા તેટલા સમય દરમિયાન ચાર પાંચ વખત પાણી બદલી સ્થિર પાણીમાં ધોઈ નાખવા.

ગ્લૉસી પેપર પર છબિ લીધી હોય તો તેને ગ્લેઝિંગ–પ્લેટ પર



સૂકવી દેવો. તે સિવાયના પેપર હોય તો તાર ઉપર લટકાવેલી ચાંપોમાં ભરાવી દેવા અથવા છાપાના કાગળ પાથરી તે પર ઈમલ્શનવાળી બાજુ ઉપર રહે તેવી રીતે ગોઠવી દેવા. આ પ્રમાણે સુકાએલા ફોટા ભાગ્યે જ સપાટ રહે છે. ઘણુંખરું તે ઈમલ્શનવાળી બાજુ તરફ વળી જાય છે. તેમને સીધા કરી ચોપડીઓના કે એવા કોઈ દબાણ વચ્ચે એકાદ દિવસ મૂકી રાખવાથી સીધા થઈ જશે. આ રીતે બરાબર સીધા ન થાય તેવા ફોટા સાથેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ટેબલની ધાર પર મૂકી ઉપરથી એક હાથે થોડા દબાવી રાખી બીજા હાથે ખેંચી લેવાથી સપાટ થઈ જાય છે. ('એન્લાર્જિંગ' ચાલુ)

અનુસંધાન ગુજરાતની ગુપ્તકાલીન શિલ્પસમૃદ્ધિ પૃષ્ઠ ૨૩૫થી

મથુરાના કુષાણયુગના મુકુટોની રચનાને મળતી છે. આ શિલ્પ–અવશેષ પણ ગુપ્તયુગના—ઈ. સ.ના પાંચમા સૈકાના ગણાય છે તે યોગ્ય જ છે.

ભરૂચથી એક નાનું એકમુખ શિવલિંગ આ લેખકને મળ્યું હતું, જે વડોદરા યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગને ભેટ આપ્યું છે. જર્નલ ઑવ ઓરીએન્ટલ ઈન્સ્ટીટ્યૂટના પ્રથમ વર્ષના બીજા અંકમાં એની મેં ચર્ચા કરી છે. એ એકમુખ શિવલિંગ ઈ.સ.ના છઠ્ઠા સૈકાનું છે. એથી કાંઈક જૂનું હોઈ શકે. એમાં યે શિવના મુકુટની રચના પણ કુષાણકાલીન મુકુટો પરથી સીધી ઊતરી આવેલી શૈલીની છે.

આબુમાંથી ગુપ્તકાલીન શેષશાયી વિષ્ણુપ્રતિમા મળી આવી છે. આ પ્રતિમા એની છબિ સાથે Holy Abu નામના પુસ્તકમાં મેં રજૂ કરી છે અને એની ચર્ચા સદર પુસ્તકની પ્રસ્તાવનામાં મેં કરી છે. આબુનાં અપ્રસિદ્ધ શિલ્પો ઉપર 'કુમાર'માં અલગ લેખ હવે આવનાર હોઈ તે સમયે એ શિલ્પની છબિ સાથે ચર્ચા કરીશું.

ગુજરાતમાંથી ગુપ્તકાલીન એક બીજી અદ્ભુત સૌન્દર્યયુક્ત ધાતુપ્રતિમા અકોટાના સંગ્રહ સાથે જે મેં મેળવી હતી તે હાલ વડોદરા મ્યૂઝિયમમાં છે. કમનસીબે એ પ્રતિમા ઘણી ખંડિત હાલતમાં છે. ભગવાન ઋષભદેવની એ કાયોત્સર્ગ ધ્યાને ઊભેલી પ્રતિમાનું મુખ અંક ૩૭૨માં ચિત્ર ૪ રૂપે મેં રજૂ કર્યું હતું. અહીં એ આખી પ્રતિમા ચિત્ર ૩૦ તરીકે રજૂ કરું છું. (જુઓ આ અંકના મુખચિત્ર પાછળની આર્ટપ્લેટ) સારા યે ભારતવર્ષમાંથી મળેલી શ્વેતામ્બર (એટલે સવસ્ત્રી) તીર્થંકર પ્રતિમામાં એ (તથા જીવન્ત સ્વામીની અકોટાની ધાતુપ્રતિમા બે) જૂનામાં જૂની છે. સુલતાનગંજની બૌદ્ધ ધાતુપ્રતિમા, જે હાલ લંડનમાં છે તેના જેવી જ સુંદર આ પ્રતિમા પણ એ બુદ્ધમૂર્તિ માફક ગુપ્ત યુગની જ–ઈ. સ. ૪૫૦ થી ૫૦૦ આસપાસની છે. પણ એની કલાને પશ્ચિમ ભારતીય શૈલીની કહેતાં હું ખચકાઉં છું. મધ્ય ભારતની ગુપ્ત કલાને એ વધુ મળતી આવે છે, છતાં એ પ્રતિમા પણ ગુજરાતમાં જ ભરાઈ હોય એ શકય છે. આ પ્રતિમાની વિશેષ ચર્ચા માટે જુઓ આ લેખકનો Bulletin of the Prince of Wales Museum, Bombay, Vol. I No. 1માંનો લેખ.

(હવે પછીના હપતે ગુજરાતનું ગુપ્તોત્તરકાલીન શિલ્પ આવશે.)

શ્રી નવનીત સેવકની

આધુનિક જીવન પર પંચતંત્રની ઢબે હળવી શૈલીથી લખાએલી

સપ્તતંત્રની કથાઓ-૨

લગ્નના લાલચુ વિપ્રની વાત

ગુજરાત નામે દેશને વિષે આવેલા અમદાવાદ નામે નગરમાં મૂળશંકર નામે એક વિપ્ર વસતો હતો. કોઇ એક શેઠિયાને ત્યાં રસોઇ કરવા માટે રહેલો એવો તે, ત્યાર બાદ રસોઈ માટે લાવેલા શુદ્ધ ઘીમાં વેજીટેબલની ભેળસેળ કરીને, સસ્તું શાક મોંઘા ભાવે લાવીને તેમજ ઓળખીતાઓને ત્યાં ખાનગી રીતે ભાણાં મોકલીને પાંચ પૈસે સુખી થયો. ત્યાર બાદ તે મૂળશંકર નામે બ્રાહ્મણ વડે આ પ્રમાણે વિચારાયું: 'અહો! રસોઈના આવા પ્રકારના ધંધા વડે કરીને હું સારું એવું ધન પ્રાપ્ત કરી શક્યો છું, પરંતુ સ્ત્રી વિના આ સર્વ નકામું છે; કેમકે કહ્યું છે કે

કન્ટ્રોલ વિનાનું રેશનકાર્ડ નકામું છે, નફા વિનાની તેજી નકામી છે, નૃત્ય વિનાની ફિલ્મ નકામી છે, ખાધ વિનાનું બજેટ નકામું છે, વઘાર વિનાની દાળ નકામી છે અને સ્ત્રી વિનાનું ઘર નકામું છે. (૧)

'આ પ્રમાણે વિચાર થયો છે જેના વડે, એવા તે બ્રાહ્મણે ત્યાર બાદ સ્ત્રી લાવવાનો નિશ્ચય કર્યો અને તેથી, લાકડમાકડ-સંયોગ કરવામાં ચતુર છે જે, એવા એક જ્ઞાતિબંધુ પાસે જઇને તેણે આ પ્રમાણે કહ્યું: 'હે બંધુ! ભાગ્યની અને શેઠિયાની કૃપા વડે કરીને મેં ધનને પ્રાપ્ત કર્યું છે. તો હવે મને જ્ઞાતિમાંથી સ્ત્રી મળે તેવો રસ્તો બતાવો.'

આવાં તેનાં વચન સાંભળીને મંદમંદ હસી રહેલા એવા તે જ્ઞાતિબંધુએ કહ્યું, 'હે ભાઈ, તને પરણવાની ઇચ્છા થાય તે અત્યંત સ્વાભાવિક છે, પરંતુ હવે આટલી ઉમરે કન્યા કોણ આપશે? વળી આપણી જ્ઞાતિમાં તો ધનપ્રદાન કર્યા વિના સ્ત્રી મળવી મુશ્કેલ છે. કહ્યું છે કે

જ્ઞાન વિના આ યુગમાં કીર્તિ મળવી શકય છે, બુદ્ધિ વિના (હરીફાઈમાં) ઇનામ મળવું શકય છે, ઓળખાણ વિના કોન્ટ્રેકટ મળવો પણ શકય છે, પણ (મોટી ઉમરે) ધન વિના કન્યા મળવી તો અશકય જ છે. (૨)

તેનું આ પ્રમાણેનું કથન સાંભળીને તે મૂળશંકર નામે વિપ્ર બોલતો હવો: 'હે બંધુ! ધન આપવાને માટે તો હું તૈયાર છું, પરંતુ કોઇ પણ વખત લગ્ન થએલું નથી જેનાથી, એવા હું વડે સ્ત્રી સાથે કેવી રીતે વર્તાવું જોઇએ તેની મને ખબર નથી; તો કૃપા કરીને તે જ્ઞાન મને આપો.'

તે પરથી તે જ્ઞાતિબંધુ બોલ્યા 'હે વિપ્ર, કહ્યું છે કે……

પહેલી સ્ત્રીને દુઃખી કરીને દુઃખી થયો, બીજી સ્ત્રીને સુખી કરીને દુઃખી થયો તો હવે ત્રીજીનું શું કરવું? (૩)

તે બ્રાહ્મણે, 'આ પ્રમાણે કેમ?' એમ પૂછતાં તે જ્ઞાતિબંધુ વડે આમ કહેવાયું:

બે પત્નીવાળા પટેલની કથા

પૂર્વે સૌરાષ્ટ્ર નામે દેશમાં કરસન નામે પટેલ રહેતો હતો. તમાકુના વેપાર વડે કરીને જ્યારે તે પટેલ વડે સારું એવું ધન મેળવાયું ત્યારે તેના માટે અનેક કન્યાઓનાં માગાં આવવા લાગ્યાં. કહેવત છે કે

(સાથે) સ્ત્રી હોય તેવાને રેલવેની ટિકિટ, રૂપવતી યુવતીને મોટરમાં લિફ્ટ, લાગવગવાળાને નોકરી, સત્તા પર આવનારને (રૂપિયાની) થેલીઓ અને ધનવાળાને કન્યા મળતાં વાર લાગતી નથી. (૪)

આ પ્રમાણે થવાથી, વડા પ્રધાન જેમ 'આ દેશની મુલાકાતે જવું કે પેલા દેશની?' એમ નક્કી નહિ કરી શકાતાં મૂંઝાય, એમ આ કરસન નામે પટેલ પણ આ કન્યાને પરણું કે પેલીને એમ વિચારીને મૂંઝાવા લાગ્યો. ત્યાર બાદ તે પટેલ વડે એક ગુણવાન કન્યાને પરણવાનું નક્કી કરાયું તથા તેમ થતાં તે અત્યંત સંતોષને પામ્યો.

એ પછીથી સમય પસાર થતાં ગુણવતી વધૂને પામેલા એવા તે કરસન નામે પટેલનું સુખ જોવાયું નથી જેનાથી, એવા તે(પટેલ)ના એક મિત્ર વડે તેને આ પ્રમાણે કહેવાયું, 'હે બંધુ! અમેરિકા જેમ ચાંગ કાઈ-શેકને છૂટ આપે તે પ્રમાણે તારી પત્નીને છૂટ આપવામાં તું સારું કરતો નથી, તથા તે જેમ કરે તેમ કરવા દેવામાં તારું શ્રેય નથી. કહ્યું છે કે રોગ, શત્રુ ને સ્ત્રી પર દાબ નહિ રહેતાં એ ત્રણે માથા પર ચડી બેસે છે માટે તારી સ્ત્રી કઠણ વર્તણૂક દ્વારા અંકુશમાં લેવાવી જોઇએ.'

મિત્રની આ પ્રમાણેની શિખામણની અસર થઈ છે જેના પર, એવા તે કરસન નામે પટેલે ત્યાર બાદ તે પ્રમાણે ચાલીને પત્ની પ્રત્યે કડક થવા માંડયું તથા તેને જાતજાતના શબ્દો વડે મહેણાં દેવાં શરૂ કર્યાં. આમ થવાને લીધે અત્યંત સાલસ સ્વભાવ છે જેનો, એવી તે સ્ત્રી ખૂબ દુઃખને પામી તથા, 'ગુજરાત જેમ ડાંગથી વિમુખ થયું તેમ પતિ મારાથી વિમુખ થતા જાય છે' એવી ચિંતાને લીધે ધીમેધીમે અત્યંત કૃશ થઈ જઇને તે છેવટે મરણને પામી.

ત્યાર બાદ આમ થવાને લીધે દુઃખી થઇને પસ્તાવો કરતો તે પટેલ, 'સંતાન વિના મારું આ ધન કોણ વાપરશે?' એવી ચિંતાને પ્રાપ્ત થઇને ફરીથી કન્યાની તપાસમાં પડયો. ઉમર વધી હોવા છતાં પણ તે પૈસાદાર હોવાને લીધે ઘણી કન્યાઓનાં માગાં મેળવવાને શક્તિમાન થયો, તથા પ્રધાન થતાં જેમ નેતા અનેક ઉદ્ઘાટનોનાં આમંત્રણો મેળવવા પામે એમ અનેક કન્યા-પિતાઓનાં આમંત્રણો મેળવવા લાગ્યો. 'કેવી કન્યાને પસંદ કરવી?' એવી ગૂંચવણમાં પડેલા એવા તેનાથી ત્યાર બાદ આ પ્રમાણે વિચારાયું: 'કુળવાન કન્યાના કુળને કોઈ આંખો વડે જોઈ શકતું નથી, ગુણવાન સ્ત્રીના ગુણને તો તેનો પતિ કે સગાંવહાલાં જ જોઈ શકે છે, પરંતુ રૂપવતી પત્નીના રૂપને તો આખું જગત જોઈ શકે છે; માટે આ વેળાએ તો રૂપવતી સ્ત્રીને પરણવું તે જ યોગ્ય છે.'

આમ વિચારતાં તે કરસન નામે પટેલ એક રૂપવતી કન્યા સાથે લગ્નયોગ ગોઠવી પરણવા પામતો હતો. તે સમયે જ્યારે ગાળમિશ્રિત ફટાણાં ગવાતાં હતાં, એકબીજાનો પીધેલો હુક્કો આગ્રહ કરીને પીવડાવાતો હતો, રીસાયેલાંને મનાવાતાં હતાં ને મનાવાયેલાંને રીસાવાતાં હતાં, પલ્લાના દાગીનાના તથા પહેરામણીના રૂપિયાના વાંધા પડાવાતા હતા, તે વેળાએ, જેની પહેલી વારની સ્ત્રી દુઃખી થવાને લીધે પરલોકમાં ગઇ છે એવા તે કરસને વિચાર્યું, 'વાહ! હવે તો હું બીજી વાર પરણવાને માટે ભાગ્યશાળી થયો છું, માટે હવે તો, અમેરિકા જેમ ફોર્મોસા માટેની બધી શિખામણોને અવગણે છે તેમ મારે પણ પત્ની પર દાબ રાખવાની કોઈ શિખામણ માનવી જોઈએ નહિ, તથા મારી સ્ત્રીને સારી રીતે રાખવી જોઇએ; કેમકે

રાજદરબારનો હાથી, પહેલી વારનું બાળક તથા બીજી વારની સ્ત્રી એ સર્વ લાડને પામે તે યોગ્ય જ છે. (૫)

તે પછીથી તે પ્રમાણે કરવામાં આવતાં પતિ તરફથી સ્વાતંત્ર્ય મળ્યું છે જેને, એવી તે કરસન નામે પટેલની સ્ત્રી, ભારતની નીતિને કારણે ગોવા સરકાર ઉદ્ધત થઇ જાય એમ ઉદ્ધત થઈ ગઇ, અને તેમ થતાં કાળક્રમે ઘરમાંથી અલંકારો તથા ધન વગેરે લઇને પલાયન થઈ ગઇ.

આમ થતાં તે પટેલ અત્યંત ઉદાસીનતા પામ્યો. થોડો સમય આમ વીત્યા બાદ તેના એક મિત્ર વડે આમ કહેવાયું, 'હે વયસ્ક! તારી સ્ત્રી જતી રહી તો ભલે ગઈ, પણ તું ફરીથી લગ્ન કર; કેમકે કહ્યું છે કે

પહેલીવારનું લગ્ન વિલાસ માટે, બીજી વારનું લગ્ન રોટલા ઘડનાર માટે અને ત્રીજી વારનું લગ્ન ધનનો ઉપભોગ કરનાર (સંતાનો) માટે કરવું. (૬)

આથી દુઃખી થએલો તે કરસન બોલ્યો, 'હે બંધુ, લગ્ન કરવામાં તો મને વાંધો નથી, પરંતુ મારી ત્રીજી વારની સ્ત્રી સાથે હું કેવી રીતે વર્તીશ? કેમકે **'પહેલી સ્ત્રીને દુઃખી કરીને દુઃખી થયો' વગેરે**

આ પ્રમાણે કહીને તે જ્ઞાતિબંધુએ તે મૂળશંકર નામે વિપ્રને કહ્યું, 'હે બંધુ, સ્ત્રી સાથે અત્યંત કડક થતાં પણ દુઃખી થવાય છે તેમ અત્યંત નરમ થતાં પણ દુઃખી થવાય છે; માટે સુજ્ઞજને હમેશાં મધ્યમ માર્ગ લેવો.'

એ પછીથી તે જ્ઞાતિબંધુએ મૂળશંકર નામે તે વિપ્રને કન્યા મેળવી આપવાનું વચન આપ્યું; અને તેનો એવો દિલાસો મેળવીને, પ્રધાનનાં વચન મેળવીને ખુશ થતી પ્રજાની જેમ ખુશ થતો તે બ્રાહ્મણ ઘેર ગયો.

કિન્તુ થોડા દિવસ ગયા પછીથી લગ્નગાળો આવતાં જ્યારે સાંકડા રસ્તાઓ પરથી વરઘોડા પસાર થતાં વાહનવ્યવહાર અટકી જતો હતો, રેમન સોલ્જર્સ જેવા બૅન્ડવાળાઓ વડે મંગળ વરઘોડામાં સિનેમાનાં કરુણ ગીતો વગાડાતાં હતાં તથા વરના ઘોડા પાછળની સ્ત્રીઓને જોવા માટે લોકો વડે રસ્તા પર ટોળે વળાતું હતું ત્યારે, પરણવાને માટે વ્યાકુળ થઈ ગએલો તે મૂળશંકર નામે વિપ્ર પેલા જ્ઞાતિબંધુ પાસે જઈને આ પ્રમાણે કહેવા લાગ્યો, 'હે મિત્ર! આપને મેં મારા લગ્ન માટે કહ્યે ઘણા દિવસો વીતી ગયા હોવા છતાં પણ આપ વડે તે બાબતમાં કંઈ જ બની શક્યું નથી, તો તે પ્રમાણે કેમ છે તે આપ મને કહો.'

આ પરથી, 'આને પરણવાની સારી ગરજ છે' એમ વિચારતા તે જ્ઞાતિજન વડે આમ કહેવાયું, 'હે બંધુ, તમારા લગ્ન વિષે અનેક પ્રયત્નો કરવા છતાં પણ કંઈ બની શક્યું નથી, પરંતુ યેનકેન પ્રકાર વડે અમે તમને સ્ત્રી પ્રાપ્ત કરાવી આપીશું તે નક્કી જાણજો.'

આ પ્રમાણે આશ્વાસન આપવામાં આવ્યા છતાં પણ સ્ત્રી માટેની એષણા પ્રબળ બની છે જેની, એવા તે વિપ્ર વડે વારંવાર પૂછવામાં આવતાં તે જ્ઞાતિજને વિચાર્યું, 'અરે! આને તો સ્ત્રી માટેની ઝંખના ઘણી જ પ્રબળ જણાય છે, માટે લાવ કોઈ એક યુક્તિ વડે કરીને આ ગરજવાન પાસેથી ધન પડાવી લેવા દે; કેમકે કન્યા મેળવવાની લાલચને વશ થએલો આ (બ્રાહ્મણ) જરૂર મારી જાળમાં ફસાશે; કહ્યું છે કે

કંજૂસ બાપનો ઉડાઉ વારસ, નોકરી માટે ઝંખતો બેકાર, ચૂંટણીમાં સફળતા મેળવવાની ઇચ્છા રાખતો ઉમેદવાર તથા પરણવાને ઉત્સુક થએલો મનુષ્ય એ સર્વજન ગરજને લીધે બુદ્ધિ ગુમાવે છે. (૭)

તે પરથી તે જ્ઞાતિબંધુ વડે બેએક લગ્નદલાલોને મળીને, 'આવો શિકાર ફરી ફરીને નહિ મળે' એ પ્રમાણે સમજાવીને તેમને તૈયાર કરવામાં આવ્યા, તથા આવા જ ધંધાઓમાં પ્રવીણતા મેળવાઈ છે જેના વડે, એવી એક સ્ત્રીને પણ સઘળું સમજાવાયું. ત્યાર પછી તે જ્ઞાતિજન તેમજ તે દલાલો મૂળશંકર નામે તે બ્રાહ્મણની સમીપ જઈને કહેવા લાગ્યા, 'હે બંધુ, આ ગુજરાત દેશમાં તો ધન ખર્ચવા છતાં પણ કન્યા મળવી અશક્ય છે, પરંતુ બાજુના સૌરાષ્ટ્ર નામે દેશમાં આપણી જ્ઞાતિમાં કન્યાઓનો સુકાળ છે; માટે તમારા માટે થોડા વધુ પૈસા ખરચીને પણ ત્યાં વ્યવસ્થા થઈ શકશે.'

તેમનું આ પ્રમાણેનું કહેલું સાંભળીને ખુશ થયેલા તે વિપ્ર પાસે તે ધૂર્તોએ સૌરાષ્ટ્ર દેશમાંથી લગ્ન માટે (તે) કન્યા ગુજરાતમાં લાવવા સારુ ધનની માગણી કરતાં તે તેણે ખુશી થઈને આપ્યું. કહેવત છે કે

વકીલોથી જેમ સત્ય નાસે છે, (મ્યુનિસિપાલિટીની) એન્ક્રોચમેન્ટ ગાડીથી જેમ લારીવાળાઓ નાસે છે, સત્તાથી જેમ વિવેક નાસે છે તેમ મૂર્ખથી ધન પણ નાસે છે. (૮)

ત્યાર પછી, લગ્નગાળો હોવાને લીધે જ્યારે કૅમેરાઓમાં ફિલ્મો ભરાવાતી હતી, નવી સાડીઓ ખરીદવાની હોડ કરાતી હતી, ગાઈવગાડીને (અનુક્રમે) સ્ત્રીઓ તેમજ બૅન્ડવાળાઓનાં ગળાં દુઃખી જતાં હતાં તેમજ ગોરનાં તરભાણાં ભરાતાં હતાં, ત્યારે તે ત્રણે લગ્નદલાલો વડે તે મૂળશંકર પાસે જઈને તેને આ પ્રમાણે કહેવાયું: 'હે બંધુ, સૌરાષ્ટ્ર નામે દેશમાંથી અમે તમારે માટે કન્યા અત્રે લાવ્યા છીએ, પરંતુ તે કૃત્ય તેનાં સગાંવહાલાંની સંમતિ વિરુદ્ધ હોવાથી તમારે એકલાએ જ પરણવા માટે આવવું પડશે; કેમકે કહ્યું છે કે

સીનેમા થીએટરમાં ધૂમ્રપાન, વેવિશાળ અને લગ્ન વચ્ચેનો પ્રણય તેમજ (વડીલોની) સંમતિ વિનાનાં લગ્ન એ ત્રણે સાવચેતીથી નહિ કરનાર આફતમાં આવી પડે છે. (૯)

આ પ્રમાણે સાંભળીને તે (વિપ્ર) તેમ કરવાને કબૂલ થયો. પછીથી કાપડિયા વડે જેમ ફાઈન કહીને મીડિયમ કાપડ અપાય, તેમ તે ત્રણે ધૂર્તો વડે અગાઉથી નક્કી કર્યા મુજબ પેલી (બનાવટી) કન્યાને મૂળશંકરને આપવામાં આવી. તેનું મોં ઘૂંઘટ વડે ઢંકાએલું જોઈને તે બ્રાહ્મણે પૂછ્યું, 'હે મિત્રો, તપેલું જેમ થાળી વડે ઢંકાય એમ આ સ્ત્રીનું વદન ઘૂંઘટ વડે કેમ ઢંકાએલું છે!' તે પરથી તેમાંનો એક ધૂર્ત બોલ્યો, 'હે ભાઈ! સૌરાષ્ટ્ર દેશના રિવાજ પ્રમાણે આ કન્યા આજે રાત્રે સર્વ અલંકારો ધારણ કરીને એકાંતમાં ઘરના સર્વ ધનની પૂજા કરશે, પછીથી જ તેના મોં પરનું આવરણ દૂર થશે.'

ત્યાર બાદ (મુશ્કેલીથી) લગ્ન થવાને લીધે અત્યંત પ્રસન્ન થએલા મનવાળા તે બ્રાહ્મણ વડે તે સ્ત્રીને એકાન્તમાં પૂજા કરવા માટે સર્વ અલંકારો તથા ધન આપવામાં આવ્યું તથા તે (સ્ત્રી) પણ પહેલેથી નક્કી કર્યા મુજબ તે સઘળું લઈને ગુપ્ત રીતે ચાલી ગઈ અને પેલા ત્રણે ઠગોને મળી, તથા તે ચારે ધૂર્તોએ મળીને તે સર્વ ધન વહેંચી લીધું. આ પ્રમાણે છેતરાવાને લીધે તે મૂળશંકર નામે વિપ્ર અત્યંત દુઃખને પામ્યો. કહેવામાં આવ્યું છે કે

ગર્વ જ્ઞાનનો નાશ કરે છે, ખુશામત બુદ્ધિનો નાશ કરે છે, સ્વાર્થ સ્વમાનનો નાશ કરે છે; પરંતુ લાલચ તો જ્ઞાન, બુદ્ધિ અને સ્વમાન એ ત્રણેનો નાશ કરે છે. (૧૦)

સાર: લાલચને વશ થઈને ઊંડો વિચાર કર્યા વિના કાર્ય કરવું નહિ.

ઘેર ઘેર ચૂલા હશે, ભોજન નહિ.
રાગના ત્યાગમાં ત્યાગનો રાગ નથી?
ગુણવાચક વિશેષણો ન હોત તો માનપત્રો પણ ન હોત!
શ્રીમંતો હવા ખાવા પૈસા ખર્ચે છે, ગરીબો પૈસા વગર હવા ખાય છે.
સામી સલામ મેળવવા માટે જ આપણે સામાને સલામ ભરતા હોઈએ છીએ!
બહેરા બૂરું સાંભળતા નથી, આંધળા બૂરું જોતા નથી, મૂંગા બૂરું બોલતા નથી!

(નવચેતન) —નાથાલાલ દવાણી

રજાશાળાઓ

જરા વિચિત્ર શબ્દ લાગે છે આ, નહિ? રજા અને શાળા એ બે તો પરસ્પર વિરોધી શબ્દો છે; પણ શાળાના જ્ઞાનનો રસ ને રજાની મઝા, એ બંને તત્ત્વો ભેગાં કરીને બ્રિટને હમણાં આ એક નવી પ્રવૃત્તિ શરૂ કરી છે. અને તે પણ મોટી ઉમરના નોકરિયાતો, ધંધાદારીઓ, વેપારીઓ, સ્ત્રીઓ વગેરે અઠવાડિયામાં ગમે ત્યારે બેચાર દિવસ જઇને ગાળી આવે એવી. નોકરીધંધાથી કે ઘરકામથી કંટાળ્યા યા અઠવાડિયાને અંતે બે દિવસ બહાર જઈ આવવાનું મન થયું, કે ઊપડો એવી કોઈ નજીકની રજાશાળાએ; અને દિલને તાઝગીથી ને મનને અવનવા જ્ઞાનથી પ્રફુલ્લિત કરીને આવો.

ખભે ખડિયો ભરાવીને, કે સાઈકલો ઉપર, યા હોડીમાં સફરો કરવા જુવાનો ઊપડે છે એ પર્યટનોનો ઉદ્દેશ પણ ગમ્મત સાથે જ્ઞાન મેળવવાનો હોય છે. એમાં, અલબત્ત, ગમ્મત તો પડે જ છે, પરંતુ જ્ઞાનને માટે સામાન્યતઃ પૂરતો અવકાશ નથી રહેતો. પર્યટને ઊપડેલાઓને પોતે નક્કી કરેલા જ્ઞાનના વિષયને અવલોકવા માટે ઘણી વાર પૂરતાં સમય અને સગવડ નથી હોતાં, તેમજ કોઈ માર્ગદર્શક પણ નથી હોતું. વળી પોતે જોએલી-જાણેલી વસ્તુઓનો રીતસરનો અભ્યાસ તો શું પણ સ્થિર ચિત્તે તેની નોંધ કરવા સુદ્ધાંનો તેમને અવકાશ પણ નથી મળતો. આથી આવે વખતે પર્યટનનો ઉદ્દેશ અર્ધો માર્યો જાય છે. બ્રિટનની આ નવી રજાશાળાઓ આ દૃષ્ટિએ ખૂબ રસભરી છે.

કોઈ જૂના અમીરના મહાલયમાં ઉજાણીની રંગત, હરિયાળી ક્રો ઉપર દૂરદૂર સુધી દૃષ્ટિ પડે એવી મનોરમ બારીવાળી ઓરડીમાં વાસ, કોઈ ખખડધજ વૃક્ષ નીચે ચાપાણીની મોજ, કે રાત્રે તાપણાની આસપાસ મનમીઠો નાસ્તો, આ બધા આનંદની સાથે મનગમતા વિષયોની પ્રેરણાદાયી વાતો કે ચર્ચા ચાલતી હોય એવી રજાશાળાઓ કોને ન ગમે?

ઈંગ્લંડનાં વીસેક જેટલાં પ્રાચીન ગૌરવ ધરાવતાં આલીશાન મકાનોને હાલ આ રજાશાળાઓના ઉપયોગ માટે લેવામાં આવ્યાં છે. અહીં વિધવિધ વિષયોમાં રસ ધરાવતી જુદીજુદી વયની અનેક વ્યક્તિઓ—સ્ત્રીઓ, પુરુષો, યુવાનો, યુવતીઓ સૌ—પોતાના ચાલુ વ્યવસાયમાંથી થોડો ગાળો કાઢી આવી જાય છે. નાનાં બાળકોને શાળાના પાઠમાં કોઈ વાર્તા આવે તેના કરતાં ઘેર દાદીમાની વાર્તામાં જેમ વધારે રસ આવે છે તેવું જ અહીં છે. આ શાળાઓમાં આવતી વ્યક્તિઓના વિષયો વિવિધ હોય છે: પક્ષિવિજ્ઞાન, ભરત-ગૂંથણ-સીવણ આદિ ગૃહોપયોગી હુન્નર-ઉદ્યોગ, કુંભકારી, નાટ્યપ્રવૃત્તિ, સિનેમેટોગ્રાફી, જગતના ચાલુ બનાવોનું વિહંગાવલોકન વગેરે. શિક્ષણની ચીલાચાલુ ઘરેડુ પદ્ધતિમાંથી છૂટવા માગતા યુવાનો, અને રજાના દિવસોને આળસુ તથા નીરસ દિવસો તરીકે નહિ અનુભવવા ઇચ્છતાં મોટેરાંઓ બંને માટે અહીં પોતાને ફાવતું વાતાવરણ મળી રહે છે. દરેક કેન્દ્રમાં એક નિયામક અધિકારી હોય છે, જે પોતાના જ્ઞાનમાં નિષ્ણાત અને ડિગ્રીઓ ધરાવવા ઉપરાંત એક સારા યજમાન તરીકેના બધા ગુણો ધરાવતો હોય છે. જે પચીસપચાસ વિદ્યાર્થીઓ (ખરી રીતે તો મહેમાનો) અહીં આવે છે તે બધાને પહેલાં તો એ આરામભર્યો ઉતારો આપે છે, શરમાળ હોય તેની શરમ ખૂબીથી તોડી નાખી પ્રેમથી હળતામળતા બનાવી દે છે. મોટે ભાગે એક મોટા શયનખંડમાં ત્રણથી ચાર જણને રહેવાનું હોય છે; જોકે પરિણીત યુગલો માટે અલાયદી સગવડો હોય છે. ગૃહ-વિદ્યાલયો જેવી આ શાળાઓનું



ભાષણ પછી બપોરના આરામ હોય છે. જમણી બાજુની બે વિદ્યાર્થિનીઓ સાંજે નૃત્ય વખતે શો પોષાક પહેરવો તે નક્કી કરી રહી છે.

વાતાવરણ ઑક્સફર્ડ-કેમ્બ્રિજ જેવી કોઈ મોટી કૉલેજના જેટલું વિવિધરંગી, તેમજ સાથોસાથ લાંબી દરિયાઈ મુસાફરી જેટલું શાંત હોય છે: માનસિક પ્રેરણા આપનારું અને મંડળીની મોજથી ભર્યુંભર્યું. સુખસગવડ પણ બધી કૉલેજના જેવી હોય છે: ફરવાને વિશાળ મેદાનો અને વાંચવાને સમૃદ્ધ લાયબ્રેરીઓ.

અહીં કામ અને આરામનું સુંદર સમતોલન જોવા મળે છે. સામાન્યરીતે સવારના નવ વાગ્યાના નાસ્તાથી પરવાર્યા બાદ એક ભાષણ હોય છે. પરંતુ તે પણ આરામખુરશી કે કોચ પર લાંબા થઇને અથવા તો આંટા મારતાંમારતાં યે સાંભળી કે કરી શકાય છે. ભાષણનો વિષય ક્રિયાત્મક હોય તો તો શરૂઆત કુંભારનો ચાકડો ઘુમાવવાથી કે કોઈ ખેતર-પાદરમાં ફરીફરીને પક્ષિનિરીક્ષણ કરીને યા પુરાતત્ત્વ સંશોધન કરવાથી જ થાય. બપોરના ભોજન પછી ફાવે તો ઊંઘવાનું; નહિતર ગપ્પાં મારવા કે મનફાવતું વાંચવા સિવાય બીજું કામ નથી હોતું. સાંજે થોડુંક કામ કરવાનું હોય છે; અને રાત્રે ચર્ચાસભા, ફિલ્મ-શો, ગ્રામોફોન-વાદન, તો કોઈ વાર રંજક કાર્યક્રમ હોય છે. કોઈ વાર વળી નજીકની કોઇ હોટેલમાં પીણું લેતાં લેતાં મધમાખી-ઉછેર કે નાટકોની નવરચના ઉપર વાર્તા-વિવાદ પણ ચાલતાં હોય. કોઈ પણ વ્યક્તિને કોઇ પણ વિષયમાં ભાગ લેવા માટે દબાણ કરવામાં આવતું નથી. છતાં કોઈ પણ વ્યક્તિ તેમાં ભાગ લીધા વિના રહી પણ શકતી નથી. જુદાંજુદાં કેન્દ્રોના અભ્યાસક્રમના વિષયો પણ નિરનિરાળા હોય છે, જેની સંખ્યા સેંકડોની થવા જાય છે! પણ તેમાં ચિત્રકળા, સંગીત, નાટ્ય તથા સાહિત્ય મુખ્ય હોય છે. કલા અને હુન્નરઉદ્યોગના વિષયો પણ શિખાઉ તેમજ આગળ વધેલા દરેકને ફાવે તે રીતે ગોઠવેલા હોય છે. વિષયમાં તદ્દન નવો નિશાળિયો હોય તો તેના પ્રશ્નોના પણ ખૂબ સહાનુભૂતિથી ઉત્તરો આપવામાં આવે છે. કોઇ પણ વિષય માટે અહીં એક જ લાયકાત જરૂરી હોય છે,–અને તે છે, 'તે વિષયમાં રસ'. વરસમાં બે વખત આ બધા વિષયોને લગતી અભ્યાસક્રમની પત્રિકા



કોઈ ઉમરાવના ૧૮મી સદીના કિલ્લાના મહાલયમાં ચાલતી એક રજાશાળાનું દૃશ્ય. દીવાનખાનામાં સૌ મોજથી બેઠાંબેઠાં મિ. જૉન હડલસ્ટન (એમ.એ., જે.પી.)નું 'બ્રિટિશ જીવનપ્રણાલી'ના વિષય ઉપરનું ભાષણ સાંભળી રહ્યા છે. અને તે સાંભળનાર મહેમાનો કેવાં વિવિધરંગી છે તે જુઓ : ડાબી બાજુથી પહેલાં બેઠેલાં મિસ પીઅર્ટ આ રજાશાળાનાં હેડ ડેપ્યુટી વૉર્ડન છે. એમની પછીનો મિ. કેનેડી ખાણનો કારીગર છે. પછીનાં મિસ હિન્ડ માર્યાં કલાશિક્ષક છે. તે પછી મિ. હેવર્ટ પણ ખાણિયો છે. પછીનાં મિસ ફર્ગ્યુસન સેક્રેટરી છે. મિસિસ લિન્ડો અને મિસિસ ચાર્લ્ટન બંને દાદીમા છે, અને તે પછીની પૉલેટ પેવી અને સાઈમન બર્થો ફ્રાન્સની છે.

બહાર પડે છે, અને તે નૅશનલ ઈન્સ્ટટ્યૂટ ઑાવ ઍડલ્ટ એડયુકેશન (૩૫ ક્વીન ઍન સ્ટ્રીટ, લંડન, ડબ્લ્યુ-૧) પાસેથી વેચાતી મળી શકે છે.

દરેક કેન્દ્રના વિષયો તેની આજુબાજુના પ્રદેશ, તેનાં સાધનો અગર ત્યાંના મુખ્ય નિયામકની નિષ્ણાતતા પર અવલંબે છે. દાખલા તરીકે શેક્સપીઅરના જન્મપ્રદેશ ઍવન વૅલીમાં આવેલા વેસ્ટહામ હાઉસ કેન્દ્રનો વિષય સ્વાભાવિક રીતે જ શેક્સપીઅરના સાહિત્યના અભ્યાસનો જ છે. અભિનય શીખવા ઉત્સુક વ્યક્તિઓને તે વિદ્યાની પૂરી ને સુંદર તાલીમ પણ કેટલીક શાળાઓ આપે છે અને તે માટે તેના ખાસ નિષ્ણાતો રોકે છે.

અમુક રજાશાળાઓએ રસોઈ તથા ગૃહ-સંભાળના વિષયને પણ અપનાવ્યો હોય છે. ગૃહિણીઓ શનિરવિના રજાના દિવસોમાં, અગર તો સોમવારથી શુક્રવાર સુધીના ગમે તે એકાદ દિવસે પણ ત્યાં રહી ગૃહ-સંભાળ વિશે ઉપયોગી જ્ઞાન મેળવે છે. સવારમાં તેમની નજર આગળ વિવિધ પ્રકારની અને અઘરી વાનીઓ સાક્ષાત રાંધી બતાવવામાં આવે છે. બપોરના ભોજન બાદ ગૃહરચના, ફૂલસુશોભન, ભરત-ગૂંથણ, વગેરેના વ્યવહારુ પ્રયોગો થાય છે.

આ રજાશાળાએ માં ભાગ લેવા આવતી પચાસેક હજાર જેટલી વ્યક્તિઓમાંથી અર્ધથી વધુ સંખ્યા તો સ્ત્રીઓની જ હોય છે. કેટલીક રજાશાળાઓમાં તો આખાં કુટુંબો પણ રહી શકે તેવી સગવડ છે. જે માબાપો બાળકોને ઘેર એકલાં રાખી ન શકે તેઓ છૈયાંછોકરાં સાથે ત્યાં જઈ જ્ઞાન અને ગમ્મત બંને માણી આવે છે.

આમ, આ શાળાઓ કામ અને આનંદનો સુંદર સમન્વય કરી આપે છે. અભ્યાસક્રમ ગમે તે હોય, પણ શાંત, સ્વચ્છ, સુંદર, ગામડાનું અને કુદરતનું વાતાવરણ તો બધે માણવા મળે છે, જ્યાં સૌ મોજથી હળેમળે છે, આંખ ભરીને ઊંઘે છે, મન ભરીને આનંદ માણે છે અને ચિત્ત ભરીને જ્ઞાનની પ્રેરણા તથા પ્રસન્નતા મેળવે છે. અહીં કામ એ કંટાળો નથી અને જ્ઞાન એ બોજો નથી, પણ જિજ્ઞાસાપોષક અમી છે, સંકુચિત દૃષ્ટિને વિશાળ બનાવતું અંજન છે.

બૃહદ ગુજરાતની કૉલેજોમાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે નિબંધ હરીફાઈ

'ગુજરાતી નાટ્યસાહિત્યમાં સંસારસુધારા' એ વિષય ઉપર ૫૦ ફૂલ્સકૅપ કાગળના કદનો નિબંધ તા. ૩૦–૯–'૫૫ સુધીમાં નીચેના સરનામે, કૉલેજમાં જે વર્ગમાં પોતે ભણતાં હોય તેની વિગત વગેરે સાથે મોકલવાં. જે તે વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનીઓમાંથી પસંદ થશે તે દરેકને રૂા. ૫૦ સુધીનું એકએક એવાં બે ઇનામો અપાશે. વિશેષ વિગત માટે લખો : શ્રી ફાર્બસ ગુજરાતી સભા, ૩૯૫ વિઠ્ઠલભાઈ પટેલ માર્ગ, મુંબાઈ–૪.



ટિકિટસંગ્રહ



તાજેતરમાં બહાર પડેલી કેટલીક ટિકિટો નીચે આપી છે તે વિષય અને આલેખનનું રસમય વૈવિધ્ય દર્શાવે છે. મથાળે, ૧૯૫૪માં યોજાએલી આંતરરાષ્ટ્રીય સાઈકલ-સફર દર્શાવતી ટિકિટો સાથેનું ફર્સ્ટ-ડે-કવર છે, જેના પર, પ્રાગથી બર્લિન થઇને વૉર્શો સુધીના એ સફરના માર્ગનો નકશો છે. તે પછી ઈન્ડોનેશિયામાં ગએલાં ભારતીય દળોને વાપરવા માટે ખાસ 'આંતરરાષ્ટ્રીય આયોગ' શબ્દ છાપેલી આપણી ત્રણ ચાલુ ટિકિટો છે જેના પર વિયેતનામ, કંબોજ અને લાઓસ એ ત્યાંના ત્રણ પ્રાંતોનાં નામ પણ છે. તેની નીચે ઇજિપ્તની પોસ્ટલ યૂનિયનની, ઑસ્ટ્રેલિયાની ઑલિમ્પિક રમતોની, અને ન્યૂ ઝીલાંડની આરોગ્ય-પ્રચારની ટિકિટો છે. ત્યાર બાદ ડાબી બાજુ ઈજિપ્તની ત્રણ ચાલુ ટિકિટો છે, જે પર અનુક્રમે ત્યાંનો ખેડૂ તથા ત્યાંના પ્રચલિત ફળ ખજૂરનું વૃક્ષ, ખડો સૈનિક તથા મસ્જિદ દર્શાવ્યાં છે. છેલ્લી હારમાં પહેલી જાપાનના મનોહર પંખીના શોભન આલેખનવાળી તથા બીજી, નૉર્વેની ટિકિટ-શતાબ્દી નિમિત્તની છે. છેલ્લી ત્રણ, આ વર્ષે દુનિયાભરમાં ઊજવાએલી 'રોટરી ક્લબ'ની સુવર્ણજયંતીની ટિકિટો છે, જે ત્રણે પર 'રોટરી ઈન્ટરનેશનલ'ની ચક્રવાળી મુદ્રા પૃથ્વીના ગોળા પર મૂકેલી છે, તે એ સંસ્થાનું સંસારવ્યાપી મહત્ત્વ દર્શાવે છે. (ઇજિપ્તની ટિકિટો શ્રી હિંમત શાહના, ન્યૂઝીલાંડની શ્રી હસમુખ બોલાણીના તથા બાકીની શ્રી રાજેન્દ્ર ભટ્ટના સૌજન્યથી)



ક્યાંય નહિ, કદી નહિ... (અ.પૃ.૧૩૦થી)
મેં પણ એક દિશા પકડી રીતસર દોડવા માંડ્યું.

હૈયામાં હામ ભરી, હૃદયમાં રામ સ્મરી હું દોડ્યે જ ગયો. ઠોકરો ખાધી, ગબડ્યો, છોલાયું, લોહી નીકળ્યું, પીંડીઓ ભરાઈ આવી, દમ તૂટવા લાગ્યો, આંખો ફાટફાટ થવા લાગી, રેબઝેબ થઈ ગયો, છતાં દોડ્યે જ રાખ્યું.

ખૂબ અંતર કાપ્યા પછી મને અચાનક તરસનું ભાન થયું. અચાનક ખબર પડી કે મારું ગળું દુકાળિયા જમીન જેવું થઈ ગયું છે. ગળે અત્યંત શોષ પડતો હતો એટલે થૂંક ઉતારવા લાગ્યો. છેવટે રેલવેના પાટા ખોળી કાઢી પાટે પાટે જવા માંડ્યું કે જેથી રસ્તામાં કોઈક નાળું આવે તો પાણી મળે. બેત્રણ નાળાં આવ્યાં પણ ખરાં, પરંતુ તે ખાલી હતાં. મારું શરીર જાણે સો સો સૂર્યની ગરમીથી બળવા માંડ્યું અને રૂંવે રૂંવું 'પાણી પાણી' પોકારવા લાગ્યું. આંખે અંધારાં આવવા લાગ્યાં. પગ આગળને બદલે પાછળ પડવા લાગ્યા. પૃથ્વી ગોળ ગોળ ફરતી લાગી. હું પણ ગોળ ગોળ ફરતો લાગ્યો. ગબડી પણ પડ્યો. મેં પાણી હોય તો તે માટે ચારે તરફ હાથ પસાર્યા—હાથમાં આવ્યાં ધૂળ ને ઢેફાં.

તે વખતે મને થયું : 'શું ઈશ્વર મારી કસોટી કરે છે? તો બતાવી દઉં એને મારામાં કેટલી શક્તિ છે તે!' આ વિચાર સ્ફુરતાં જ મારામાં અપ્રતિમ બળ આવી ગયું. મેં ખૂબ જોરથી દોટ મૂકી. શ્વાસ કરતાં પગ ઝડપથી દોડવા લાગ્યા અને પગ કરતાં શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યો. કંઈ કેટલું ય દોડ્યા પછી આકાશનો ઝાંખો પ્રકાશ મેં પૃથ્વી પર પ્રતિબિંબિત થતો જોયો. આકાશના તારા પૃથ્વી પર હાલકડોલક હાલકડોલક દેખાતા હતા. ઓહ! નદી! નદી! મેં ઝડપ વધારી. થોડી જ વારમાં તો ઊતરવાના ઢાળ સુધી આવી પહોંચ્યો. પરંતુ જેવો ઊતરવા જઉં છું ત્યાં તો શરીર લથડ્યું, પગ લથડ્યા અને હું ગબડી પડ્યો. ગુલાંટ ખાતો. આમથી તેમ ફંગોળાતો, અથડાતો, કુટાતો, ફેંકાતો હું નીચે પડ્યે જ ગયો. વચમાં આવતી એકેએ વસ્તુને પકડી જાતને બચાવવા યત્ન કર્યો, પરંતુ એ જ મારા સ્પર્શને લીધે ગબડી પડી. પછી શું થયું તેની ખબર ન પડી.

જ્યારે મારી આંખ ઊઘડી ત્યારે દિવસ ચડી ગયો હતો. મેં અતિ કષ્ટે સૂતાંસૂતાં આમ, તેમ નજર ફેરવી. દૂર દૂર મંદિરની ધજા ફરકતી હતી. નદીનું છીછરું પાણી વહી જતું હતું. રેતીનો વિશાળ પટ ચમકતો હતો. કાગડાઓ ઊડતા હતા. મનં અંતરમાં થયું કે આ બધું મેં ક્યાંક જોયું છે. પણ કંઈ સમજી શકું તે પહેલાં તો હું ફરી બેભાન થઈ ગયો.

ફરી જાગૃત થયો ત્યારે બેઠા થવાનો પ્રયાસ કર્યો. ત્યારે જ મને ખબર પડી કે મારા હાથપગ લોહીથી ચોંટી ગયા હતા. મહાકષ્ટે અને મહાનિર્ધારે હું ઊભો થઈ શક્યો. પછી લથડીઆ ખાતાં ખાતાં નદીના પાણી પાસે પહોંચ્યો ને નાહ્યો ને મેં પાણી પીધું. પછી કિનારે બેસી પડ્યો. ધીમે ધીમે પડી ગયો હતો તે યાદ આવ્યું. રાત્રનું સાહસ યાદ આવ્યું. થેલી યાદ આવી. કોણ જાણે ક્યાં ય પડી હશે. થોડી વાર આંખો દબાવી બેસી રહ્યા પછીથી ચારે તરફ નજર ફેરવી. જોતાં જ જાણે ભૂત જોયું હોય એમ ભડક્યો, ઉભડક થઈ ગયો અને કિંમૂઢ બની અત્યંત વિસ્મયથી આંખો ફાડી જોઈ રહ્યો! નદીને ઓળખી, નદીના પુલને ઓળખ્યો. દૂરના આંબાને ઓળખ્યો. મંદિરની ધજાને ઓળખી, મંદિરને પણ ઓળખ્યું. બધું જ એનું એ! બધું જ જાણીતું! બધું જ અનુભવેલું! ઘડીભર કશું સમજી જ ન શક્યો, બીજી જ ક્ષણે ખયાલ આવી ગયો—હું મારા પોતાને જ ગામ પાછો આવ્યો હતો!

મને બધું જાદુ જેવું લાગ્યું. પ્રેતની માયા લાગી. પણ ના, ના, ગામ મારું જ હતું અને સાચેસાચું હતું. હું અહીં ક્યાંથી આવ્યો! કેવી રીતે આવ્યો? મેં જબરી ભૂલ કરી નાખી હતી. રાત્રે મનની ડામાડોળ સ્થિતિમાં ગામની વિરુદ્ધ દિશામાં દોડવાને બદલે ગામની દિશામાં જ દોડ્યો હતો. અને જ્યાંથી ભાગીને હું ગયો હતો ત્યાં જ આવી ઊભો રહ્યો!

પ્રથમ તો મને ભયંકર આઘાત લાગ્યો, ભયંકર ભય લાગ્યો. પાછા ફરી જવાની વૃત્તિ થઈ આવી. પરંતુ હવે એ શક્તિ નહોતી રહી. હું પાછો ન જ ફરી શક્યો. ઊભો થયો, નદી પસાર કરી અને લથડતાં લથડતાં ગામ તરફ અનાયાસે જ ચાલવા માંડ્યું. મારા બે દાંત પડી ગયા હોવાથી, નીચેના હોઠ ચિરાઈ ગયો હોવાથી, કપાળ–ગાલ વગેરેમાં છોલાયું હોવાથી, વાળ, નાક, કાન વગેરેમાં રેતી અને ધૂળ ભરાઈ ગયાં હોવાથી, શરીર લંગડાતું હોવાથી અને હાથપગ પર લોહી જામી જવાથી કોઈ પણ મને ન ઓળખી શક્યું.

મેં બધાને ઓળખ્યા. એ જ જૂના ચહેરાઓ, ગલીઓ અને રસ્તાઓ. એકએક મકાન ગણતો ગણતો, રસ્તાની વચ્ચોવચ ચાલતો, કોઈને કંઈ પણ પૂછ્યા વગર હું સીધો ઘેર આવ્યો. રસ્તામાં ઘણા ય લોકો મોં પહોળાં કરી મારી સામે તાકી રહ્યા અને આઘા તરીને મારગ આપ્યો. જેમ જેમ ઘર પાસે આવતું ગયું તેમ તેમ કોઈક પાછળથી ને કોઈક આગળથી, એમ બન્ને બાજુથી ખેંચતું હોય એવો અનુભવ થવા લાગ્યો. બે શક્તિશાળી લોહચુંબકની વચ્ચેના નાનકડા લોખંડના ટુકડા જેવી મારી સ્થિતિ થઈ ગઈ. છતાં હું આગળ જ ખેંચાયો. ઘર પાસે આવ્યો અને અંદર પ્રવેશ્યો.

બા, ભાઈઓ અને બહેનો બેઠાં હતાં. ભાઈ-બહેનો મને જોઈ ચીસો પાડી ઊઠ્યાં. બાએ એકદમ બૂમ પાડી, 'અલ્યા, કોણ છે તું!'

મેં તેમના સામે જોયું; પ્રયત્ન કરી આંખો સ્થિર રાખી; પ્રયત્ન કરી ઓષ્ઠ ઉઘાડ્યા. પ્રયત્ન કરી જીભ જગાડી બોલ્યો, 'બા! હું!'

ભયથી અને આશ્ચર્યથી તે મને જોઈ રહ્યાં. ધીમે ધીમે તેમની આંખોનો ભાવ બદલાયો. મને ઓળખ્યો અને તરત જ ચીસ પાડી ઊઠ્યાં, 'પહેલુ! મારો પહલુ!'

હું એકદમ ઢગલો થઈ તેમની આગળ પડ્યો. તેમણે મને બાથમાં ઝાલી લીધો અને 'મારો દીકરો! મારો દીકરો! બધાં જુઓ તો ખરાં——મારો દીકરો!' કહી ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યાં: 'પ્રહલાદ! મારા પહલુ! આ તને શું થયું? તું ક્યાં હતો? બધાં જુઓ તો ખરાં——આને આ શું થયું છે?'

હું ય મોકળે મને, ખુલ્લે કંઠે રડી પડ્યો. અંદરથી બાપુજી એકદમ બહાર આવ્યા અને મને જોતાં જ 'હે મારા રામ' કહી બેસી પડ્યા. મેં તેમના ખોળામાં માથું નાખી દીધું.

આજુબાજુનાં પાડોશીઓ ભેગાં થઈ ગયાં. કોઈકે કહ્યું, 'રડો નહિ, રડો નહિ; શાંતિ રાખો. કોઈક જઈને ડૉક્ટરને બોલાવી આવો. ઉતાવળ કરો. તમે બધાં છાનાં રહો. આ તો દુઃખનો પ્રસંગ છે કે સુખનો? દીકરો પાછો આવે ત્યારે રડીને અપશુકન કાં કરો? અત્યારે હરખ થાય કે રડાય? છાનાં રહો, ટાઢાં થાવ અને ઘીનો દીવો કરી ગોખલામાં મૂકો. કંસારનાં આંધણ મૂકો. દુઃખનાં આંધણ પૂરાં થયાં અને સુખનાં આંધણ શરૂ થયાં.'

બા રોતાં રોતાં દીવો કરવા ઊઠ્યાં અને રડતી બહેનને કંસાર રાંધવાનું કહ્યું. બાપુજીએ મારા સમગ્ર દેહ પર હાથ પસવારતાં કહ્યું. 'પહલુ! હવે તું ન જઈશ ક્યાંય. મારી તો ભગવાને લાજ રાખી તું આવ્યો તે. મારે તને નથી ગુમાવવો. દીકરો ય ગુમાવવો અને વહુ પણ ગુમાવવી એવું મારે નથી કરવું. હવે તું તારા આ મૂરખ બાપને છોડીને ક્યાં ય ન જતો. કહે, તારા મોંએથી કહે મને, કે હવે તું ક્યાં ય નહિ જાય.'

મેં હીબકાં ભરતાંભરતાં કહ્યું, 'બાપુજી! હવે હું ક્યાંય નહિ જઉં. કદી ય નહિં જઉં.'

અમારાં બન્નેનાં આંસુ એક થઈ ગયાં.


કલાવાર્તા

સસ્તી કિંમતનાં ઘર

વસવાટની અછત એ આજે દુનિયાના એકેએક દેશનો સળગતો પ્રશ્ન ને ચિંતાનો વિષય છે; તેમાં પણ ભારતને માટે તો છેલ્લા દસકામાં વધેલી અસાધારણ વસતિ, ભાગલા પછીના નિરાશ્રિતોના ધસારા ને દેશની વધતી જતી આબાદીને કારણે એ ભારે અકળામણની બાબત છે. અને એ દબાણ ગામડાં કરતાં શહેરો ઉપર વધુ છે; કેમકે ૧૯૪૧-'૫૧ની વસતિગણતરી મુજબ શહેરોમાં ૫૪ ટકા અને ગામડાંમાં ૧૩ાા ટકા વધારો થયો છે. આ તંગીને હલ કરવા આ બે વરસમાં છ લાખ કુટુંબોનો વસવાટ યોજવો જોઇએ અને આગામી ૮ વર્ષમાં ૩૦ લાખ મકાનો બંધાવાં જોઈએ, એવો નિષ્ણાતોનો મત છે.

આ ગંભીર પ્રશ્નને હાથ ધરી ભારત સરકારે જે પગલાં ભર્યાં તેમાં, જનસામાન્યનું એ તરફ ધ્યાન ખેંચવા તથા સમજણ આપવા સારુ તેણે નવી દિલ્હીમાં, ગયા વર્ષ (૧૯૫૪)-ના જાન્યુઆરીમાં આઠ લાખ રૂપિયાના ખર્ચે એક પ્રદર્શન યોજ્યું હતું; જેમાં સાધારણ કુટુંબની જરૂરિયાતો પૂરી પડે તેવાં સસ્તી કિંમતનાં મકાનોના નકશા તથા નાના નમૂનાઓ મૂક્યા હતા. એ પ્રદર્શનમાં ભારત ઉપરાંત પરદેશના પણ આ પ્રશ્નના અભ્યાસીઓ અને નિષ્ણાતોને આમંત્રેલા, તથા એ અંગેના નકશા તથા નમૂનાઓ માટે એક અખિલ ભારતીય હરીફાઈ પણ યોજેલી. આપણા દેશમાં આબોહવાના ત્રણ પ્રકાર છે: (૧) ઉત્તર ભારત જેવા ગરમ તથા સુક્કા પ્રદેશ, (૨) દરિયાકિનારાના ગરમ તથા ભેજવાળા પ્રદેશ અને (૩) હિમાલયની તળેટી વગેરે જેવા ખૂબ ઠંડા અને ભેજવાળા પ્રદેશ. આ ત્રણે પ્રકારની આબોહવા માટે, મધ્યમ વર્ગને પોસાય તેવાં, **સસ્તી કિંમતનાં અને એક સાધારણ કુટુંબનો સમાવેશ કરે તેવાં ઘરોના નકશા એ હરીફાઈમાં માગવામાં આવેલા.**

પાંચ જ હજાર રૂપિયાની મૂડીમાં, વધુમાં વધુ ને સારામાં સારી સગવડવાળું, મધ્યમ વર્ગ માટેનું મકાન યોજવું અને તેમાં આખા ભારતના હરીફોમાં પહેલા આવવું એ બુદ્ધિની ખરી કસોટી હતી. ગુજરાતને માટે એ ગૌરવની વાત છે કે ઉત્તર ગુજરાતના એક સામાન્ય સુથાર કુટુંબના યુવાન ભાઇ વિઠ્ઠલભાઈ મિસ્ત્રી એમાં પ્રથમ આવીને તેને માટેનો રાષ્ટ્રપતિ ચંદ્રક જીત્યા હતા. એમની એ ફતેહ પછી તો ભારત સરકારે એમની વિશેષ કદર કરીને સ્થાપત્યના આગળ અભ્યાસ માટે સ્કૉલરશિપ આપીને વિદેશ મોકલ્યા છે. આ નીચે એ ભાઇનો, તથા પોતે યોજેલા મકાનનો એમણે આપેલો પરિચય આપીએ છીએ.



↑ શ્રી મિસ્ત્રીએ યોજેલા સસ્તી કિંમતના મકાનનો નકશો; જમણી બાજુ: નકશા માટે રાષ્ટ્રપતિસુવર્ણપદક જીતનાર શ્રી વિ. મિસ્ત્રી



ભાઈ વિઠ્ઠલભાઇ જોઈતારામ મિસ્ત્રીનો જન્મ, મહેસાણા જિલ્લાના લાંઘણજ ગામમાં, ગુર્જરસુથાર જ્ઞાતિમાં ૧૯૨૪ની આઠમી એપ્રિલે થયેલો. એમના પિતા સુથારી કામ કરતા. કડીની સરકારી ગુજરાતી શાળામાં પ્રાથમિક અને સર્વવિદ્યાલયમાં અંગ્રેજી શિક્ષણ લઈ તે ૧૯૪૨માં મૅટ્રિક થયા ત્યાં સુધીમાં ચિત્રકળા પર એમનો હાથ અચ્છો જામી ગએલો અને આખી શાળામાં શ્રેષ્ઠ ચિત્રકાર ગણાતા. મૅટ્રિક પાસ થઈ તે વડોદરાના કલાભવનમાં દાખલ થયા અને ત્યાંની સયાજીરાવ યુનિવર્સિટીમાંથી ૧૯૪૬માં સ્થાપત્યનો ડિપ્લોમા પહેલા નંબરે મેળવ્યો. તે પછી ૧૯૪૭માં એક વર્ષ મધ્યપ્રદેશની સરકારના બાંધકામ ખાતામાં નાગપુરમાં નોકરી કરી અને ૧૯૪૮-૪૯માં બે વર્ષ કિશનગઢ રાજ્યના સલાહકાર સ્થપતિ (કન્સલ્ટિંગ આર્કિટેક્ટ) તરીકે અજમેરમાં કામ કરી તે મધ્યસ્થ સરકારના જાહેર બાંધકામ ખાતામાં આસિસ્ટન્ટ આર્કિટેક્ટ (સહાયક સ્થપતિ) તરીકે નિમાયા અને છેલ્લાં પાંચ વર્ષથી ત્યાં જ કામ કરતા હતા.

એમની જાહેર સિદ્ધિઓની શરૂઆત ઈ. ૧૯૫૨થી થઈ. એ વર્ષમાં બિહાર સરકારે, 'હિંદ છોડો' ચળવળ વખતે પટણામાં ગોળીબારથી માર્યા ગએલા શહીદોની સ્મૃતિમાં બે લાખ રૂપિયાને ખર્ચે એક ભવ્ય સ્મારક ઊભું કરવાનો નિર્ણય કરી તેના નકશા માટે અખિલ ભારતીય હરીફાઇ યોજી હતી. તેમાં ભાઈ મિસ્ત્રીના આલેખને ૧૦૦૦ રૂપિયાનું પહેલું ઇનામ મળેલું. તે પછી ૧૯૫૩માં 'કૉંક્રીટ એસોસીએશન ઑવ ઇંડિયા' તરફથી, જાતજાતના સિમેન્ટના ઉપયોગ કરી શકાય તેવી બેનમૂન રચનાઓના નકશાઓ માટે એક દેશવ્યાપી હરીફાઈ યોજાએલી. એના જે ત્રણ વિભાગમાં ભાઇ મિસ્ત્રીએ ભાગ લીધેલો, તે પૈકી બે વિભાગમાં એ પહેલા, ને ત્રીજા વિભાગમાં બીજા નંબરે આવેલા. પછીની એમની ત્રીજી સિદ્ધિ તે શરૂઆતમાં કહેલી સસ્તાં મકાનો માટેની હરીફાઇમાં મેળવેલો રાષ્ટ્રપતિ-સુવર્ણ-પદક.

આ નીચે એમણે યોજેલા મકાનની સમજણ, એમના પોતાના જ શબ્દોમાં, તેના ફોટોગ્રાફ તથા નકશા સાથે આપીએ છીએ.

'હરીફાઈના નિયમો મુજબ પ્લૉટની ઊંડાઈ ૯૦ ફૂટ હતી અને પહોળાઈ હરીફે પોતે નક્કી કરવાની હતી. મેં આગળથી ૩૦ ફૂટ ખુલ્લી જગા છોડી, ૨૫ ફૂટની ઊંડાઈ સુધીમાં મકાન રચી, બાકીનો ૩૫ ઊંડો અને ૨૦ પહોળો વિશાળ ચોક ખુલ્લો રાખ્યો, જેને ત્રણે તરફ છ ફૂટ ઊંચી દીવાલથી આવરી લીધેલો, જેથી બાળકો ને સ્ત્રીઓ માટે ખૂબ ઉપયોગી જગા બની રહે.

નકશાનું વિગતવાર વર્ણન નીચે પ્રમાણે છે: મુખ્ય રસ્તા પરથી આવતાં પ્રથમ નાના વરંડામાં પહોંચાય, જે બેઠકના રૂમને પ્રવેશ આપે છે. વરંડો છાપરાવાળો હોઈ, આગંતુકને ઘરનાં માણસો અંદરથી ખોલી પ્રવેશ આપે તે પહેલાં વરસાદ યા તાપથી આશ્રય મળે.

બેઠકનો રૂમ: આ ઓરડો પ્રવેશદ્વાર ઉપરાંત બાજુના સૂવાના ઓરડા તથા પાછળના જમવાના વરંડા તેમજ સંડાસ અને બાથરૂમ

સાથે પણ સંકળાએલો છે. આ રૂમનો વપરાશ દિવસે વધુ થતો હોઈ એની છત સિમેન્ટના ધાબાની કરી છે, જે અંદરની સુંદરતા ઉપરાંત દિવસના તાપ અને ભારે વરસાદ સામે રક્ષક બની રહે છે. આ રૂમના ત્રણે દરવાજા એવી રીતે ગોઠવેલા છે કે રૂમની જગ્યાના વપરાશમાં અડચણ રૂપ ન બને.

સૂવાના ઓરડા: સૂવાના બે ઓરડાને વચ્ચે એક દરવાજાથી સાંકળવા પાછળનો આશય એ છે કે એકમાં માબાપ ને બીજામાં બાળકો હોય તો રાત્રે પણ સહેલાઈથી તેમની સંભાળ રાખી શકાય. ઉપરાંત બંને રૂમોમાંથી વરંડામાં થઈ સંડાસ અને બાથરૂમમાં પ્રવેશ મળી શકે છે. આ ઓરડાઓની છત વિલાયતી નળિયાંની રાખવાથી બહારની સુંદરતા ઉપરાંત સારી રકમની બચત પણ કરવી શક્ય બની. બારીબારણાં ઘણી ખરચાળ વસ્તુ હોવાથી એનાં કદ નાનામાં નાનાં રાખ્યાં.

સ્ટોર રૂમ: નાનાં મકાનોમાં સ્ટોર રૂમ રસોડાની વસ્તુઓ માટે નહિ પણ ઘરના કીમતી સામાન માટે રાખવો વધુ જરૂરી ગણી એને અંદરના સૂવાના ઓરડા સાથે સાંકળવામાં આવ્યો છે. અંદર સિમેન્ટની બેત્રણ પાકી અભરાઈઓ હોઈ ત્યાં ઘણોખરો ઘરસામાન સહેલાઈથી રાખી શકાય.

ખાવા બેસવાનો વરંડા: આ ભાગ એટલો ઉપયોગી છે જેટલો ઘરનો બીજો ભાગ ભાગ્યેજ હશે. એમાં દરેક ઓરડાને પ્રવેશ મળે છે. સવારે ઊઠી ઘરનું સામાન્ય પ્રાતઃકાળનું કામ સ્ત્રીઓ અહીં જ પતાવે છે. રસોઈની સાથે સીધો સંકળાએલ હોવાથી બપોરે અને સાંજે જમવા માટે પણ તે ખૂબ ઉપયોગમાં આવી શકે. તદુપરાંત વરસાદના દિવસોમાં જ્યારે બારીવાળા ઓરડામાં પણ ન સૂઈ શકાય ત્યારે સૂવા માટે આ સોનેરી જગા બની રહે છે.

આવાં બે મકાનો જોડિયાં અને સહીઆરા કરાવાળાં કરવાથી ખર્ચ બચે છે. આગળનો ભાગ દક્ષિણ દિશામાં સૂચવેલો છે, કારણ કે સૂકા અને ભેજવાળા ઘણાખરા પ્રદેશોમાં દક્ષિણ-પશ્ચિમ દિશાથી જ પવન મળી શકે છે. આ ઉપરાંત મકાનની બીજી ખાસિયતો નીચે પ્રમાણે છે: (૧) પાછળના વરંડાની જાળી બંધ હોય તો આગળનો મુખ્ય એક જ દરવાજો બંધ કરતાંની સાથે આખુંયે ઘર કબજામાં રહે. (૨) મહેમાન વગેરેનો ઉતારો ઓરડામાં હોઈ તેમને જરૂર લાગે ત્યારે જાજરૂ તથા નાહવણિયું નજીક રહે અને ઘરનો બાકીનો ભાગ ઘરનાં માણસો છૂટથી વાપરી શકે." [આમાં સંડાસ રસોડાની નજીક છે એ ઉચિત લાગતું નથી.તંત્રી]



↑ શ્રી વિઠ્ઠલભાઈ મિસ્ત્રીને જેના માટે 'રાષ્ટ્રપતિ-સુવર્ણ-પદક' મળ્યો તે સસ્તી કિંમતના ઘરનો નમૂનો, જેમાં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ વગેરે દેખાય છે.

તદ્દન સામાન્ય સ્થિતિમાંથી, કેવળ આપબળ, પરિશ્રમ અને બુદ્ધિશક્તિથી, અત્યંત નાની વયમાં આવી સિદ્ધિઓ મેળવનાર એ ભાઈને ભારત સરકારે સ્થાપત્યના અનુસ્નાતક અભ્યાસ (પોસ્ટ ગ્રૅજ્યુએટ કોર્સ ઈન આર્કિટેક્ચર) માટે શિષ્યવૃત્તિ આપી બલ્ગેરિયા મોકલ્યા છે. ત્યાં પણ તેઓ આવી જ તેજસ્વી કારકિર્દીથી ભારતનું નામ ઊજળું કરશે એવી અમને ખાતરી છે.

ઝાગ્રેબ (બલ્ગેરિયા)થી લખેલા એક પત્રમાં તેઓ લખે છે: "પૂનામાં પેનિસિલિન ફૅક્ટરી આપે જોઈ હશે. એની ઈમારતના નકશા મારે હાથે દિલ્હીમાં થયા છે અને એના એકેએક પથ્થર પર કેટલાયે કલાકો મેં વિતાવ્યા છે.

સ્થાપત્યની સાગરઘેરી ગાથા,
સ્મૃતિપટે અંકિત કલ્પનાને
ઉતારવા ઝંખું ઈમારતોમાં."

હાઈસ્કૂલ કાળમાં કવિતારચનાનો તેમને શોખ હતો. ઉપલી લીટીઓ તેની પ્રતીતિ સાથે એમના આત્માની કલાનો યે પરિચય આપે છે.

પૂઠા પરનું ચિત્ર

કલમના આડાઅવળા ઝડપી છરકાથી આલેખાએલો એ કાચો ખસરો—જેમાં પૂરી આકૃતિ પણ ઊપસતી નથી, અને હાથમાંના દાંડિયાની પકડ પણ બરોબર જણાતી નથી, તેને વળી પૂઠા ઉપર અગ્રસ્થાન કેમ આપ્યું હશે એમ ઘણા વાચકોને થશે. પણ આવા તત્ક્ષણ આલેખેલા ખસરાઓનું કલામાં એક ખાસ મહત્ત્વ ગણાય છે; કેમકે કલાકાર કાબેલ હોય તો એ ચોક્કસ ક્ષણનું તદ્દન હૂબહૂ અને સ્વાભાવિક આલેખન એમાં ઊતરી આવે છે.

ગયા વર્ષની આખરમાં મુંબાઈમાં ઇન્ડિયન નૅશનલ થીએટરના ઉપક્રમથી યોજાએલી વાર્ષિક ગરબા-ગરબી-રાસની હરીફાઈ વખતે પુરુષોના દાંડિયારાસની ચાલુ રમઝટમાંથી ઉઠાવેલી અંગભંગની એ છટામાં નૃત્યનો આવેગ અને પ્રવાહિતા તેની જે સ્વાભાવિકતામાં ઝડપાયાં છે તે પ્રશસ્ય છે. તેની સાથે બે હાથ અને પગની રચના ચારે દિશામાં મેળ લઇને એક એવું સંપૂર્ણ સપ્રમાણ ચિત્રસંયોજન રચે છે, જે નટરાજની મૂર્તિની યાદ આપે છે. જ્યાં ક્ષણાર્ધમાં દેહની અનેક મનોરમ છટાઓ રચાતી હોય એવી વેગીલી રમઝટમાંથી એક લાલિત્યભરી છટાને તત્ક્ષણ ઉઠાવવામાં દૃષ્ટિ અને કલમનું જે ચાપલ્ય જોઇએ તે ભાઈ તન્નાએ એ સમયે કરેલા આવા સંખ્યાબંધ સ્કેચ(ખસરા)માં ઉતાર્યું છે, અને એમની એ માળા ઘણા કલારસિકોની પ્રશંસા પામી છે. એમાંનું બીજું એક ચિત્ર આ નીચે આપીએ છીએ. જેમાં સમતોલનનો લલિત અંગમરોડ એટલી જ મનોરમ સમતુલાવાળું ચિત્રસંયોજન રચી રહે છે.



ટૅપેસ્ટ્રી-વણાટના પડદા-ની કલા

ગયા અંકમાં જે રંગીન કાચ-સ્ટેઇન્ડ ગ્લાસ-કલાની ઓળખ આપી હતી તેવી જ આ ટૅપેસ્ટ્રીની કલા પણ મધ્ય યુગના યુરોપની એક જૂની શોભનકલા છે, અને આજે પણ તેને સજીવન રાખવામાં આવી છે. 'ટૅપેસ્ટ્રી'-નો મૂળ અર્થ તો ફર્નિચરની બેઠકો તથા પીઠ-ના ગલેફ તેમજ દીવાલના પડદા વગેરે માટેનું જાડું કાપડ, જે શાળ ઉપર કાંઠલા વડે નહિ પણ તાણાવાણાને લાકડાના ચોકઠામાં ખેંચી-ને ભરતગૂંથણની ઢબે સોયા વડે વિવિધ પ્રકારના રંગીન દોરા ભરીને તૈયાર કરવામાં આવે છે. એ ભરતકામમાં પછી નાનાવિધ આલેખનો, શોભનો, આકૃતિઓ તથા ચિત્રો રચવામાં આવે છે; જેમાં ભીંતના પડદા ઉપર તો ઐતિહાસિક પ્રસંગો, સામાજિક જીવનનાં દશ્યો, કુદરતના મનોરંજક દેખાવો આદિ ખૂબ ઝીણવટે તથા ઊંચા પ્રકારની કારીગરીથી ઉતારવામાં આવે છે. એ પડદા બારીબારણાં ઉપર નાખવા જેવા નાના કદના નહિ, પણ વિશાળ ભીંતોને શોભાવવા માટે ઘણી વાર તો જંગી કદના હોય છે, અને ભીંતચિત્રો રૂપે આપણાં વૈષ્ણવ મંદિરોની પિછવાઇઓની પેઠે ટાંગવામાં આવે છે. યુરોપમાં ફ્રાન્સ અને બેલ્જિયમમાં આ કળા ખાસ ખીલી હતી.

આ બાજુનું ચિત્ર બેલ્જિયમ તરફથી સં-યુક્ત રાષ્ટ્રસંઘ-યુનાઇટેડ નેશન્સને ભેટ અ-પાએલી એવી એક ૪૩॥×૨૮॥ ફૂટના કદની જંગી ટૅપેસ્ટ્રીનો એક ભાગ દર્શાવે છે, જેમાં કુલ ૯૪,૦૦૦ માઈલની લંબાઈના દોરા વપ-રાયા છે! શાંતિ, સમૃદ્ધિ અને સમાનતાની ભાવનાઓને મૂર્ત કરતાં એમાંના આલેખનની



મૂળ ચિત્રણા ઍન્ટવર્પના કલાકાર પીટર કૅાલ્ફસે કરી હતી અને આખા બેલ્જિયમના ૧૪ નિષ્ણાત ટૅપેસ્ટ્રી-વણકરોએ તે તૈયાર કરી હતી. સંયુક્ત રાષ્ટ્રસંઘના સામાન્ય સભાભવનમાં પ્રતિનિધિઓની પરસાળની જંગી દીવાલ પર એ ટાંગવામાં આવશે.



એક નવું પ્રતીક

બ્રિટનમાં હમણાં નવી સ્થપાએલી 'ઍટ-મિક એનર્જિ ઑથૅારિટી'ની સંસ્થાનું આ સંજ્ઞાચિહ્ન છે. એમાં પૃથ્વી સાથે સાંકળ વડે બાંધેલાં બે પ્રાણી, એ અણુશક્તિ પર મેળવા-એલા કાબૂનું સૂચક છે. એ પ્રાણીઓનાં શરીર પરના ૯૨ તારકો તે, જેમાંથી અણુશક્તિ પ્રકટે છે તે મૂળ તત્ત્વ યુરેનિયમનો ૯૨મો નંબર દર્શાવે છે. ઢાલ પરનો ઊંધો ત્રિકોણ એ પાઇલ કહેવાય છે, જે ઍટમિક રીઍક્ટર કે પાવર ફર્નેસનું પહેલું નામ છે. તેમાંની લહેરિયા આ-કૃતિની લીટી એ અણુશક્તિમાંથી ઉત્પન્ન થતી વીજળીનું પ્રતીક છે. ઢાલ પરની હેલમેટ (લ-શ્કરી ટોપી) સહકારની સંજ્ઞા છે અને તેના પરનો સૂર્ય એ અણુની કલ્યાણકારી શક્તિનું પ્રતીક છે. તેમાંનું પંખી એ અણુની શોધખોળ-ના અગ્રણી વૈજ્ઞાનિક સ્વ. લૅાર્ડ રધરફૅાર્ડના ઉમરાવચિહ્નમાંથી લીધું છે, અને નીચેની પટ્ટી-માંનો મુદ્રાલેખ 'ઓછામાં ઓછામાંથી વધુ-માં વધુ' એ પણ અણુશક્તિનો યથાર્થ સૂચક છે.



રાષ્ટ્ર સંઘ (યૂનો)-ને ચાલુ સાલની ૨૬મી જૂને દસ વર્ષ પૂરાં થતાં હોઈ તે નિ-મિત્તે બહાર પાડવા-માં આવેલા આ સંજ્ઞા-ચિત્રમાં પૃથ્વીના ગો-ળાવાળા યૂનોના પ્રતીક સાથે શાંતિની સૂચક ઑલિવ વૃક્ષની ડા-ળીઓ યોજવામાં આવી છે.



મધુકરી

· શિખરિણી ·

નદીના રેતીલા તટ પર ખડું વૃક્ષ, નિજની
ઊંચી શાખાઓની ગગનની ભણી અંગુલિ ધરી.
ઊંચી એ તો, કિંતુ ગગન લગ પહોંચી ન શકતી;
જડાયું પૃથ્વીથી તરુ, સ્વરગનાં ઝંખનમયું !
મનુષ્યોના આત્મા તણી પણ દશા આ જ—શરીર
ભૂખ્યું પૃથ્વીનું ના સ્વરગ અભિયાત્રા કરી શકે.

—શ્રી અરવિંદ

બ્રહ્મદેશના વડા પ્રધાન : ઊ નૂ

બ્રહ્મદેશની પ્રજાસત્તાક સરકારના સંત્રીને 'ઊ નૂ'ના નામથી જગતના ચાલુ બનાવોમાં રસ લેનાર હરકોઈ ઓળખે છે, એક મહાન દેશભક્ત અને ધર્મભક્ત તરીકે. બૌદ્ધ ધર્મમાં અટલ નિષ્ઠાવાન ઊ નૂ સાહિત્ય–નાટક પ્રત્યે યે ઊલટભરી અભિરુચિ ધરાવે છે. ધર્મની કલ્યાણકારી અને સાહિત્યની રસિક દૃષ્ટિએ તેમને માટે રાજકારણને માનવતાથી ભિન્ન નથી પડવા દીધું.

બ્રહ્મી રાષ્ટ્રીયતાનું વાતાવરણ જ્યારે ચોમેર ફેલાતું જતું હતું ત્યારે ઈ. ૧૯૦૭માં તેમનો જન્મ થએલો. શિક્ષણની ઘરેડુ ને આડકતરી રીતે ગુલામી આણનારી અંગ્રેજી પ્રથાના વિરોધ રૂપે સ્થાપવામાં આવેલી રંગૂનની મ્યૅામા નૅશનલ હાઈસ્કૂલમાં તેમણે માધ્યમિક શિક્ષણ લીધું. આગળ વધી રંગૂન યુનિવર્સિટીની ડિગ્રી મેળવી તેમણે પોતાની એક નવી રાષ્ટ્રીય શાળા સ્થાપી અને તેના અધ્યક્ષ પણ પોતે જ બન્યા. હજુ કાયદાનો અભ્યાસ કરવા તેમની ઇચ્છા હતી, પરંતુ બરાબર તે વખતે રંગૂનના રાજકીય ચળવળમાં અગ્રભાગ લેતા વિદ્યાર્થીઓનું મંડળ ('સ્ટુડન્ટ્સ યુનિયન') જોર પકડતું જતું હતું. તે મંડળના સેક્રેટરી ઑંગ સાનને ઊ નૂ મળ્યા. રાષ્ટ્રીય ઉત્કર્ષની ભાવનાપ્રેર્યા આ બેઉ નેતાઓ વચ્ચે વાતવાતમાં ગાઢ મૈત્રી બંધાઈ અને રાષ્ટ્રીયતા વિષે તેમનો વિચારવિનિમય થવાથી તેમને બંનેને ઘણુંઘણું નવું જાણવા-વિચારવાનું મળ્યું. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે થાકિન નૂ (ઊ નૂ)એ બ્રહ્મદેશને પ્રજાસત્તાક રાજ્ય ન મળે ત્યાં સુધી બ્રિટન સાથેનો મૈત્રીસબંધ વધુ વખત ચાલુ ન રહેવો જોઇએ' તે જાતનો ઠરાવ Dobama Asiavoneની તાકીદની સભામાં રજૂ કર્યો. આ માટે તેમની



ધરપકડ કરવામાં આવી અને તેમને બે વરસની કેદની સજા થઈ. જેલનિવાસ દરમ્યાન તેમણે પોતાના પ્યારા શોખ-સાહિત્યને ઓર વિકસાવ્યો છે. એ બે સાલ દરમ્યાન તેમણે પાંચ નાટકો અને બે નવલકથાઓ લખ્યાં. પરંતુ જેલમાંથી છૂટતાંવેંત તેમને ફરી રાજકારણમાં ઝુકાવવું પડ્યુ. ૧૯૪૩ના ઑગસ્ટમાં જાપાન-રચિત બ્રહ્મદેશની સરકારનું વિદેશ ખાતું સંભાળવા તેમને આમંત્રણ મળ્યું. વિદેશખાતાના પ્રધાન તરીકે જાપાન સાથેના સંબંધ તેમને બહુ અસહ્ય લાગતા. દરમ્યાન તેમનું આરોગ્ય કથળ્યું. તેથી તેમની વિદેશખાતામાંથી માહિતી ખાતાના પ્રધાન તરીકે નિમણૂક થઈ. આ નવા ખાતાથી તેમને ભૂગર્ભમાં ચાલતી બ્રહ્મી રાષ્ટ્રીય ચળવળોની દરેક જાતની માહિતી મળી રહેતી. રાષ્ટ્રીય ચળવળનાં આ બધાં જ તત્ત્વો ત્યારે તેમણે ગુપ્ત રાખ્યાં; અને એને પરિણામે જ જાપાનની યુદ્ધ-કટોકટીને ટાકણે તેમના હાથ નીચે કામ કરતા અનેક જાપાન-

આપણાં પંખી ૧૦૨

હારિત



એક જ કુળ વડે આખા વર્ગને રોકી લેતાં આપણાં સુપરિચિત હોલાં–કબૂતરના પરિચયની જરૂર નથી, પણ આમાંના એક વિશિષ્ટ પ્રકારના કબૂતરની ઓળખાણ કરી લેવી જોઈએ. નામ પ્રમાણે જ ગુણ ધરાવતાં, સદા વૃક્ષોમાં જ છુપાએલાં રહેતાં એ પર્ણરંગી–લીલાં 'હારિત' પણ કદમાં તો આપણાં કબૂતર જેવડાં જ છે. તદ્દન ફળાહારી જ હોઈ તથા મોટે ભાગે વડ-પીપરનાં ટેટાંટેટી જ વધુ ખાતાં હોઈ તેવાં વૃક્ષો પર તે વધુ જોવા મળે. સ્વભાવે સમૂહચારી હોઇ એકસાથે એક જ વૃક્ષ પર તેઓ સારી સંખ્યામાં હોવા છતાં પાંદડાંઓ સાથે મેળ લઈ લેતો તેમનો વાન તથા આહાર માટે ડાળીઓ પર ચાલવાની તેની સરળતાને લઇને તેની હાજરીની તુરત તો ખબરે ન પડે. વળી, ફળાહારમાંથી જ પૂરતું પાણી મળી રહેતું હોઈ પાણી પીવા યે નીચે ઊતરતું જોવા મળે નહિ.

માથાના થોડા ભાગ સાથે ગાલ ગરદન રાખોડી રંગનાં. ગરદનના મૂળમાં પણ એક એવી જ પટ્ટી; પેટાળે તથા પૂછડીને છેડે પણ એ જ રંગ. પૂછડી નીચેનો શરીરનો ભાગ ખૂલતા રંગની લીટીઓવાળો મેલો તપખીરી અને પાંખો પર પીરી પટ્ટીઓ. આ સિવાય તેનો સમગ્ર વાન પીળાશ પડતો લીલો. છાતી ને પીઠનો ભાગ સહેજ વધુ લીલો. આંખની કીકી ભૂરી; તેની ચોમેર ગુલાબી કુંડળી, ચાંચ લીલાશ પડતી નરમ અને મૂળમાં સહેજ દબાએલી. પગ નારંગી ને નહોર ભૂરા. દેખાવે નરમાદા બંને સરખા રંગનાં ને ભરાવદાર.

માર્ચથી જૂન એ તેનો પ્રજનનકાળ. એ વખતે ઝાડમાં વીસેક ફૂટ ઊંચે અન્ય કબૂતરો જેવો, નીચેથી યે જેમાંનાં ઇંડાં જોઈ શકાય તેવો સાંઠીકડાંનો સાલખોલિયો માળો કરી, તેમાં તદ્દન લંબગોળાકારનાં ચળકતાં શ્વેત રંગનાં બે ઇંડાં તે મૂકે છે.

વિરોધીઓની જિંદગી એ વખતે તેઓ બચાવી શક્યા. યુદ્ધ પૂરું થતાં રાષ્ટ્રીય લડતને વધારે દૃઢ ને સંગીન સ્વરૂપ આપવાનું તેમને માથે આવી પડ્યું. પોતાના તે કામને સફળતાપૂર્વક બજાવી જનાર ઊ નૂને કોઈ રાજકારણીય કે રાજકીય મહત્ત્વાકાંક્ષા નહોતી તે હકીકત જ તેમનું સામર્થ્ય જણાવવા પૂરતી છે.

૧૯૪૮ની ૪થી જાન્યુઆરીએ બ્રહ્મદેશ પ્રજાસત્તાક જાહેર થયો, આ વરસ એ બ્રહ્મદેશ માટે અનેક બિહામણી ને જીવલેણ આફતોનું વરસ હતું. જુદાજુદા વાદો ને પક્ષોએ ત્યારે તે દેશને એવી તો નાગચૂડ ભેરવેલી કે તેમાંથી રાષ્ટ્રને ઉગારવા ભલભલા નેતાઓની પણ મતિ મૂંઝાઈ જાય. પરંતુ વડા પ્રધાનપદેથી ઊ નૂએ અપૂર્વ કૌશલ ને સામર્થ્યથી દેશનું હાલકડોલક થતું નાવ ખરાબે ચડતું બચાવી લીધું. લડાઇ અથવા તુમાર–કોઇ પણ જાતના ધમાલિયા ને ધાંધલિયા વાતાવરણથી પર એવી એમની ઓજસ્વી ને નિર્મળ નિર્ણયબુદ્ધિએ હમેશાં શાંતિને જ પ્રધાન પસંદગી આપી છે. ઊ નૂ પોતે સમાજવાદી છે, અને તેમની સરકારે પણ પહેલેથી જ સમાજવાદી પદ્ધતિ અખત્યાર કરી છે. જૂના બ્રહ્મી રાજ્યના પતનનાં મુખ્ય બે કારણો હતાં–અસમાનતા અને સંકુચિતતા. તે બંનેને નજર સમક્ષ રાખીને ઊ નૂએ પ્રજોત્કર્ષ માટે જે પ્રયાસો કર્યા છે તે આશ્ચર્ય પમાડે એવા છે. 'તમે એક બૃહત્તર જાતિ બનાવો છો' એવું ભાન તેમણે પોતાના દેશના લોકોના મનમાં સતત જાગૃત કર્યા કર્યું છે. ધર્મ એ માનવવિકાસને અમર્યાદ અવકાશ આપતું એક ચિરંતન તત્ત્વ છે એમ તેઓ માને છે. આમ ઊ નૂએ જીવનનાં સર્વ પાસાં નીરખ્યાં છે, અને પોતાને સાચું લાગતું ધન્ય તત્ત્વ પણ તેમાંથી તેમણે તારવી કાઢ્યું છે. તેમના દેશ પર વારંવાર ધસી આવતા સામ્યવાદના ઓળાઓ સામે ટક્કર ઝીલવામાં તેમની આ સર્વતોમુખી સમજણે અગત્યનો ભાગ ભજવ્યો છે.

સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો દસ્તાવેજી ઇતિહાસ લખાવવા અંગે સરકાર તરફથી નિમાએલી સમિતિ દેશમાંથી આની માહિતી એકત્ર કરી રહી છે. આવી માહિતી ગુજરાતમાંથી પણ એકત્ર થઈ રહી છે. ૧૮૫૭ના બળવામાં ગુજરાતનો ફાળો ઉલ્લેખનીય ન કહી શકાય તો પણ તેના રંગછાંટણાંથી ગુજરાત અલિપ્ત નહોતું જ. ગુજરાતમાં પણ થોડાંક ધીંગાણાંઓ થયાં હતાં, વિપ્લવની યોજના ઘડાઈ હતી, ડાંગના જંગલમાં ભીલ રાજાઓએ મોડેમોડેથી પણ બંડ જગાવી ભારત સરકારને પરેશાન કરી મૂકી હતી. ૧૮૫૭ પછીના ગાળામાં જે સ્વાતંત્ર્ય સંગ્રામો આવ્યા તેમાં ગુજરાતનો ફાળો તે તો તવારીખી બિના છે. એટલે તે અંગે પણ માહિતી મેળવતાં ખાસ અગવડ ન આવે. પરંતુ માહિતી તો ૧૮૫૭થી ૧૯૦૫ સુધીના ગાળાની અને તેમાં ય નવોદિત જાગૃતિથી પ્રેરાઇ કેટલાક જુવાનોએ કરેલા પ્રયાસોની મેળવવાની રહે છે. આવી કેટલીક માહિતી વડોદરાની દરબારી નોંધમાં પડેલી હોવાનું કહેવાય છે. સ્વ. સયાજીરાવ એક મહાન દેશભક્ત પુરુષ હતા. અરવિંદ, દાદાભાઈ નવરોજી, રમેશચંદ્ર દત્ત વગેરે મહાન વ્યક્તિઓને આશ્રય, સત્યાગ્રહની લડત વેળાથી સત્યાગ્રહીઓને હરવા ફરવાની છૂટ આ બધા અંગે સયાજીરાવની અને ખાસેરાવની ડાયરીમાં ઉલ્લેખો હોવા જોઇએ. ગાંધીજીને પણ સ્વ. સયાજીરાવ મળ્યા હતા. એક વાર વાઈસરૉયે ગાંધીજીને આમંત્ર્યા ત્યારે સ્વ. સયાજીરાવને પણ બોલાવ્યા હતા. પ્રવેશદ્વારે ગાંધીજીનાં દર્શનમાં ઘેલા બનેલા ઓડીટરોએ ગાંધીજીને સલામી આપી. એ. ડી. સી.એ મહારાજાનું આ બાબતમાં ધ્યાન ખેંચ્યું ત્યારે તેમણે હસતાં હસતાં કહ્યું, 'ભલા માણસ, હું વડોદરાનો મહારાજા છું પરંતુ આ તો સારા દેશના મહારાજા છે, રાષ્ટ્રપિતા છે.'

...ગપુરમાં શ્રી અરવિંદ અને તેમના સાથીઓની સાધના, તેમના સંપર્કમાં આવેલા શ્રી છોટુભાઈ પુરાણી, શ્રી કાકાસાહેબ કાલેલકર, મામા ફડકેની પ્રવૃત્તિઓ, ગુજરાતની ક્રાંતિ પછીની રચના, ભગતસિંહ વગેરેના પ્રયાસો, સરદાર પૃથ્વીસિંહની સૌરાષ્ટ્રમાંની પ્રવૃત્તિઓ, વૈશંપાયનની અમદાવાદની હિલચાલ–વગેરેની ઊંડી ખોજ જરૂરી છે. (લોકનાદ)

રશિયાનું એક વિદ્યાધામ

આજે કેળવણીના ક્ષેત્રમાં રશિયાએ ઘણી પ્રગતિ સાધી છે. મૉસ્કોમાં આવેલ વિદ્યાપીઠ જગતની ઘણી જ મોટી વિદ્યાપીઠ ગણાય છે. ૭૯૦ એકર જમીનપર આ વિદ્યાપીઠ પથરાએલી છે. મુખ્ય ઈમારતના બધા મળી બત્રીસ માળ છે. આ બત્રીસ માળની ઉપર ૭૦૦ ફૂટથી વધુ ઊંચો એવો એક મિનારો છે. જેની ઉપર રશિયાનો લાલ ધ્વજ ફરકે છે. મુખ્ય ઇમારતની બંને બાજુ બીજી બે ઇમારતો બાંધેલી છે. આખી ઇમારત કુલ ૮,૫૧,૫૦,૦૦૦ ઘનફૂટની છે. આ વિદ્યાપીઠના મકાનમાં વ્યાખ્યાન માટે અને પ્રયોગશાળાઓ માટે સુંદર સગવડ છે. અધ્યાપકો ને વિદ્યાર્થીઓને રહેવાની પણ વ્યવસ્થા છે. વિદ્યાપીઠના આ મકાનમાં કુલ ૪૫,૦૦૦ ઓરડા છે, જેમાં ૧૪૮ વ્યાખ્યાનખંડો અને ૧૦૦૦ પ્રયોગશાળાઓ છે. વ્યાખ્યાન ખંડોમાં ૬૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેમ છે. પદાર્થવિજ્ઞાન, રસાયનશાસ્ત્ર, ગણિત અને આયોજનશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર વગેરે માટે પણ જુદાજુદા વિભાગો છે. દરેક વર્ગમાં અદ્યતન સાધનો છે. વિદ્યાપીઠના આ મકાનમાં રમતગમત માટેની વ્યવસ્થા અને વિરામખંડો પણ છે. વનસ્પતિશાસ્ત્રના અભ્યાસ માટેનો ઉદ્યાન ૧૦૩ એકર જમીન પર પથરાએલો છે. વિદ્યાપીઠ પોતાની વેધશાળા પણ ધરાવે છે. વિદ્યાપીઠની દીવાલો સંગેમરમરની છે. આ વિદ્યાપીઠમાં જગતભરના જુદાજુદા ક્ષેત્રોમાં નિષ્ણાતોની સુંદર પ્રતિમાઓ છે. આઇઝેક ન્યૂટન, ચાર્લ્સ રોબર્ટ ડાર્વીન, લીઓનાર્ડો દ-વિન્ચી, મિચુરીન, મેક્સવેલ ને પાવલોવાની પ્રતિમાઓ ખાસ ધ્યાન ખેંચે છે. મોસ્કો વિદ્યાપીઠની ઇમારતમાં કુલ એકસો દસ 'લિફ્ટ' (પગથિયાં ચડયા વગર ઉપર જવાની યાંત્રિક નિસરણી) છે. વિદ્યાપીઠનું પુસ્તકાલયનું મકાન દસ માળનું છે, જેમાં બાર લાખ તો પુસ્તકો છે. પુસ્તકોની ગોઠવણી પણ યાંત્રિક રીતની જ છે. આ વિદ્યાપીઠમાં હાલ કુલ ૧૩,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અરુણકુમાર પુ. પટેલ

નવું જંગી રેડિયો દૂરબીન

માન્ચેસ્ટર વિદ્યાપીઠ માટે પાંચ લાખ પાઉન્ડને ખર્ચે નવું જંગી રેડિયો દૂરબીન તૈયાર થાય છે. બે ઊંચા થાંભલાઓ વચ્ચે ખૂબ જ ચકચકિત તાંબાની ઝીણી જાળીનું બનેલું આ દૂરબીન રકાબીના આકારનું હશે. તે વડે, તારાઓ પરસ્પરની સાથે અથડાય તેને પરિણામે થતો અવાજ સાંભળી શકાશે. તાજેતરમાં જ પ્રો. લૉવેલે લંડનના શાહી કલામંડળ સમક્ષ, આજથી અબજો પ્રકાશ વર્ષ પહેલાં તારાઓના બે જંગી સમૂહો અથડાવાથી થએલા અવાજનું ધ્વનિમુદ્રણ વગાડી બતાડ્યું હતું. આ દૂરબીનની સહાય વડે અવકાશમાં હજારગણા વધારે અંતરમાં સંશોધન કરી શકાશે તેમજ લાંબા અંતરના રેડિયો-વ્યવહારને લગતા સંશોધનમાં પણ તે મહત્ત્વનો ફાળો આપી શકશે.

અજમો

જેને પેટમાં ગૅસ થતો હોય, પેટ ફુગાર રહેતું હોય, વાછૂટ થતી ન હોય, પેટમાં દુખતું હોય તેણે રોજ અજમો ખાવાનું રાખવું. ૦।–૦। તોલો અજમો સવારસાંજ ચાવીને ખાઈ જવાથી પેટનો ગૅસ મટી જશે. ભૂખ લાગતી ન હોય તો પણ અજમો હિતાવહ છે. ચાવતાં તીખાશ લાગે તો અજમો વાટીને ગરમ પાણી સાથે ફાકી જવો. પણ તરત વાટીને લેવો. જૂનું ચૂર્ણ ઉપયોગમાં ન લેવું. ૧ પૈસાભાર અજમાનું


ચૂર્ણ થોડુંક મીઠું વા સિંધાલૂણ મેળવી ગરમ પાણી સાથે ફાકી જવાથી પેટના દુખાવો અવશ્ય મટી જાય છે. અજમો સારક પણ છે. ઝાડો સાફ આવતો ન હોય તેવાઓએ રોજ સૂતી વખતે અજમો ચાવીને ખાવાનો નિયમ રાખવો.

ખાઈ ઊઠયા પછી જેને છાતીમાં બળતરા થતી હોય તેણે પણ ખાઈ ઊઠયા બાદ અજમો ચાવી ખાવો. પેટમાં કરમ હોય તેને રોજ અજમો ખવડાવવો. બચ્ચું રડ રડ કરતું હોય, ઝાડા કાચા થતા હોય તો અજમો અને સંચળ બંનેને વાટી ૧-૧ વાલ પાણીમાં પાઈ દેવા; વાછૂટ થઈને આરામ લાગશે.

રાત્રે ખાંસી આવતી હોય તો રોજ રાત્રે અજમો ચાવીને ખાવાનો રાખવો. કફ પાકી જશે, જલદી બલગમ છૂટશે. કફમાં દુર્ગંધ હશે તો અજમાના સેવનથી મટશે.

દૂધ પચતું ન હોય, પીધા પછી પેટ ફુગાળ થતું હોય તેને દૂધ પી ઉપર અજમો ખાવો. દૂધના પાચનમાં અજમો ઉપયોગી છે.

વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તેવાઓએ રોજ ાા તોલો અજમો અને ાા તોલો ગોળ(ગોળ જૂના ૧-૨ વર્ષના હોય તે જ વાપરવો જોઈએ)ના ચાર ગોળા બનાવી સવાર સાંજ થઈને પૂરા કરવા. પેશાબનું પ્રમાણ એકદમ ઓછું થવા માંડશે.



જે બાળકો રાત્રે ઊંઘમાં પેશાબ કરે છે તેવાંઓને રોજ રાત્રે સૂતી વખતે બેઆનીભાર અજમો ખાવા આપવો. તલ અને અજમો બંને આપવાથી વધુ લાભ થાય છે.

થોડાવજ ને અજમો બંને ચાવવાથી દાંતનું કળતર મટે છે. ગળાના કાકડા વધ્યા હોય તો આખો દિવસ અજમો ચાવ્યા કરવો અથવા મોંમાં રાખવો. બચ્ચું કફથી ભરાઈ જાય ત્યારે અજમાનો ખરડ કરવામાં આવે છે. સાંધા દુખતા હોય તો તે ઉપર અજમાની પોટીસ બાંધવાથી દરદ નરમાય છે.

પ્રસૂતા સ્ત્રીઓ માટે સુવાવડમાં સુવાની પેઠે અજમો ખાવો પણ હિતાવહ છે. તેથી ભૂખ લાગે છે, વા સરે છે, કમરનું દરદ મટે છે અને બગાડ નીકળી જાય છે. સુવા અને અજમો સુવાવડમાં ખાવાથી સૂતિકાજ્વરનો ડર નથી રહેતો. પ્રસવ પછી અજમાની પોટલી ઉકાળવાથી પણ લાભ થાય છે. ટાઢ વાઈને આવનાર તાવમાં અજમાનું સેવન કરવાથી સારો લાભ થાય છે; ટાઢ ઓછી થાય છે અને પરસેવો વળીને તાવ ઊતરી જાય છે, જ્વરના અશક્તિ પણ ઓછી જણાય છે.

કોઈ પણ જાતની દુર્ગંધ પછી તે મોમાથી આવતી હોય, પાયોરિયાને લઈને હોય, પેટના સડાને લઈને અંત્રવાયુમાં હોય, કફમાં કે કફના ગળામાં હોય, ઘામાં હોય તો અજમો આ માટે ઉત્તમ દોષ-પ્રશમન (ડાયઓડોરસન્ટ : આન્ટિસેપ્ટિક) છે. કોલેરામાં કે અતિશય દુર્ગંધ મારતા ઝાડાના રોગમાં પણ અજમો હિતાવહ છે.

અજમાનો વઘાર મૂકવાનો ચાલ ખૂબ જ શાસ્ત્રીય છે. વાલમાં અજમાનો જ વઘાર ચાલે; કેમકે તે અત્યંત વાયડા છે, પચવામાં ભારે છે. તેમાં રહેલા ગંધકના અતિશય પ્રમાણને લઈને આંતરડાંમા ગંધક છૂટો પડી તેમાંથી 'સલ્ફયુરેટેડ હાઇડ્રોજન' નામનો દુર્ગંધ મારતો ગૅસ જન્મે છે જે વાછૂટમાં બહાર નીકળે છે. અજમાનો વઘાર તે દુર્ગંધ અટકાવે છે, પચાવવામાં સહાય કરે છે. આંતરડાંના સમસ્ત પ્રદેશને સુરક્ષિત રાખવામાં અજમા જેવું બીજું સારું ઔષધ નથી.

ડૉ. ખોરી લખે છે, અજમામાં રાઈ અને મરચાંની તીક્ષ્ણતા, કરિયાતાની કડવાશ અને હિંગનો આક્ષેપનિવારક ગુણ (ઍન્ટિસ્પાસ્મોડિક) આ ત્રણે ગુણો સમાએલા છે. એથી જ આયુર્વેદમાં અજમાનો ગુણ કડવો, તીખો, ગરમ હોવાનું લખ્યું છે. આવા સામટા ગુણો એક જ દ્રવ્યમાં મળવા મુશ્કેલ છે.

બજારમાં અજમાનો અર્ક મળે છે, જે બાળકોની ચૂંક ઉપર, કફ ઉપર, કોઈ પણ દુઃખ ઉપર ઉપયોગમાં લેવાય છે.

અજમાની ચાર જાતો છે: (૧) અજમો: જે આપણે ખાઈએ છીએ તે. (૨) ખાડી અજમોદ: દાણા જરા મોટા થાય છે. (૩) કિરમાણી અજમો: કાશ્મીર તરફ બહુ થાય છે અને એમાંથી જ પેટના કરમની અકસીર દવા સેન્ટોનીન કાઢવામાં આવે છે. (૪) ખોરાસાની અજમો: જે ઘેન લાવવા માટે વપરાય છે. એમાંથી ઈંજેકશનો બને છે. ઊંઘ ન આવતી હોય તેણે ૧૦ થી ૧૨ ગ્રેન જેટલો ખોરાસાની અજમો પાણી સાથે ફાકી જવો; ઊંઘ આવશે.

ટૂંકમાં અજમો સારી ઘરગથ્થુ દવા છે અને એનો ઉપયોગ કરવાથી આજે દવા પાછળ નાહકના પૈસા લોકો વેડફે છે તે બચી શકે એમ છે.

(ભિષગ્ભારતી) —બાપાલાલ વૈદ્ય

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

હિંદ વિષે જાણવા ઇચ્છા ધરાવતાં એક જર્મન બહેન ફ્રૅાલિન મૅરીઅન ઈમહૉફ Fraulein Marion Imhoff (Meerbusch, Den, Bei Dusseldorf, Im Winkel-1, Fernruf Buderich-591 (Germany) તરફથી નીચેનો પત્ર અમને મળ્યો છે:

વહાલા સાહેબ,

થોડા હિંદી પત્રસંબંધો બાંધવામાં મને મદદ મળે એ હેતુથી આ પત્ર લખી રહી છું. લાંબા સમયથી હું હિંદ વિષે રસ લેતી આવી છું; પણ દુર્ભાગ્યે મુંબાઈના મારા એક હિંદી પત્રમિત્રનું અવસાન થતાં હિંદ સાથેનો મારો પત્રસંબંધ તૂટી જવા પામ્યો છે.

મેં ટાગોરનાં ઘણાં પુસ્તકો વાંચ્યાં છે, અને તે બધાં મને ગમી ગયાં છે. અન્ય હિંદી કવિઓનાં જીવન અને કવન વિષે હજી વધુ જાણવાની મારી ઉત્કંઠા છે. મારી એક બહેનપણી Fraulein Hede Adams(Dusseldorf, Oberkassel, Niederkasseler Str.-101, Germany)ને પણ આવો સંબંધ બાંધવો ગમશે. અમને બંનેને ભારતીય સંગીત ને ભૂગોળમાં ઊંડો રસ છે. અહીંનો અભ્યાસ પતી ગયે હિંદ આવીને એક વરસ રહી જવાનો મારો તો વિચાર છે.

હું વીસ વર્ષની એક વિદ્યાર્થિની છું, અને આટલા વિષયો શીખું છું: ફ્રેન્ચ, ઇટાલિયન, સ્પૅનિશ ને અંગ્રેજી ભાષાઓ; કળા ને ફિલસૂફી એ મારા ખાસ વિષયો છે. મારી બહેનપણીની ઉંમર ૧૯ વરસની છે. વીસેક વર્ષના કોઈ સ્ત્રીમિત્ર અથવા ત્રેવીસચોવીસની વયના પુરુષમિત્ર સાથે પત્રવ્યવહાર ચલાવવાનું હું વધુ પસંદ કરીશ.

આભાર સહ ભવદીય, મૅરીઅન ઈમહૉફ

પરદેશી પત્રમિત્રો


(1) Mr. R. Cohen, P. O. Box No. 2858, Tel-Aviv (Israel), Indian Philosophy & Literature (કેફેયત: Rashmi K. Mehta, 64-C Opera House, Bombay-4; (2) Anilkumar G. Chande—17, P. O. Box No. 35, Dar-es-Salam (B. E. A.) Stamps, View Cards; (3) Narendra D. Bhatt, 57 End Street, Johannesburg (South Africa), Stamps, Cricket, Photography, Latin; (4) Miss Anne Lilienstern—18, 23 Farragut Road, Scarsdale, New York (U. S. A.), Music, Opera, Singing, Theatre; (5) Bill Moise—24, 62 East 90th Street, New York City, New York (U. S. A.), Government, Politics, Economics, His Pref. Male; (6) Mary Pringle, Connecticut College, New London, Connecticut (U. S. A.), Psychology, Philosophy, Pref. Male (અનુક્રમ ૪ થી ૬-ઉલ્લેખ: Bobee Samuels, New York & Narendra Patel, H. N. 689, Opp. Bhaya's Well; Karamsad (W. Rly.); (7) Hassam Mohammed—23, 432 Gohar Street, Ranchhori Line, Karachi-1 (Pakistan), Magazines, Films, Sports, Novels, Stamps; (8) Vanu A Manek, P. O. Box No. 7, Lugazi (Uganda, B. E. A.), Correspondence; *The following are male penfriends from Malaya; add Malaya to each address*: (9) Koh Chon Phay-18, 15. Kampong, Java Road, Singapore-9, Basket-Ball, Swimming, Reading, View Cards; (10) Tan Vye Seng—15, 149 Kampong, Java Road Singapore-9, Stamps, Basket-Ball, Games Reading, Swimming; (11) Abidin Bin Rahmat—14, 153 Kampong Java Road, Singapore-9, Basket-Ball Swimming, Reading, View-Cards; (12) Chiang NaOh-14, 36 Killiney Road, Singapore-9, Stamps, Movie, Correspondence; (13) Jagdish Sing, 87 Arthur Road, Singapore- 15, Hokie, Movie, Stamps; (14) L. Purshothaman—14, 6 Boon Keng Road, Singapore-12, Correspondence; (અનુક્રમ નં. ૯ થી ૧૪, ઉલ્લેખ: આર. વી. બારોટ, રાજકોટ) (15) F. M. Kadir—30, P. O. Box No. 83, Majunga (Madagascar), Stamps, Coins, Views, Cards, Psycholopy; (16) Chandravadan R—15, C/o I. S. School, Box 529, Dar-es-Salaam (Tanganyika), First Day Covers, Stamps, View Cards; (17) A. S. Ahmed—17, 340 Wawriamd St., Kagadi Bazaar, Karachi-2 Stamps, Novels, Cinema; (18) Manu J. Amin—37, P. O. Box 17, Mansio (T.T. Africa), Reading, Games;

હિંદી પત્રમિત્રો

અનેક પત્રમિત્રોની વિગતોમાં વાલીની કે શાળાશિક્ષકની સહી ખૂટતી જ હોય છે. અહીં ફરી યાદ આપીએ છીએ કે આવી કોઇ પણ પ્રકારની અધૂરી વિગતોવાળાં સરનામાં પ્રકટ કરવામાં નહિ આવે.

(194) 'Pushpa' Narendrakumar—17, C/o Narendrakumar Jagshibhai, Opp Bhangal Deli, Mandvi (Kutch), Stamps, Coins; (195) Bhupendra Ramlal Mistry—18, 863 Bhungli's Pole, Tajpur, Panchpipli, Ahmedabad-1 Picnics, Cricket, Literature, Cinema; (196) Jitendra Kiri—19, 1210 Bhungli's Pole, Tajpur, Panch-pipli, Ahmedabad-1, Photography, Picnics, Cinema; (197) Vinod Kumar Anand—16, Madhoganj (Pratapgarh Dist, Uttar Pradesh). Stamps, Photography, Games, Writing, Correspondence, Radio-Listening; (198) Chandrakant Bhikhalal Modi—22, Bhuleshwar, Bambakhana, Doka-Gali, Jamnadas Chunilal's Bldg., Bombay, Music, Reading, Cinema, Photography, Travelling; (199) Suresh Premchand Mehta—14, C/o Premchand Govindji Mehta, Insurance-Agent, Mandvi (Kutch), Cricket, Great Men Photo-Collecting; (200) Shantilal Gangarambhai Thakkar—17, Opp. S. T. Bus Stand, Sanand (Ahmedabad Dist.), Radio-Listening, Photography, Cricket, Cinema, Reading; (201) Bharat L. Avasathi—22, 48 Bombay Veternity College Hostel, Parel, Bombay-12, Music, Stamps, Painting; (202) Purushottam Naranji Katira—22, Vithaldas Gangji's Bldg., Carter Road, Mulund (Thana), Radio-Listening, Reading, Travelling, Swimming; (203) Pravinchandra Premchand Bhavani—15, C/o P.P. Bhayani, Sobhag Bhavan,

(જુઓ અનુસંધાન આ અંકના છેક છેલ્લા પાને)



Aquatint 'Going to Masjid' Y.K. Shukla '84

મસ્જિદે (ઍક્વા ટિન્ટ) કલાકાર: યજ્ઞેશ્વર શુક્લ (કલાકારના સૌજન્યથી)

અરીસા જેવી લીસી સપાટીવાળા ત્રાંબાના પતરામાં કલાકાર સ્વહસ્તે આલેખન કોતરીને કે તેજાબ વડે ખોદીને, તેમાં શાહી ભરી કાગળ પર તેની છાપ ઉતારે એ પદ્ધતિને 'ઇચિંગ' કહે છે. એ ઇચિંગના બીજા બે પ્રકારો જાણીતા છે : 'ડ્રાઇ પૉઇન્ટ' અને 'ઍક્વા ટિન્ટ'. એ પૈકી 'ડ્રાઇ પૉઇન્ટ' વિષે અગાઉ સમજણ આપી છે. 'ઍક્વા ટિન્ટ'માં પતરાની સપાટી પર મીણને બદલે રેતી જેવી કોઇ બારીક દાણાદાર વસ્તુ પાથરી દેવામાં આવે છે, અને તેના સોંસરો તેજાબ પતરાને કોતરે છે. જે ભાગ સફેદ કે આછા રાખવા હોય ત્યાં ત્યાં કલાકાર પીંછી વડે ઍસિડ વિરોધી વાર્નિશના પટ પૂરતો જાય છે અને બાકીના ભાગને તેજાબ વડે કોરતો જાય છે. સંપૂર્ણ થયે પ્લેટ સાફ કરી, તેના પર છાપવાની શાહી લગાડી, હળવે હાથે શાહી લૂછી નાખવામાં આવે છે, અને પછી તે પર કાગળ દાબે છે, એટલે ખોદાએલા ભાગમાં ભરાઇ રહેલી શાહીની મુલાયમ છાપ કાગળ પર ઊતરે છે. આ કલા યુરોપમાં જ્યાં બૅપ્ટિસ્ટ પ્રિન્સ નામના કલાકારે અઢારમી સદીમાં શોધી હતી.



શ્રીનગરને માર્ગે

ફોટો · પ્રદીપ શાહ

ઉનાં આંસુ અંતરતલ ઉકળતો અગ્નિરસ એ,
શમાવે તે જાણે ધરતી અથવા કો કવિ ઉર.

—હરિશ્ચન્દ્ર ભટ્ટ—

પોતાને હકીમ તરીકે પાંચ હજાર દિરહમનો પગાર મળતો હોવા છતાં તે ગરીબોને વહેંચી દઈ માત્ર ખજૂરીની ટોપલીઓ બનાવીને જ પોતાનું ગુજરાન ચલાવતા જનાબ સુલેમાન ફારસીને એક વાર કોઈએ પૂછયું: 'આપને આટલો બધો પગાર મળે છે તો એશઆરામ કેમ નથી કરતા?' તેમણે જવાબ આપ્યો: 'એશઆરામમાં પડું તો ખુદાની બંદગી કે રૈયતની સેવા કાંઇ મારાથી થાય નહિ એવો મને ડર છે.'

અનેકાર્થી શબ્દ: **ગોઠ**=અંતરની વાતચીત; ગામ યા ગામડું; હોળીના દિવસોમાં અપાતી ભેટ; જંપ કે નિરાંત; પક્ષીનો માળો; મશ્કરી અથવા ટોળ; ઉજાણી; મિત્રતા; સ્ત્રીમિત્ર; સલામી કે ઇનામ; સાડલા વગેરેને મુકાતી કપડાની બેવડ પટી, મગજી કે રૂપેરી તૂઈ.

કહેવતોના અર્થ: 'ચૈત્ર ચડે નહિ ને વૈશાખ ઊતરે નહિ.'–બધા સંજોગો અને પ્રસંગો પર એક જ પ્રકારની ઘરેડુ દુ:ખી સ્થિતિ રહેવા માટે આ કહેવત વપરાય છે. એના જેવી જ બીજી કહેવતો: 'ઉનાળે રાતાં નહીં ને ચોમાસે માતા નહીં'; 'ઉનાળે સૂકા નહીં ને ચોમાસે લીલા નહીં'; 'રંગ છે એકરંગાને. લાનત છે દોરંગાને'.

૧ ૪ ૨ ૮ ૫ ૭
૩ ૨ ૬ ૪ ૫

ઉપલી સંખ્યાને નીચલી સંખ્યામાંના ગમે તે આંકડાથી ગુણવાનું કોઈ કહે તો ગુણક ઉપરનો આંકડો લઇ પછી ક્રમવાર સંખ્યા મૂકી દેવી: ગુણાકાર હમેશાં સાચો જ આવશે. દાખલા તરીકે નીચલી સંખ્યામાંના ૬ વડે ગુણવાનું કોઈ કહે તો ૬ની બરોબર ઉપરનો આંકડો ૮છે;તે અને તેની પછીના અંક ક્રમવાર મૂકી દેવા એટલે ૮૫૭૧૪૨ આવશે. હવે ગુણાકાર કરીને તાળો મેળવી જુઓ. (૨૫)

આપણા શરીરમાં ચામડીનાં છિદ્રોની સંખ્યા જુદીજુદી હોય છે. પીઠના એક ચોરસ ઇંચ જેટલા ભાગમાં ૪૦૦ની, જ્યારે હથેળીના તેટલા ભાગમાં ૨૫૦૦ની સંખ્યામાં તે આવેલાં છે.

આખા કરતાં ભરડેલા ઘણા ઢોરને ખવડાવવાથી તે દૂધ વધારે આપે છે. (૨૫)

વર્ષામાં ખાટો, શરદમાં ખારો, હેમંતમાં મધુર, શિશિરમાં કડવો, વસંતમાં તૂરો અને ગ્રીષ્મમાં તીખો રસ આરોગ્ય માટે હિતાવહ છે.

સાચી ચાંદી મીઠાના તેજાબમાં નાખવાથી ઓગળશે નહીં.

જાડું ઘટ્ટ કાપડ સીવતાં પહેલાં તેના પર સાબુ લગાડવાથી સિલાઈ સરળ થશે, સોય પણ ભાંગશે નહિ.

દક્ષિણ આફ્રિકામાં એક એવું ઝાડ થાય છે કે તેની નજીક જતાં જ છીંકો આવવા માંડે છે.

આફ્રિકાના કૉંગો પ્રદેશમાં થતી એક જાતની ગરોળીની લંબાઇ ત્રણ ફૂટ જેટલી હોય છે.

ઉનાળાના દિવસો આવ્યા; સાથે અળાઈઓ પણ આવવાની. થોડા ઉપાય; કેરીનો રસ શરીરે ચોપડી નહાવાથી મટશે; કેરીની ગોટલી વાટી શરીરે ચોળી નહાવું કે પાણીમાં સારું રસદાર લીંબુ નીચોવી નહાવું; દૂધની મલાઈમાં સુખડ ને ઝિંક ઑક્સાઈડ મેળવીને ચોળવાથી અળાઈઓ તથા તેથી થતાં ગરમીનાં ગુમડાં (ધામીઆ) પણ મટશે. (૨૫)

એક વસ્તુ ઉપર એકનિષ્ઠાથી કામ કરતાં બધી જ વસ્તુઓ કરવાની તાકાત મળે છે.
ગાંધીજી

અમેરિકામાં બિદ્સી નામની એક મરઘીએ ૮।। ઇંચ લાંબું ને ૭।। ઇંચ પહોળું ઈંડું મૂકયું હતું.

ઘસાઇ ગએલી રેકર્ડોને ઉકાળેલા પાણીમાં પલાળવાથી તે નરમ બની જતાં તેને વાસણોના ધાર્યા ઘાટ આપી શકાશે.

વાળ માટે સવારના ઊગતા સૂર્યનો તડકો અત્યંત ગુણકારી છે.

લીંબુના રસમાં અતિબારીક સિંધાલૂણ મેળવીને તે વડે ઘસવાથી હાથીદાંતની બનાવેલી વસ્તુઓ ચમક પકડશે.

માસ્તર—રમણ, જેમાં દૂધ હોય એવી પાંચ વસ્તુનાં નામ બોલ જોઈએ.
રમણ—દૂધપાક, બાસુદી, આઈસક્રીમ, સ્પેશ્યલ ચાહ અને ગાય.



કલાકણિકા: અત્યંત બારીક નકસીકામવાળી નેપાળની ઝારી જેના પર ત્યાંની પરંપરાગત વિશિષ્ટશોભનાકૃતિઓ નોંધપાત્ર છે.

પત્રમિત્ર વિભાગ (અનુસંધાન પૃષ્ઠ ૧૬૨થી)

Navroji Lane, Ghatkopar, Bombay-39, Stamps, Reading, Music; (204) Satish C. Doshi—15, C/o C.A. Doshi, Mithapur (Saur.), Drawing, Coins, Swimming, Cricket, Reading; (205) Isa Osman Jethawa—18, Near Post Office, Manavadar (Saur.), Drawing, Literature, Games, Travelling; (206) Vohra Mohemmed Sidiq M. Usman—19, C/o Bharwadi Road, Vor-wad, Viramgam (Ahmedabad Dist.), Cricket, Volly Ball, Cinema, Stamps, Photography; (207) Haresh J. Nimavat—19, Station Plot; Manavadar (Saur.), Stamps, Literature, Painting; (208) Jayant J. Shah—19, Near Ganesh Bari, Vankaner (Saur.), Stamps, Literature, Sports, First Day Covers; (209) Manilal Ratanshi Nagda—16, 23/A, Chinch Bunder Road, Bombay-9 Cricket, Playing Cards, Cinema; (210) Harshad V. Vyas—20, Sanghvi House, Opp. Alfred High School, Rajkot (Saur.), Reading, Writing, Literature, Languages; (211) Dahyabhai Maganlal Jani-17, Samoi (Dist. Mehsana, N. Guj.), Stamps, Travelling; (212) Manilal T. Thakkar—17, C/o Narbheram Thakarsibhai Bazaar, Harij (N. G.), Reading, Stamps, Photography, Swimming; (213) Babulal Chimanlal Hakked—15, Sanghvi Vas, Juna Deesa (N. G.), Travelling, Cycling, Painting; (214) Rameshkumar Himmatlal Shukla—17, 1333/B Nani Hamam's Pole, Road No. 5, Ahmedabad, Art, Story-Writing; (215) Rameshchandra M. Ringwala—21, Mandvi's Pole, Near Vinchhi's Pole, Ahmedabad, Serving the Poor, Correspondence; (216) Harshadrai J. Bhatt—18, Ashapura Road, Bhuj (Kutch), Photography, Literature, Picnics, Stamps; (217) Sureshchandra P. Bhatt—16, Modh Falia, Bhuj (Kutch), Stamps, Photography, Coins, Swimming; (218) Jayantilal Savji Jadia-14, Nani Bazaar, Near Jain Upasara, Gondal (Saur.), Cycling, Swimming, Cinema, Drawing, Music; (219) Rasiklal Jadia—18, Add. as above, Travelling, Languages, Cinema, Novels, Stamps; (220) Narhari N. Dave-28, C/o May Fair Cold Drink House, Three Gates, Ahmedabad, Drama: Writing Playing & Directing, Short Story Writing, Travelling; (221) Kantilal Jivanyatri—30, C/o Charutar Vidya Mandal, Vallabha Vidyanagar, Via Anand (Charotar Guj.), Cultural & Religious Articles, Women Folk Songs; (222) Mahendrasinhji B. Darbar—22, Dangarwa (N.G.), Stamps, Swimming, Cricket, Photography, Drama; (223) Ramanlal Bhailal Thakkar—20, Mahi Reva Lohana Boarding House, Baroda, Music, Reading, Drawing; (224) Aruna N. Patel—14, C/o N. O. Patel, Municipal Block No. 3, Room No. 4, Shahpur, Ahmedabad, Swimming, Knitting, Sewing, Cycling, Languages, Travelling.

આ મહિને .... અને આ જ ઘડીએ ઉપયોગનું પુસ્તક

આ મહિને એટલા માટે કે થોડા જ દિવસ બાદ એસ. એસ. સી.ની પરીક્ષાનું પરિણામ બહાર પડનારું છે, તે વખતે તમારે (તમારી કે તમારા આપ્તજનની) ભાવિ કારકિર્દી માટે આગળ કયો અભ્યાસ કરવો તેનો નિર્ણય તૈયાર રાખવાનો છે; અને **આ ઘડીએ** એટલા માટે કે એ નિર્ણય અગાઉથી કરી રાખવા માટે તમારે અત્યારથી જ તેની વિચારણા કરવા માંડવી જોઈએ. નહિતર પછી છેલ્લી ઘડીએ હાંફળાફાંફળા થઈ જશો, કે ઈજનેરીમાં ઊંચા માર્ક જોઈએ છે, દાક્તરીમાં ઍડ્‌મિશન નથી મળતું, કૃષિવિદ્યા ને જંગલવિદ્યા કરાવતાં સ્થાનો દૂર છે, સ્થાપત્યવિદ્યાને માટેનું ફૉર્મ ભરવાનો સમય તો ક્યારનો વીતી ગયો વગેરે. એ છેલ્લી ઘડીની ગભરામણ ટાળવી હોય તો તમારે આજથી એની ચોમેરની તુલનાપૂર્વક વિચારણા કરવી જોઈએ, અને એ વિચારણામાં માર્ગદર્શક બને એવું આ એક જ પુસ્તક ગુજરાતી ભાષામાં બહાર પડ્યું છે: 'મૅટ્રિક પછીનું માર્ગદર્શન'. અને એ **એટલું તો લોકપ્રિય થયું છે કે આજ સુધીમાં એની ત્રણ આવૃત્તિ કાઢવી પડી છે!** એમાં મૅટ્રિક પાસ થયા બાદ લઈ શકાતા પ્રત્યેક અભ્યાસક્રમનું મહત્ત્વ, તેની ઉપયોગિતા, વિગતો, તે માટેની જરૂરી તૈયારી, ખર્ચના અંદાજ વગેરે માહિતી તો આપી જ છે; પણ તે ઉપરાંત પરદેશી શિક્ષણક્રમો તથા તેની સંસ્થાઓ, હિંદમાંના દ્રવ્યોપાર્જનના માર્ગો, ગરીબ વિદ્યાર્થીનો પ્રશ્ન આદિ ઘણા વિષયોની આલોચના કરવામાં આવી છે; એટલું જ નહિ પણ મૅટ્રિકથી ઓછું ભણેલાઓ તથા સ્ત્રીઓ માટે પણ ભાવિ કારકિર્દી વિષેનાં સૂચનો છે. બધાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને તેમનાં ચિંતાતુર માબાપોનો જ માત્ર નહિ, પણ કેટલાક હેડમાસ્તરો અને શાળાના અધિકારીઓને માટે પણ હાથવગી માહિતી આપતું એ ઉપયોગી પુસ્તક છે. કિંમત માત્ર આઠ આના: પોસ્ટેજ સાથે નવ આનાનો મની ઑર્ડર કરવો. ટિકિટો ટપાલમાં ગેરવલ્લે જવાનો ભય છે, અને વી. પી. થતાં નથી.

હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક તથા 'રૂપમ્'ના તંત્રી, વિખ્યાત કલાવિવેચક **શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી**એ વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલા મૂળ બંગાળી ગ્રંથનો સંખ્યાબંધ દૃષ્ટાંતચિત્રોથી ખીચોખીચ ભરેલો અનુવાદ

શિલ્પપરિચય: કિંમત રૂપિયા ત્રણ. (પોસ્ટેજ-પૅકિંગ બાર આના)

લખો: કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ